

# ગુણાતીત જ્યોત

જાગ્રત દેહ સ્વરૂપમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.



વર્ષ ૫૫, અંક : ૧૨, તા.૨૧મી ડિસેમ્બર, ૨૦૨૫, સંવત – ૨૦૮૨ પોષ સુદ – ૧, રવિવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦

## તા.૨૮.૧૧.૨૦૨૫ – ગુરુહરિ પપ્પાજીમહારાજના ‘શાશ્વત સંકલ્પ પર્વ’ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ ‘પગલે પગલે પામું પપ્પાજીને...’









## તા.૨૯.૧૧.૨૦૨૫ – પ.પૂ.શોભનાબેનના જીવનદર્શન પર સાંસ્કૃતિક કાર્યક્રમ 'દિવ્ય જીવનનો સંદેશ'...















તા.૩૦.૧૧.૨૦૨૫
૭૫મો પ્રાગટ્યદિન
‘અભીપ્સા પર્વ’ની



પ.પૂ.શોભનાબેનનો
હીરક સ્વરૂપદર્શન દિન
ઉજવણી...








દીપ પ્રાગટ્ય અને સ્વાગત વધામણાં...

















સ્વાગતવંદના...
















ભાવવંદના ...































માહાત્મ્યવંદના અને અનાવરણ ...



'અભીપ્સા પર્વ' નિમિત્તે પ્રદર્શનીની સ્મૃતિ ઝલક...

## તા.૭.૧૨.૨૦૨૫ – ગુરુહરિ પપ્પાજી સ્વરૂપ પ.પૂ.જસુબેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...











સ્વાગત અને ભાવવંદના...





ગરિમાવંદના અને ભાવાર્પણ ...



# ગુણાતીત જ્યોત

જાણ્યરૂપ દેહ સ્વરૂપમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.





સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજીમહારાજ    પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

## સ્વાધ્યાય સંદેશ

**પંચામૃત : 3** આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ સૌમાં, સૌ પળે, સર્વ પ્રસંગે રાખવી. – ગુરુહરિ પપ્પાજીમહારાજ



### શ્રીજી રસામૃત

**'...પરમેશ્વરનું ભજન-સ્મરણ કરતાં થકાં જેને સહેજે સત્સંગ થાય તેને કરાવીએ છીએ પણ કોઈ વાતનો અંતરમાં આગ્રહ નથી. આગ્રહ તો કેવળ ભગવાનના ભજનનો, સત્સંગ રાખ્યાનો છે...'** **(વચ.વડતાલ ૧૫)**



### શ્રી અક્ષર બ્રહ્મરસ

**...દેહ હોય તે દોષ તો હોય, પણ ભગવાન માંહિ પેઠા છે તે દેહ પડશે પણ ભગવાન માંહિથી નીકળે તેવા નથી.**

**(સ્વામીની વાતુ પ્રક.૪ની ૫૫મી વાત)**



### દિવ્યામૃત

**આપણી દરેક પળ સનાતન બનાવવી છે. તે માટે ગુણાતીત સત્પુરુષની સ્મૃતિ ને ચિંતવન રાખી, તેમની જ પ્રસન્નતા પ્રાપ્ત કરવાના હેતુથી જ વિચાર, વાણી, વર્તન કરીશું તો પ્રત્યેક પળ સનાતન બનશે.** **(તા.૨૨.૧.૧૯૯૩)**

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| સ્વાધ્યાય સંદેશ... | ૧૧ | શ્રી ગુણાતીતાનંદસ્વામીજીના દીક્ષાદિને... | ૧૬ |
| ગુરુહરિ પપ્પાજીમહારાજની પરાવાણી... | ૧૨ | શ્રી શાસ્ત્રીજીમહારાજના પ્રાગટ્યદિને... | ૧૭ |
| વચનામૃત ગ.અં.૨૬નું નિરૂપણ... | ૧૩ | સત્સંગ સમાચાર... | ૧૮ થી... |
| શ્રી સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્યદિને... | ૧૫ | | |



## પપ્પાજીની પરાવાણી...

કોઈનાય વિષે ઓરોભાવ કે મનુષ્યભાવનો વિચાર આવે, તે ગ્રહણ કરતો નથી પણ તેને વ્યાપે છે, તેવો વિચાર માત્ર ઉઠે કે તરત તેને ટાળી દઈએ.

સમજણ ને બુદ્ધિપ્રધાન છે એને બધાનું દેખાય જ. એટલે જો મોળો વિચાર આવે તો ટાળી જ દેવો એ ભગવત સ્વરૂપ સંતનું લક્ષણ છે. આપણે જીવંત છીએ. એટલે તે નોંધીએ. અંતર્દ્રષ્ટિ, બ્રાહ્મીદ્રષ્ટિનું નિરંતર અનુસંધાન રાખવું. અંતર્દ્રષ્ટિ કહો, બ્રાહ્મીદ્રષ્ટિ કહો, બ્રહ્મનું દર્શન કહો જે કહેવું હોય તે કહો. એનું સાક્ષાત દર્શન છે. એનું મને કોઈ લક્ષણ કહી શકશો? હા. કોઈપણ અમહિમાનો વિચાર આવે તો આપણે આપણા પર લગાડીએ. હું તો જોગીનો પ્રકાશ છું. તો મને આ વિચાર કેમ આવ્યો ? તે નોંધીએ. આપણે અત્યાર સુધી શું કરતા કે, ગુરુને કહી દેતાં કે આમ છે ને તેમ છે. આમ કર્યું ને તેમ કર્યું. એવી માથાકૂટો કરતાં તે મૂકી દઈએ. તો ભગવાન આપણી રક્ષા કરશે.


કોઈ આપણને પૂછે તે પરીક્ષા માટેય પૂછતો હોય, જીજ્ઞાસાથી પણ પૂછતાં હોય. આપણી ગ્રાહ્ય દ્રષ્ટિ હશે તો તે દિવ્ય બુદ્ધિવાળાને, નિર્દોષબુદ્ધિવાળાને ખબર પડશે જ કે તે જાણવા પૂછે છે, કટાક્ષમાં પૂછે છે. પણ જો આપણે બ્રાહ્મી દ્રષ્ટિ રાખીશું તો આપણને તરત જ રીફ્લેકશન આવી જશે. ને આવી ખબર પડે તો જ પછી ભગવાન જે સૂઝાડે તેમ તેનો દોષ હોય તો સ્પષ્ટ કહેવું જ. આપણે પંચવર્તમાન તો રાખવા જ. ભગવાનની ભક્તિરૂપ ન હોય તો મારે શું કામ કરવું છે? સામાને આપણે કહ્યું પછી તે માને છે કે નહીં તેની ક્યારેય તપાસ ના કરવી. પ્રભુએ પ્રેરણા કરી ને આપણે કહી દીધું. હવે એ જાણે ને ભગવાન જાણે. એના એવા સ્વભાવ, પ્રકૃતિ હોય તે કંઈ તરત થોડો વર્તે ?

એક મહાત્મા હતા. તેણે એક વેશ્યાને શિખામણ આપી. પછી તે શું કરે છે તે પથરા મૂકીને ગણવા મંડ્યા. એમ આપણે કોઈના દોષ, સ્વભાવ ગણવા ના મંડીએ. આપણે ભલા ને આપણા ભગવાન ભલા. મૂર્તિમાં જતાં રહીએ. નીરવ, પ્રશાંત અવસ્થામાં જતા રહી, મહારાજની બીજી સેવા માટે તૈયાર રહીએ. આવી જાતનું જે અખંડ જીવન જીવે તે પરમ ભાગવત સંત કહેવાય.

આપણે બધાએ પ્રભુના ધારક થવું જ છે. આવી તક, આવો જોગ મળ્યો છે તે ફરી મળશે કે કેમ તેમ માની જન્મ સફળ કરી લઈએ. આપણે વિચાર, વાણી, વર્તનમાં ગરણી મૂકીએ. મનને પ્રભુથી અખંડ ભર્યું જ રાખવું છે. તેને સ્મૃતિરૂપી, કથાવાર્તારૂપી, ધૂન, ભજનરૂપી ખોરાક આપ્યા જ કરવો. મનથી બચવા તેને જપયજ્ઞ, સુહૃદભાવના વિચારથી, ક્રિયાયોગથી ભર્યું રાખીએ. જુઓ સત્યકામ જાબાલીએ મનનો વિશ્વાસ ન કર્યો. ગુરુવચને ગાય લઈને જંગલમાં ગયો. ૧ ની ૧૦૦ ગાય થાય ત્યારે પાછું આવવાનું. તો હા ભલે. All right. ને તેમ કર્યું તો બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. મનને જીતવા માટે ગુરુ જેમ કહે તેમ અંતર્યામી માનીને કર્યા કરવું તો મન જીતાઈ જશે. (તા.૧૫.૧૨.૧૯૮૫)

**પ.પૂ.દીદીએ ૨૦૨૫ માટે આપેલો આદેશ...**

**લક્ષ : સંકલ્પ સિદ્ધ કરીએ પપ્પાજીનો... વચ.ગ.છે.૩૫માંથી વચ.ગ.છે.૨૬માં જઈએ...**






## વચનામૃત ગ.અં.૨૭ : મન–ઈંદ્રિયોને દાબીને વર્તે તેવા સંતનું...

### ગુરુહરિ પપ્પાજીમહારાજે કરેલું નિરૂપણ...

(ગતાંકથી ચાલુ...)

...સાકાર દાખલો કાકાનો, મારો, બાનો, બેનનો, જસુબેનનો, સાહેબનો, હરિપ્રસાદસ્વામીનો છે. એટલે ગૃહસ્થ હોય કે ત્યાગી. મનની વૃત્તિ અખંડ ભગવાનમાં રાખે એ વીજળી જેવા સંતો છે. આપણને જે સ્વરૂપની પ્રાપ્તિ થઈ છે તેમને પુરુષોત્તમ નારાયણનું સ્વરૂપ માનીને તે જેમ કહે તેમ કરી લઈએ.

**'માટે જેને કલ્યાણનો ખપ હોય એવા જે પુરુષ તેને એવા સંતની સેવા કરવી. અને એવા સાધુગુણેયુક્ત જે બાઈ તેની સેવા બાઈને કરવી...'**

વીજળી જેવા સંત છેક પ્રકૃતિપુરુષ સુધીનું તમારું કાંઈ જોતા નથી. એમને પ્રકૃતિ સુધીનું દેખાતું જ નથી.

જોગીમહારાજનો સાકાર દાખલો. આપણે સ્વામીને બધી વાત કરીએ તો તે શાંતિથી સાંભળે. હા... હું... હા... હું... એમ કર્યા કરે. આપણને હેત રહે એટલા હારું. હું શરૂઆતમાં ૧૯૫૨માં બાપા પાસે ગોંડલ ગયો. આપણે મન તો છોકરું બહુ મોટું હોય ને ! તો ૧લી ઑક્ટોબરે પ્રફુલ્લનો જન્મદિવસ હતો. હું તો પ્રફુલ્લને કેડમાં તેડીને સ્વામી પાસે ગયો. મેં કહ્યું, 'સ્વામી ! આજે પ્રફુલ્લનો જન્મદિવસ છે.' 'અહોહો ! આવો. આવો.' એમ બોલીને કહે, 'બસો મહાપૂજા કરાવો.' મને થયું બહુ સારું. સીધી બાપાએ ઠપકારી ઘાલી બસો મહાપૂજા. બાપાને હશે કે અહીં મારા આગળ પ્રફુલ્લ ઉભા કરવા છે ? ઉભો રહે... પછી ત્યારનો દા'ડો રાવ ખાતા મટી ગયા. હું શેનો ઉજવું ? એમ સૂઝ પાડી દીધી.

એટલે જેને જીવનું કલ્યાણ કરવું હોય એને આવા નિર્વાસનિક વીજળી જેવા સંતની સેવા કરી લેવી. આપણે આત્યંતિક કલ્યાણ કરવું છે. નિર્વાસનિક થવું છે. જન્મમરણનો ફેરો ટાળવો છે. તો આવા સત્પુરુષને સેવી લેવા ને તેમની સેવા કરી લેવી. તે જેમ કહે તેમ કરી લેવું, રાજી રહેવું. તો આપણામાં એવા ગુણ આવી જાય. આવા સંતમાં નિર્માની, નિ:સ્વાદી, નિ:સ્નેહી, નિષ્કામી, નિર્લોભી આ પાંચ ગુણ દેખાઈ જશે. એમનું મધ્યબિંદુ પ્રભુ છે તે દેખાઈ જશે.

અત્યારે આ સાહેબ છે તો તેમના સોખડામાં ભાઈ, બાપુજી, બા બધાંય છે એ થોડું તેમનું સેન્ટર છે ? જેટલી આ છોકરાઓમાં આત્મબુદ્ધિ છે, એવી પેલામાં છે ? ઉઘાડે છોગ વિમુખનેય એટલું તો દેખાય કે આનું મધ્યબિંદુ ખસ્યું છે. જોગીએ સોંપેલા મુક્તોમાં પેઠું છે. જોગીબાપા એવા સત્પુરુષ હતા તો સાહેબે પોતાના ભાઈબંધોને માહાત્મ્યેયુક્ત સેવામાં લગાડી દીધા. ને એ બધાય વીજળી જેવા થઈ ગયા. આગળ એવા ગુરુ સમર્થ હતા તો સાહેબમાં આવ્યું ને સાહેબના સંગે

ભાઈબંધોમાં આવ્યું. સાહેબે હેતે કરીને આ બધા પાસે સેવા કરાવી લીધી. એક એક એવા આઠ મોટા સિંહને સાહેબે નાથ્યા. એ સાહેબ કેવા મોટા જબરજસ્ત હશે! એ વાત મહારાજ કહે છે કે એવા સંતની સેવા કરવી.

તેવું જ મહારાજ બીજું પણ કહે છે કે એવા જે સાધુગુણેયુક્ત જે બાઈ તેની સેવા બાઈએ કરવી. આ બા, બેન, જ્યોતિબેન, તારાબેન, હંસાબેન, દેવીબેન, જસુબેન, પદુબેન, મધુબેન, સવિબેન, દયાબેન, શોભનાબેન... કેટલા બધા ઢગલાબંધ વીજળી જેવા સંતો પાકી ગયા. કોઈપણ અપેક્ષા વગર જે વળગ્યું તેનું જગત ખોટું કરી નાખે છે. આ સ્વરૂપો જ તમને આજ્ઞા આપશે. હું તો તમે લાડુ ખાવ, મોજશોખ કરો, બધું કરો એવું કહીશ. પણ કડવી વાત તો આ ગુરુઓ જ કહેશે. ભગવાન ને સાધુ બંને જીવનમાં જોઈએ. ભગવાન મનોરથ પૂરાં કરે. સાચવે. અને સાધુ ટીપણું-ગોલીટો. આપણને બ્રહ્મરૂપ બનાવી દે. આ મહારાજની ડ્યુટી છે. જેને જેને દ્રષ્ટિમાં લીધા છે એને પોતા જેવા કરીને જ મૂકશે. બધા સદ્‌ગુરુઓ મહાપૂજા કરે છે. સંકલ્પ, પ્રાર્થના કરે છે. આપણે સુખે સુખે આગળ જઈએ છીએ તેનું આ કારણ છે. ગુરુઓ મિસાઈલ છોડે છે. હું ય સવાર-સાંજ બે વાર ભજન કરું છું. ૪ વાગે ઉઠીને તમને બધાને સંભારું છું.

એવા સંતની સેવા. તો સેવા એટલે શું ?

સેવા એટલે નિર્દોષ માનવા તે. કર્મે કરીને ગુણ ગાયા કરવા. એમનું અખંડ મનન, ચિંતવન કર્યા કરવું. ગૃહસ્થાશ્રમમાં હો કે ત્યાગાશ્રમમાં. આપણે સ્વધર્મ બજાવતાં બજાવતાં આચારસંહિતા પ્રમાણે મનથી જીવી લઈશું તો પરમ ભાગવત સંત થઈ જઈશું.

આપણા બા-બેન, છૈયા-છોકરાં સાથે જ હતા. પણ તેઓ ભગવાન વિના કોઈનાય નો'તા. છોકરાઓ માને કે બા મારા છે. એ લોકો માને પણ આપણે મનથી ના માનીએ તો વાંધો નહીં. બસ આપણે કોઈપણ કારણે સ્વધર્મ ચૂકીએ નહીં ને અભાવ લઈએ નહીં. અમને ઘરના ઘણું કહેતાં પણ જ્યાં જોગીમહારાજનું કહેણ આવે ત્યારે દોડીને જતા'તા. કાકાજી વેપાર કરે તો બધું સાઈડ પર રાખીને જતા'તા. પછી જે થવાનું હોય તે થાય, પણ ભગવાનના થઈને જીવવું એ હકીકત હતી. એટલે બધા કુટુંબીઓને ખબર પડી જ જાય ને! અત્યારે સત્યુગ ચાલ્યો છે. શરૂઆતમાં જરી એવું હતું. આપણને બાપાએ કૃપા કરીને વીજળી જેવા સંતો આપી દીધા. તેના લક્ષણ પણ બતાવી દીધા.

હવે આવા સંત થવામાં ક્યાં ક્યાં તમને ડખલ આવશે એ પણ મહારાજ કહે છે. મહારાજે પહેલા સત્ય આપી દીધું. પછી એ સત્યમાં ક્યાં ક્યાં તમારે લાલબત્તીઓ છે એ પછી પાછળ બતાવે છે કે વીજળી જેવા સંત થવામાં ક્યાં ક્યાં કઈ વસ્તુ આડી આવે છે એ આમાં કહ્યું છે.

**'પછી શ્રીજીમહારાજને આત્માનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'આ સત્સંગમાં જે વર્તમાનનો પ્રબંધ છે. તેમાં જ્યાં સુધી રહેતો હોય ત્યાં સુધી તો જેવો તેવો હોય તેને પણ પંચવિષયે કરીને બંધન થાય નહીં....'**

ગુણબુદ્ધિવાળા છીએ. સંતને વિષે આત્મબુદ્ધિ નથી થઈ ત્યાં સુધી મહારાજે વર્તમાનમાં દારૂ, માંસ,... એમ ૧૧ નિયમ ગૃહસ્થોને આપ્યા. એ પાળીને સ્વરૂપમાં વળગી રહે તો એ ગૃહસ્થ અક્ષરરૂપ થઈ જાય.

**'પણ કોઈક દેશકાળને યોગે કરીને સત્સંગમાંથી બહાર નિસરી જવાય...'**

ધારો કે ઈંગ્લેન્ડ, અમેરિકામાં જેલમાં પૂરી ઘાલ્યા. ત્યાં નવાય નહીં, ધોવાય નહીં, કશું થાય નહીં. તો પણ પંચવિષય બંધન ન કરી શકે. ત્યાં તો એની રીતે જ આપણે વર્તવું પડે.

**'તે પુરુષ કેવો હોય તેના લક્ષણ કહો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેની બુદ્ધિમાં ધર્માંશ વિશેષપણે વર્તતો હોય...'**

જેને ધર્મ હોય કે મારે પ્રભુની વફાદારીએયુક્ત જ વર્તવાનું છે. ભલે ને આફ્રિકાના રણમાં બેઠો હોય. પણ હું તો બાનો છું, આ બધા બહેનોનો છું. જ્યોતનો છું. મારાથી આમ કેમ થાય ? એવી જાતનું થાય. એવી રીતે ધર્મ વિશેષ વર્તતો હોય. (ક્રમશઃ)



## શ્રી સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્યદિને...

શ્રીજીમહારાજે જીવોના આત્યાંતિક કલ્યાણને અર્થે ૩૧મી ડિસેમ્બરના સ્વામિનારાયણ મહામંત્ર પ્રદાન કર્યો. આ મંત્ર એ મહામંત્ર છે. કારણ શ્રીજીમહારાજે મંત્રપ્રદાન વખતે આશીર્વાદ આપ્યા છે કે, જે શ્રદ્ધાપૂર્વક મંત્રરટણ કરશે તેના સર્વે પાપ બળી જશે. ત્રિવિધ તાપ ટળી જશે. આપણા અંત:શત્રુઓ જીતાઈ જાય તેવી અદ્‌ભુત શક્તિ શ્રીજીમહારાજે આ મંત્રમાં મૂકી છે. આપણા તંત્રના ૫૧ ભૂતમાં કરોડો જન્મોના અસંખ્ય મલિન સંસ્કારોના થરના થર જીવ પર જામ્યા છે. તે સાધનથી શુદ્ધ થાય તેમ નથી. અનંત જન્મોનું એક જન્મમાં શુદ્ધ થાય તેવી આ મંત્રમાં શ્રીજીમહારાજે શક્તિ મૂકી છે. તો આપણે આલોક અને પરલોકના સુખની પ્રાપ્તિ માટે હાલતા-ચાલતા, ખાતા-પીતાં મંત્રજાપ કર્યા જ કરીએ. જેથી આપણું તંત્ર દિવ્ય ને પ્રભુમય બનશે. રાગ-દ્વેષ, મારા-તારાની ભાવના ટળી જશે. સુખ-દુ:ખમાં સમભાવ વર્તશે. પ્રભુ જેમ રાખે તેમાં આનંદ આવશે.

આપણને ગુરુહરિ પપ્પાજીમહારાજનો યોગ મળ્યો. ગુણાતીતભાવમાં વિચરતા પ.પૂ.સોનાબા, પ.પૂ.બેન, પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.તારાબેન, પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ.જસુબેન, પ.પૂ.પદુબેન અને બધા જ ગુરુસ્વરૂપો મળ્યા છે. તેમનામાં શ્રીજીમહારાજ ને પપ્પાજીમહારાજ અખંડ રહ્યા જ છે. આપણે જે જે પ્રાર્થના કરીએ તે સ્વીકારીને આપણા આત્માની રક્ષા થાય તેવા હિતકારી પરિણામો આપે છે. આંતર-બાહ્ય જગતથી પર કરે છે. અંતરનો અંધકાર ટાળીને પ્રભુના પ્રકાશથી તેજોમય બનાવીને સુખિયા કરી રહ્યાં છે. આપણે સદાયના સુખિયા રહેવું હોય તો સતત મંત્રરટણ સાથે ક્રિયા કરવી. કોઈપણ કાર્ય કરીએ તો એક નજર પ્રભુ તરફ રાખવી જ કે, મારા પ્રભુની શું રુચિ છે ? મારે મારા મન, બુદ્ધિથી કોઈ નિર્ણય કરવા નથી. પ્રભુ તમે સૂઝ આપો. આવી પ્રાર્થના સાથે મંત્રરટણ કરીશું તો ગુરુહરિ પપ્પાજીમહારાજ કહે છે તેમ દુ:ખ ક્ષિતિજમાંય શોધ્યું નહીં જડે. પ્રભુના સાંનિધ્યનો આનંદ આનંદ આવ્યા કરશે.

ગુરુહરિ પપ્પાજીમહારાજ હંમેશા કહેતાં કે, આપણને સર્વોપરી પ્રાપ્તિ થઈ ગઈ છે તે કેફ રાખવો. કાળ, કર્મ, માયાના નિયંતા સર્વોપરી પ્રભુ મળ્યા છે. તો તેમને સંભારીએ બીજા-ત્રીજા ઉપાય મૂકીને ભજનનો આશરો રાખીએ તો ગમે તેવા પ્રસંગો હશે તોય આનંદ આવશે. અમને બીમારી આવી, કેસ થયો, બહેનોના કાર્યમાં માયા વિફરેલી પણ ભગવાનનો આશરો રાખી પ્રભુનું સ્મરણ કર્યા કર્યું તો બધું પાર પડી ગયું.

આવા બુદ્ધિ પરના, ભગવાનના દિવ્ય તત્ત્વના અનુભવો સૌને કંઈક કંઈક થયા જ હોય. તે વગોળવા તો આપણો કેફ વધતો જાય ને બળ મળતું જાય. પછી ખાત્રી જ થઈ જશે કે ભગવાનને સંભારીશ એટલે મારી શાંતિ ભેદાયા વગર જે પરિણામ આવશે તેમાં આનંદ આવશે. આપણે ગુરુહરિ પપ્પાજીમહારાજના વચનને શ્રદ્ધાપૂર્વક માનીને પ્રભુનું સાંનિધ્ય માણ્યા કરીએ.



## અ.મૂ.અ.મૂ. શ્રી ગુણાતીતાનંદસ્વામીજીના દીક્ષાદિને...

પોષી પૂનમ : શ્રીજીમહારાજે સ્વામીશ્રીને ડભાણમાં દીક્ષા આપેલી તે મંગલદિન.

શ્રીજીમહારાજે પોતે કહ્યું છે કે, અમે અક્ષરધામ સહિત પૃથ્વી પર પધાર્યા છીએ. ને મૂર્તિમાન એ અક્ષરધામને ભેળા લાવ્યા છીએ. સારંગપુરમાં રાઠોડ ધાધલના ઘરે હુતાશનીનો સમૈયો કર્યો ત્યારે સંતો સાથે શ્રીજીમહારાજ રંગે રમતા રમતા સ્વામીશ્રીને વારે વારે છડી અડાડીને ગાતા કે, સો જોગિયા મેરે જુગો જુગ જીવો જોગિયા... સદ્‌ગુરુ ખેલે વસંત... કોટિ કૃષ્ણ જોડે હાથ...' આવા હોરી ગીત ગાઈને કહ્યું કે, એવા સદ્‌ગુરુ અક્ષરબ્રહ્મ આ શ્રી ગુણાતીતાનંદસ્વામી છે.

શ્રીજીમહારાજને વિશે એકાંતિક ધર્મમાં સ્થિતિ પામેલા
સત્વ, રજ, તમ એ ત્રણેય ગુણથી પર રહેનાર
શ્રીજીમહારાજને પોતાના હૃદયને વિશે જોઈ રહેનાર
ઉત્તમ વિષયોમાં વડવાનળ અગ્નિ પેઠે નિર્લેપ રહેનાર
સ્વામીશ્રીને કોટિ કોટિ વંદન.

સ્વામીશ્રીએ શ્રીજીમહારાજનું સર્વોપરી સ્વરૂપ ઓળખીને જે વાતો કરી છે તે મન, ઈંદ્રિયો અને અંત:કરણની ત્રુટિઓ ટળી જાય તેવી છે. સ્વામીની વાતું વાંચીએ તો પાને પાને શ્રીજીમહારાજના સર્વોપરીપણાનું દર્શન થાય છે. આ વાતુમાં ઉપાસનાની, ભગવાન અને સંત મહિમાની, સંત સમાગમની, સુહૃદભાવની, નિષ્ઠાની, આજ્ઞાના મહત્વની, ત્રણ દેહથી નોખા પડીને ભજન કરવાની, દાસત્વભાવની, નિર્દોષબુદ્ધિની, સર્વદેશીય સમજણની ધારદાર વાતો દ્વારા કલ્યાણનો રાહ બતાવી દીધો છે. ને સ્વામીશ્રી પ્રકરણ ૩જાની ૬૬મી વાતમાં કહે છે કે, ભગવાનના સ્વરૂપ સંબંધી જે જ્ઞાન છે તે તો કોઈ દિવસ નાશ થાય એવું નથી. ને તે જઠરાગ્નિએ કરીને કે વીજળીના અગ્નિએ કરીને કે મહાતેજના અગ્નિએ કરીને પણ આ જ્ઞાન નાશ થાય તેવું નથી. આ જ્ઞાન તો અખંડ ને અવિનાશી છે. તે જેમ પુરુષોત્તમ અક્ષરધામ ને અક્ષરમુક્તો સનાતન છે તેમ આ જ્ઞાન પણ સનાતન છે.

સ્વામીશ્રી પ્ર.૨જા ની ૧૬૨મી વાતમાં કહે છે કે, જ્ઞાન વિના તો સુખ ન થાય ને ભક્તિ કરે તેને મોટા હોય તે હાર આપે કે થાળ આપે પણ તેણે કરીને સંકલ્પ ઓછા ના થાય...

સ્વામીશ્રી પ્ર.૭માની ૨૩૬મી વાતમાં કહે છે કે, જાગાભક્તએ પ્રશ્ન પૂછયો જે શૂળીયે ચડાવ્યા હોય તો પણ કેમ સમજે તો સંકલ્પ ન થાય જે ભગવાન મૂકાવે તો ઠીક એવી શી સમજણ છે ? ત્યારે ઉત્તર કર્યો જે એ તો સર્વ કર્તા ભગવાનને જાણે જે ભગવાન વિના બીજા કોઈનું કર્યું થાતું નથી. એમ સમજે તેને સંકલ્પ ના થાય ને ધીરજ રહે.

તો આવી તીક્ષ્ણ વાતો, સર્વ સંકલ્પો પડતા મૂકીને, એકાગ્ર ચિત્તે નિત્યે સમય કાઢીને પાંચ વાતુ વાંચીશું તો તેમાંથી આપણા પ્રશ્નોના ઉકેલ મળતા રહેશે. આપણો અક્ષરદેહ બંધાઈ જશે. તેવી આ કલ્યાણકારી વાતુ છે. જે આપણા સૌના જીવનની શાંતિમાં વૃદ્ધિ કરે તેવી સ્વામીશ્રીના ચરણે પ્રાર્થના.



## શ્રી શાસ્ત્રીમહારાજના પ્રાગટ્યદિને...

વસંતપંચમીના મંગલદિને શ્રી શાસ્ત્રીજીમહારાજનું આ ધરાએ અવતરણ થયું. જન્મે જ યુગપુરુષની આગવી પ્રતિભા ધરાવતા સ્વામીશ્રીનું પ્રાગટ્ય અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંતને સ્થાપિત કરી, તેના પ્રવર્તન માટે જ હતું. સ્વામીશ્રીના રોમરોમમાં શ્રીજીમહારાજ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમની ઉપાસનાના રહસ્યો પ્રગટેલા હતા. તો આ ઉપાસના ને સિદ્ધાંતને મૂર્તિમાન કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો. કોઈપણ જાતની પરવા વગર એકલા હાથે મુઠ્ઠીભર સંતો સાથે આ કાર્ય માટે ઝઝૂમ્યાં.

શ્રી ગુણાતીતાનંદસ્વામીજી અક્ષરબ્રહ્મ છે અને શ્રી સહજાનંદસ્વામીજી પરબ્રહ્મ પુરુષોત્તમ છે. અક્ષરબ્રહ્મ પોતાને રહેવાનું ધામ છે એ શ્રી હરિના સ્વમુખના વચન હતા. છતાંય તેમની હયાતીમાં આ વાત સત્સંગમાં પ્રવર્તી ન હતી. તે માટે સ્વામીશ્રીએ દ્રઢતા કરી ને મધ્ય મંદિરે શ્રી અક્ષરપુરુષોત્તમ બિરાજે ને અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના ગ્રંથની રચના કરીને શ્રી હરિના સિદ્ધાંતને અમર બનાવવાનું કાર્ય હાથ ધર્યું.

સૌ પ્રથમ વઢવાણમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવીને અક્ષરપુરુષોત્તમની ઉપાસનાના પાયા પાતાળે નાંખી દીધા. સાથે સાથે સમય જતાં અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના ગ્રંથની રચના પણ કરાવી દીધી.

પોતે કથાવાર્તા દ્વારા સ્પષ્ટ સમજ આપી છે કે, પુરુષોત્તમ ભગવાનને વિશે કલ્યાણકારી ગુણો રહ્યાં છે એવા ભગવાનની મૂર્તિને વિશે જેને નિષ્ઠા દ્રઢ થાય તેના હૃદયમાં ભગવાનનું સ્વરૂપ રહે. આ વાત એવા સાધર્મ્યપણાને પામેલા સત્પુરુષ થકી સમજાય. સ્વામિનારાયણ એટલે સ્વામી અને નારાયણ. અક્ષર અને પુરુષોત્તમ. અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા વિના પુરુષોત્તમનારાયણનો નિર્વિકલ્પ નિશ્ચય થાય નહીં. આવી વાતો ગુણાતીત સ્વરૂપોના યોગથી જ સમજાય છે.

ભગવાન અને સંતને ઓળખી તેમને વિશે અચલ નિષ્ઠા રાખી ભજન કરવું. સિદ્ધાંત સમજીને અમલમાં મૂકીએ તો છતી દેહે મોક્ષ છે જ. આપણને જે કાંઈ પ્રાપ્ત થયું છે તે બંધનરૂપ ના થાય અને ધીરજ રાખીને પ્રભુનું ભજન કરવાથી બ્રહ્મમય દેહ બંધાય.

આ જીવને અનાદિ કાળથી વાસના વળગી છે. પણ પ્રત્યક્ષ મળ્યા છે તેમની સ્મૃતિસહિત ભજન કરવાથી જીવ તત્કાળ બળને પામી જાય ને વાસનામુક્ત બની જવાય. જ્યાં સુધી ગુણના ભાવથી રહિત ના થઈએ ત્યાં સુધી જન્મમરણ છે જ. ગુણાતીત એવા સંતના યોગથી ગુણાતીતભાવને પમાય ને જન્મમરણ ટળે. સત્પુરુષનો આશરો રાખીને તે કહે તેમ કરી લઈએ તો બ્રહ્મરૂપ થઈ જવાય ને પરબ્રહ્મની ઉપાસના કરી શકાય. જ્યારે સત્પુરુષની આજ્ઞા વિરૂધ્ધ કરીએ ત્યારે જ ઉપાધિ આવે છે ને દેશકાળ આવે છે. માટે આજ્ઞામાં ટુક ટુક વર્તવું ને પંચ વર્તમાનમાં ફેર ના પડવા દેવો. સર્વોપરી સાક્ષાત્ પુરુષોત્તમનારાયણની તત્વે સહિત શુદ્ધ ઉપાસના તે જ કલ્યાણ માટે સિદ્ધાંત વાત છે. આવી નિષ્ઠાની વાતો કરી સિદ્ધાંત સમજાવી એક સનાતન કાર્ય કર્યું છે એવા શ્રી શાસ્ત્રીજીમહારજને કોટિ કોટિ વંદન છે.

## સત્સંગ સમાચાર

## તા.૧૫–૧૬ નવેમ્બર ૨૦૨૫ : પ.પૂ.દયાબેનના ૮૦મા પ્રાગટ્યદિન અને હીરક સ્વરૂપદર્શનદિન 'પરમ સંનિધિ પર્વ'ની ઉજવણી...

### તા.૧૫.૧૧.૨૦૨૫ : સાંસ્કૃતિક કાર્યક્રમ 'બ્રાહ્મીશક્તિનો ચમત્કાર'

ઉત્સવોની મઝધાર વચ્ચે પ.પૂ.દયાબેનનો પરમ સંનિધિ પર્વ આવી ગયો. જેમાં ગુરુહરિ પપ્પાજીમહારાજનું યુગકાર્ય સ્વયં એના જ નિયંત્રણ નીચે સરળતાથી ચાલી રહેલું. બે વર્ષમાં એક વચન આપેલું કે હરેક પ્રસંગે પ્રભુને Thanks અને Oh yes કહી એમનું બળ લેવા સ્વભજન કરી ઉજવવો છે. ને તે માટે પ.પૂ.દયાબેને અંતર ચોખ્ખુ કરવા રોજનીશી લખાવી બધું બ્રહ્માગ્નિમાં બાળી દેવા સંકલ્પ સાથે ભજન કરી અંતર ખાલી કર્યું અને બળ ભરી દીધું. સૌ સૌની શક્તિએ વચન પાળી રહ્યાં અને સંપ, સુહૃદભાવ, એકતાના સૂત્રે હૃદયની ભાવનાને લોગોમાં વ્યક્ત કરતા ગુરુહરિ પપ્પાજીમહારાજના ચરણાર્વિંદ સમા સ્વરૂપદર્શન કરાવતા ૬૦ વર્ષ અને ૮૦મા પ્રાગટ્યનો આંક શુભ સ્મૃતિ સ્વસ્તિક ચિન્હ, પ્રભુ ચરણાર્વિંદ અને દાસત્વભક્તિનો તારો આ ત્રણ ચિન્હોના પરિણામ રૂપે પ.પૂ.દયાબેન જંગમમંદિર બની રહ્યા. ને પ્રભુનો પ્રકાશ ફેલાવી રહ્યા છે. સાથે આમંત્રણ આપતા યુગપુરુષ પપ્પાજીના કાર્યસ્વરૂપ પ.પૂ.દયાબેનની ગુણાતીતભાવ પામ્યાની ગરિમામાં ગુણાતીત સ્વરૂપોના જીવનમાંથી આદર્શરૂપ ગુણોને ધાર્યા તે ગુણોના ગુણવારસ બનવાની પ્રાર્થના કરી આ ઉત્સવને જીવનમાં ઉતારવાનો યત્ન કર્યો જે ઘડી આવી પહોંચી તા.૧૫, ૧૬ નવેમ્બર ૨૦૨૫.

તો ચાલો, તા.૧૫.૧૧.૨૦૨૫, સાંજે ૪:૩૦ના શરૂ થયેલા ઉત્સવની ક્ષણોને ટૂંકમાં માણીએ...

પપ્પાજી હોલમાં આજે સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળવા અક્ષરમુક્તોની હાશ લેવા, સ્વરૂપોના આશિષ લેવા કલાકારો તત્પર હતા. સૌ પ્રથમ સૌ સ્વરૂપો, મુક્તો, હરિભક્તોને થેંક્સ કહેતા પ.પૂ.દયાબેને અને પૂ.પરાગીબેને ગુરુહરિ પપ્પાજીમહારાજને હાર અર્પણ કર્યો. અને સર્વ કલાકારો વતી સૌ સ્વરૂપોને પુષ્પગુચ્છ અર્પણ કર્યા. 'બ્રાહ્મીશક્તિનો ચમત્કાર' એ સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ.પૂ.દયાબેનનું જીવનદર્શન રજૂ કરી ગુરુહરિ પપ્પાજીમહારાજ કાળ, કર્મ, માયા, પ્રકૃતિ, સ્વભાવ જેવા નથી પણ કલ્યાણકારી મૂર્તિ છે એ સાબિત થયું તે વચનામૃત ગ. પ્ર.૬૨ની શ્રીજીમહારાજની પરાવાણી પ્રત્યક્ષ કરી કે અમે તો તેવા નથી પણ અમને આવા માને તે પણ એવા ગુણ પામે છે. અમે નિર્બંધ છીએ તેવા તે પણ નિર્બંધ થાય છે. તે માહાત્મ્ય ગુરુહરિ પપ્પાજીમહારાજના યુગકાર્યમાં પ્રસર્યું છે. તેનું દર્શન થયું. એ આનંદભરતીના મોજાએ સૌ ભીંજાયા અને અંતમાં ગુરુ ગોવિંદ પધારો... આનંદલહેરીના સ્વાગત ઝીલો... ગાતા પપ્પાજીસ્વરૂપ પ.પૂ.દીદી અને પપ્પાજી સ્વરૂપ પ.પૂ.દયાબેનને કલાકારો વતી સાગર ચિન્હોના હાર અર્પણ કરી આશિષ લીધાં.

પ.પૂ.દીદીએ કહ્યું કે આપણે બધા પણ એક બ્રાહ્મીશક્તિનો ચમત્કાર જ છીએ. બધું જ કાર્ય એ કરી રહ્યાં છે. દયાબેને જૈનધર્મમાંથી સ્વામિનારાયણની પ્રત્યક્ષની નિષ્ઠા દ્રઢ કરી. દરેક પ્રસંગોએ પ્રાર્થના કરી અદ્‌ભુત સેવન કર્યું. તેવો અદ્‌ભુત કાર્યક્રમ થયો. હવે આનો આનંદ સૌ હૈયામાં સંભારી રાખજો અને હવે આ વર્ષ આપણે ભગવાનના થઈને ભગવાનમાં રહીને ભગવાનને પહોંચે એવું જીવન જીવી લેવું છે.

ત્યાર બાદ દયાબેને સૌને ધન્યવાદ દીધા ને કહ્યું કે તારાબેન કહેતા કે પપ્પાજી દેખાય છે માણસ જેવા પણ માણસ નથી. આપણામાં પરિવર્તન કર્યું. તેને માટે આ સ્થાન છે. મનુષ્યદેહ મળ્યો તે પપ્પાજી, સ્વરૂપોના બળે સાર્થક કરી રહ્યા છે. દીદી, તમે બહુ જ રાજી થજો ને આ જન્મે જ બધા પૂરું કરી લે તેવા આશિષ આપજો.

સભાના અંતે સૌ 'બ્રાહ્મીશક્તિનો ચમત્કાર' ગુંજતા જ રહ્યાં કે... ગુરુહરિ પપ્પાજીમહારાજ કેવી કલ્યાણકારી મૂર્તિ છે ! સૌની આંખોમાં આનંદાશ્રુ હતાં જે કૃપાસાગર પ્રભુના ચરણાર્વિંદને પખાળતા જ રહ્યાં.

## તા.૧૬.૧૧.૨૦૨૫ : પ.પૂ.દયાબેનના 'પરમ સંનિધિ પર્વ'ની મુખ્ય સભા

પ્રભુકૃપા તીર્થધામના સુશોભનમાં આજે પ.પૂ.દયાબેનના પરમ સંનિધિ પર્વમાં કલ્યાણમય શુભ મંગલ સ્વસ્તિકનું પ્રતીક પુષ્પસમ કોમળ ભાવોની પ્રાર્થના સાથે શોભી રહ્યું હતું. ત્યાંથી પ્રસરતા કૃપાઆશિષ લઈ સવારે ૯:૩૦ વાગ્યે પપ્પાજી હોલના પ્રવેશદ્વારથી સ્વાગતપથ નજીક પ.પૂ.દીદી, પ.પૂ.દયાબેન પધાર્યા.

ગોંડલમાં જ્યાં ગુણાતીતાનંદસ્વામીના ચરણારવિંદ પધરાવ્યા છે એ અક્ષરદેરીમાં ઈ.સ.૧૯૬૩માં પ.પૂ.દયાબેને સો પ્રદક્ષિણા કરીને આત્મકલ્યાણની ઝંખનાનો સંકલ્પ પૂરો કર્યો ને પોતે સ્વયમ્ અક્ષરદેરી બની ગયાં છે. તેનો આજે ૬૦મો પરમ સંનિધિ પર્વ ઉજવાય છે. એવાં બનાવી દીધા તેવા ગુરુહરિ પપ્પાજીમહારાજના ચરણાર્વિંદનો ઓટો સુશોભનમાં પ્રત્યક્ષ કર્યો હતો. ત્યાં જલદીપ પ્રાગટ્ય વિધિ કરી અને જળરંગી મોતીના હાર પ.પૂ.દીદી અને પ.પૂ.દયાબેનને અર્પણ કર્યા.

સ્વાગત પથ ઉપર આશ્રિત મુક્તોએ વેલવેટની દોરીના રંગબેરંગી ફૂલ ગાલીચા જે હેતના હિલોળે સ્વહસ્તે મઢેલા તેના ઉપર પ્રત્યક્ષ પ્રભુના ચરણાર્વિંદ સમા આ સ્વરૂપો પગલા માંડી, ભક્તોને દર્શન દેતા મંચ પાસે પધાર્યા.

ત્યાર બાદ પૂ.સ્મૃતિબેન દવે રચિત 'ઘણી ઘણી ખમ્મા મારા વહાલા...' ભજન પર નૃત્ય રજૂ થયું. ત્યારબાદ સ્વરૂપોએ આસન ગ્રહણ કર્યા. આવાહ્ન શ્લોક બાદ ગુરુહરિ પપ્પાજીમહારાજ, સ્વરૂપોને બેજ, હાર અર્પણ થયા. વડીલો અને ગુણાતીત પ્રકાશના ભાઈઓને પુષ્પગુચ્છ અર્પણ થયા. વિશેષમાં દયાબેનના પૂર્વાશ્રમના મુક્તો મોતીના હાર લઈને પધાર્યા હતા તેઓએ બહેનોમાં બહેનોએ ને ભાઈઓમાં ભાઈઓએ હાર અર્પણ કર્યા. ત્યાર બાદ બહેનો અને હરિભક્તો તરફથી ભાવાર્પણ થયા.

ઈ.સ.૧૯૯૬માં ભક્તિ ઉત્સવે પપ્પાજી ગ્રુપના યુવકો હતા તે ગ્રુપ આજે ૩૦માં વર્ષમાં પ્રવેશ કરે છે તે સ્મૃતિસહ આ અવસરે ભાવાર્પણ કર્યા.

સભા સંચાલન કરતા પૂ.સ્મૃતિબેન દવેએ પરમ સંનિધિ પર્વની સમજૂતી આપતા કહ્યું કે – વિચાર ઉઠે એ પહેલા, વાણી વહે એ પહેલા, વર્તન થાય એ પહેલા, આપની હાજરી જોવાય, મરજી જોવાય પછી જ વર્તાય એનું નામ **પરમ સંનિધિ પર્વ**. બીજા અર્થમાં અંતર્યામી સર્વજ્ઞ માનીએ તેનું નામ **પરમ સંનિધિ પર્વ**. નિરંતર પ્રભુ ચરણમાં રમતા રહીએ તેનું નામ **પરમ સંનિધિ પર્વ**. આ પળે અને પછી જન્મોજન્મ પ્રભુ અર્થે જીવાય તેવી ભાવના તે જ **પરમ સંનિધિ પર્વ**. તેવી પરમ સંનિધિ માણ્યા જ કરીએ.

આ પ્રાર્થના ભાવ બાદ પૂ.હીનાબેન વ્યાસ રચિત 'આત્મ કલ્યાણી મૂરતિને હો વંદન...' ભજન ગવાયું.

આજના આ પર્વ સાથે ગુરુહરિ પપ્પાજીમહારાજના ૧૧૦મા પ્રાગટ્યને શાશ્વત સંકલ્પ પર્વ તરીકે ઉજવવાના છીએ તો એ સંકલ્પને આપણા તંત્રમાં કાર્યરત કરવા તેમની વચનસ્મૃતિ અનિવાર્ય છે. જેમાં સ્વયં પપ્પાજીએ સાધકો માટે જ જીવનદર્શન લખેલ છે તેમના જીવનને હૃદયમાં કોરી લેવા પ.પૂ.દયાબેને વાર તહેવારે, ગોષ્ટિમાં જાગ્રત કરી જે પરાભક્તિ કરી છે તે ગુરુઋણ સાથે ગુરુહરિના મનોરથ પૂર્ણ કરવાની ભાવના સાથે એક **નાની પુસ્તિકા 'મનન-ચિંતન માટે'નું અનાવરણ પ.પૂ.પદુબેનના હસ્તે પૂ.સ્મૃતિબેન દવેએ કરાવ્યું.**

**ગુરુહરિના જીવનદર્શનનો નટસેલ સમાવતું સ્મૃતિબેન દવે રચિત ભજન 'આ વાતો કદી ન ભૂલાય..' અને પ.પૂ.દયાબેનની પરાવાણીની પેન ડ્રાઈવનું અનાવરણ પ.પૂ.દીદીના હસ્તે પૂ.સુસ્મિબેને કરાવ્યું.**

ત્યારબાદ આશ્રિત ભક્તોએ માહાત્મ્યદર્શન, અનુભવ દર્શન કરાવ્યા. સ્વરૂપોએ આશિષ અર્પણ કર્યા એ પ્રવાહમાં ભીંજાઈએ.

**આશીર્વાદ ગુરુહરિ પપ્પાજીમહારાજ :** અત્યારે આ મોટેરાંમાં ભગવાનના ગુણ આવી ગયા. ગુણાતીતના સાધર્મ્યપણાને પામી ગયાં. જેને જેવા જોઈએ તેવા ગુરુ આપી દીધા. કેટલી જબરજસ્ત કૃપા બાપાએ કરી

દીધી. આ જાતનું પોલીઆત્મિક સેન્ટર બાપાએ બહેનો માટે ખોલ્યું. સદ્‌ગુરુ આપણા માટે સંકલ્પ કરે છે. અહીં આવ્યા છે તેને પોતાના જેવા કરીને મૂકશે. આપણે ખાઈ-પીને આનંદ કર્યા કરવો. મૂર્તિમાં રહ્યા કરો. તેનાથી દેહભાવ જાય છે, બ્રહ્મભાવ ભરાય છે. આવી ને આવી મસ્તીમાં રહ્યા કરીએ. બધાને આનંદ કરતા કરી દે તેવા આશીર્વાદ દયાબેન આપે એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.તારાબેન :** ૧૯૫૨ની સાલમાં દયાબેન કેટલા નાના. ખૂબ લાડમાં ઉછર્યા. જૈન કુટુંબમાં જન્મ્યા. કોઈ હિસાબે એમને આ જોગમાં આવવા મળે જ નહીં. ફાધર ભીંસમાં મૂકાઈ ગયા. સરકારનું સીલ વાગ્યું. તારદેવનો જોગ થયો. તેમને આ સત્સંગ ખૂબ ગમ્યો. દયાબેનને તારદેવ જ મોકલે. તારદેવ આવ્યા તો એમને ખૂબ ગમ્યું કે મને જોઈતું'તું તે અહીં છે. પપ્પાજી મોટા છે એવું મનાઈ ગયું. વેકેશનમાં કરમશીભાઈએ દયાબેનને તારદેવ રાખ્યા. દયાબેન અમારી સાથે રહ્યાં પછી અમારે ગોંડલ થઈને માણાવદર જવાનું હતું. પપ્પાજીએ ગોંડલમાં પ્રદક્ષિણા ફરવાનું કહ્યું. ને કહ્યું જે માગવું હોય તે માગજે. સિદ્ધ થશે. દયાબેન બુદ્ધિશાળી તેથી એકાંતિકપણું માગી લીધું. એ નિશાની કે પૂર્વના હશે. એમનો દ્રઢ સંકલ્પ ને તીવ્ર પ્રાર્થના હતી. તો ભગવાને કામ કરવું જ પડે ને. ને જુલાઈની ૭મીએ જીવનો જીવભાવ ટળી ગયો. ત્યારપછીની બધી જવાબદારી પ્રભુ લઈ લે છે. પછી ગુણાતીતભાવ સુધી પહોંચાડવાનું કામ એ કરે છે.

**પૂ.મીનાબેન ગાંધી :** દયાબેને શ્રેયનો માર્ગ પસંદ કર્યો, પ્રેયનો નહીં. ઈ.સ.૧૯૭૦માં પપ્પાજીએ મને દયાબેનના PA તરીકે મૂકી. દયાબેને મને કહ્યું કે તારે સૌથી પહેલા હંસાબેન ગુણાતીતનું સાચવવાનું, પછી બધા બહેનો, પછી જ્યોતની સેવા પછી મારું ધ્યાન રાખવાનું. આ એમનો સિદ્ધાંત વર્ષોથી છે. આજે મારામાં જે કાંઈ ચોકસાઈ, ચીવટાઈ છે એ તેમના થકી છે. અમે તો રમતા રમતા આવી ગયેલા એટલે આ પપ્પાજી સત્પુરુષ છે એવી સભાનતા નહોતી. એ માહાત્મ્ય દયાબેને સમજાવ્યું. ભણનાર કરતા ભણાવનારને વધુ શ્રમ પડે. દયાબેને અંધારામાં પણ જે જોઈતું હોય તે મળી શકે તેવું ગોઠવવાની ટ્રેનીંગ આપી. જે અમને ખૂબ ઉપયોગી બની છે.

દયાબેન ત્યારે ખૂબ પાતળા હતા તેથી એમને રોજ કેળુ ખાવાનું હતું. એકવાર મારે અડધું કેળુ લાવવાનું હતું. હું થોડું વધારે લાવી તો ન ખાધું. એમ આપણા લાગણી તંત્ર પર કંટ્રોલ કરતા. જેટલું કહ્યું તેટલું જ કરવાનું. એમ આ પ્રસંગથી શીખવ્યું.

સેકન્ડ ગ્રુપના સ્વરૂપો ચાર મોટેરા સ્વરૂપોની આમન્યા કદી ચૂક્યા નથી. જે સૂચન એમનું આવે તે પાળે જ. ને દરેક પાસે કરાવે. એ એમના અંતરમાં આ ચાર બહેનો વિશે પૂજ્યભાવ. ક્યારેય કોઈ વાત તેમની જીભે નથી આવી. દરેક પ્રસંગે એ વાત રાખી છે. કાંઈ થાય તો પોતાના માથે લઈ લે. પપ્પાજીની કૃપા છે તો ચાર સ્વરૂપો મળ્યા ! તમે જે મોટેરાની આમન્યા ને ગરિમા રાખી છે તેવી અમે પણ રાખીએ.

**પૂ.મિતલબેન પંચાલ (અમદાવાદ):** ૨૦૧૧માં પહેલીવાર મારા પતિ મને જ્યોતમાં લઈ આવ્યા. મને તો સામેથી ગુરુ મળ્યા. દયાબેન મને પૂછે તું મઝામાં છે ને! કંઈક તો થતું જ હોય. તો દયાબેન કહે, તું પપ્પાજીને પ્રાર્થના કર. પ્રથમ પપ્પાજીને રાખીને ચાલો. પછી દયાબેને કહ્યું કે, તારે ઉમાબેનને વાત કરવી. ને વાત કરતી ને તે પપ્પાજીની કંઈક ને કંઈક વાત મને કરતાં. કોરોના વખતે મેં જોબ છોડી દીધેલી. પછી મારે ફરી જોબ ચાલુ કરવી હતી. દયાબેન કહે થઈ જશે. ને ૧લી સપ્ટેમ્બરથી મને સ્કૂલમાં ફરી જોબ મળી ગઈ. અત્યારે પ્રોબ્લેમ આવે તો તે લાગતો જ નથી. મારા દીકરાને પણ એ ટેવ પડી ગઈ છે. પપ્પાજીને યાદ કરીએ તો એ ગાઈડ કરે છે. દયાબેનની તબિયત સારી રહે તે જ પ્રાર્થના.

**પૂ.પ્રાચીબેન મારવાડી (વિદ્યાનગર) :** દર વખતે મારો અનુભવ મારે કહેવો જ હોય. અમારા દયામા ને બહેનો ખૂબ પ્રેમ રાખે છે. મારા લગ્નનું આમ તો બધું નક્કી હતું પણ મારા સાસુ કહે અહીં જ્યોતમાંથી ટીક વાગશે પછી વાત આગળ વધશે. પહેલીવાર જ્યોતમાં આવી ને દયામા પાસે લાવ્યા. દયામાએ હા પાડી દીધી.

પછી લગ્ન થયા. ને હું જ્યોતમાં આવવા લાગી. મને લાગ્યું કે અહીં કંઈક જુદું છે. અમારી પૈસાની તકલીફ હતી તે સુધરતી ગઈ. દયાબેન કહેતા કે, માળા કર બધું થઈ જશે. ઘર લેવાનું હતું. લોન મળતી નહોતી. દયામા કહે પપ્પાજી બધું સરસ કરશે. પ્રાર્થના કર. મને પ્રાર્થનાથી મોટો અનુભવ થયો. બેંકમાંથી લોન પાસ થઈ ગઈ. બીજી બધી જરૂરિયાતો હતી તે પણ પૂરી થઈ ગઈ. આજે એ ઘરમાં હું રહું છું. હું પ્રાર્થના કરું છું કે મારી બે દીકરીઓ પણ ભગવાન સાથે જોડાયેલી રહે.

**પૂ.પલકબેન (યુ.એસ.એ.):** દયાસાગરનું આ નાનું છીપલું આજે દયાબેનનો શું મહિમા ગાય ? વિશાળ સાગર જેવી વિશાળ જેનો દૂર દૂર છેડો પણ ના મળે તેમ અનંત વ્યાપેલી તેમની કૃપા. મધદરિયા જેવી શાંતિ ધરાવતી તેમના મુખની આભા. દરિયાના ઊંડાણ જેટલું ઊંડું તો એમનું ભજન. જેણે હંમેશા એમના આશીર્વાદ અને પ્રાર્થનાથી અમારી સદાય રક્ષા કરી છે તેવા દયાબેનને કોટિ કોટિ વંદન.

પ.પૂ.તારાબેને મારો હાથ ઝૂલીબેનને આપ્યો ને એમણે ક્યારે દયાબેનને આપી દીધો તેની જાણ પણ ના થઈ. પ્રસંગો જે અંતરને રડાવી નાંખે, સ્વભાવ ધોવાય ત્યારે લાગતા ટાંચણા અંતરની શાંતિ હલાવી નાખે ને પપ્પાજી પરીક્ષા લેવા આવે ત્યારે જે મૂંઝવણ, વિક્ષેપમાં લઈ જાય તેવા વિચાર, વાણી, વર્તનને, પોતાના ભજનના મોજામાં ધોઈને ચોખ્ખા કરી નાંખે તે છે મારા દયાબેન. પળેપળ પપ્પાજીમાં રહેતી કરી દેનાર દયાબેન, આત્મનિષ્ઠા દ્રઢ કરાવી, પ્રભુને જીતવા માટેનો ઉપાય બતાવે, પ્રથમ પપ્પાજી ને પછી પગલું તેવી જાગ્રતતા રખાવનાર, આધ્યાત્મિકતામાં આવતા વિઘ્નોને દૂર કરનાર મારા દયાબેનને પ્રાર્થના કે, મન, કર્મ, વચને તમે રાજી થાવ ને અમે પપ્પાજીનું કાર્ય બનીને રહીએ.

**પૂ.પારૂલબેન (કેનેડા) :** મારા બધા કામ ૫૯મી મિનિટે થાય છે. હવે પ્રાર્થના છે કે હવે તો થોડું up grade લાવીને એ ટાઈમ ઓછો કરો. કારણ કે ૫૮ મિનિટ પસાર કરવાની ખૂબ અઘરી પડે છે. એટલે જ્યારે મને વધારે સમય હોય ત્યારે વધારે ધૂન કરી લઉં ને પપ્પાજીને કહી દઉં કે આગળ જે ધૂન કરી છે તે વાપરી લેજો. પ્રસંગ તો એક પતે ને બીજો આવે છે. નાનપણથી દયાબેન પાસેથી નાની નાની વાતો શીખ્યા છીએ. એમણે અમારું ઘડતર કર્યું છે. તેના પ્રતાપે, પ્રાર્થનાના સહારે પ્રસંગોમાંથી પસાર થઈએ છીએ ને સુખિયા થતાં જઈએ છીએ.

**પૂ.સ્તુતિબેન (યુ.કે.):** મારું નામ દીદીબાએ પાડ્યું. જેમ બા પોતાનું બધું દીદીને કહેતા તેમ અમે પણ શીખ્યા કે દયાબેનને બધી વાત કરવાની. મારે નર્સીંગ કરવા બેંગ્લોર જવાનું થયું. મને તો ગમે નહીં ને બધી ફરિયાદ દયાબેનને કરું. દયાબેન કહે તું ચિંતા ન કર. પછી જ્યારે હું જ્યોતમાં આવું તો મારી ખૂબ સંભાળ રાખતાં. લગ્ન થયા પછી પણ મૂંઝવણો ઉકેલી છે. મારે યુકે જવું હતું તો વિઝા મળી ગયા. દયાબેને પ્રાર્થના કરવાનું શીખવ્યું તે આજે પણ કામ આવે છે.

**પૂ.રીજ્ઞેશભાઈ દવે (વડોદરા) :** અમે આ દિવસની આતુરતાથી રાહ જોતા હતા. દયાબેનની તબિયતને લીધે થોડી ચિંતા હતી. પપ્પાજી ગ્રુપને જન્મ આપનાર દયાબેન અને ઉમાબેન હતા. ૩૦ વર્ષ પહેલા અમે ખૂબ રો મટીરીયલ હતા. અમે સત્સંગમાં નહોતા પણ ઉમાબેન પાસે કોલેજમાં હતા ત્યારે બધી વાતની નવાઈ લાગતી હતી કે આવી પણ કોઈ શક્તિ હોઈ શકે કે જેને પ્રાર્થના કરીએ ને કામ થાય. પણ અત્યારે એ બધું સમજાય છે. દયાબેન અને ઉમાબેને અમારું ઘડતર કર્યું. તેમણે અમારા માટે ને અમારા ફેમીલી માટે ખૂબ કર્યું છે. અમે જે પામ્યા છીએ તે માટે તેમનો ખૂબ આભાર.

**પૂ.ધર્મેશભાઈ મારવાડી (વિદ્યાનગર) :** લક્ષ્મીકાંત સર અને ઉમાબેન મારા શિક્ષક છે. મેં પપ્પાજીને નથી જોયા. પણ એમને બહેનોમાં જોયા. એમના વર્તણૂંક પરથી અમે પપ્પાજીનાં દર્શન કર્યા. દયાબેનનાં સંપર્કમાં આવતા વાર લાગી પણ પછી આત્મીયતા સધાતી ગઈ. દયાબેન બીજી મા છે. નાનો હતો ત્યારથી નોકરી કરતા કરતા ભણ્યો છું. નાની ઓરડીમાં રહેતા ને ઘરકામ પણ કર્યા છે. ત્યાંથી આજે મારું પોતાનું ઘર છે તે દયાબેનનો પ્રતાપ છે. અમે જે

ઓરડીમાં રહેતા હતા તે માલિકે કહ્યું કે કાલે ઘર ખાલી કરી દો. અમે મૂંઝાઈ ગયા ને જ્યોતમાં આવ્યા. દયાબેન કહે પપ્પાજી કંઈક કરશે. અને હું જે સ્કૂલમાં નોકરી કરતો હતો તે પ્રિન્સીપાલે ક્વાટર્સ આપ્યું ને બીજે દિવસે અમે ત્યાં રહેવા ગયા. એ પપ્પાજી, દયાબેન, ઉમાબેનના પ્રતાપે જ. મારી બે દીકરીઓને પણ એમનો સંબંધ છે. આ બેનોએ જે આપ્યું છે તે ઘણું બધું છે.

આ વર્ષે દયાબેનની તબિયતમાં ઘણી તકલીફો આવી. આજે પ્રાર્થના કરીએ કે તમે નિરામય રહો. તમે સાજા હશો તો અમારી પેઢી પણ સુખી થશે. મારે જ્યોતના બહેનોની સેવા કરવી છે એ જ પ્રાર્થના.

**પૂ.કલ્પેશભાઈ પટેલ (વિદ્યાનગર)** : ગુણાતીત જ્યોત એટલે બ્રહ્મવિદ્યાની કોલેજ. તેમા અમારા માર્ગદર્શક દયાબેન. મને ગુસ્સો બહુ આવે. મારા મમ્મીએ ફરિયાદ કરી. દયાબેને કહ્યું હવે એ ગુસ્સો કરે તો મારે ઉપવાસ કરવાનો. ત્યારથી મારા સ્વભાવ પર કંટ્રોલ કરવાની ટેવ પાડી છે.

પહેલા હું રેકડી ચલાવતો. એકવાર દયાબેન અને ઉમાબેને મને જોયો ને તેમની આંખમાં આંસુ આવી ગયા. ને મારા ભાગ્ય બદલાઈ ગયા. અત્યારે રિજ્ઞેશભાઈને ત્યાં નોકરી મળી ગઈ. દરેક પરિસ્થિતિમાં એમણે માર્ગદર્શન આપ્યું છે. એક વાત ખાસ શીખવી છે કે કોઈનું જોવું નહીં, ખટપટ કરવી નહીં. પપ્પાજીને પ્રાર્થના કે તમારી રીતે જીવતા થઈ જઈએ.

**પૂ.મિશિકાબેન ઠક્કર (મુંબઈ)** : દયાબેન નાના હતા ત્યારે દેરાસરમાં દોડીને જતા ને ભગવાનને પ્રાર્થના કરતા. તેવું કરવાનું મને બળ આપજો.

**પૂ.સતીષભાઈ પ્રજાપતિ (મહેસાણા)** : દયાબેનના બળે પપ્પાજીએ મને લૌકિક અનુભવ કરાવ્યા છે. પપ્પાજીએ કહ્યું છે કે કોઈપણ કામ ભજન કરવાથી થાય. તે મારા જીવનમાં થયું છે.

કોરોના વખતે મારો દીકરો ૮ વર્ષનો હતો. એ કહે મને બીક લાગે છે. ભૂત દેખાય છે, મરી જવું છે. તેવી નેગેટીવીટી આવી ગઈ. જગતના ઉપાય લીધા. આપણી બુદ્ધિ બંધ થઈ જાય પછી ગુરુ – ગુરુહરિ યાદ આવે. ને દયાબેને ૧૮ હજાર માળા આપી કે, દવા લીધા વગર દીકરાને સારું કરી દેજો તેવી પ્રાર્થના સાથે માળા કરજે. તેનું પરિણામ એક મહિનામાં શક્ય કર્યું. પહેલા જેવો મારો દીકરો પોઝીટીવ થઈ ગયો. આ સદ્‌ગુરુની આજ્ઞા પાળ્યાનું ફળ. પ્રથમ પ્રભુ પછી પગલું તેવું જીવાય, પપ્પાજી અખંડ સાથે છે તેવું અનુભવાય તેવું અમારું જીવન બને તેવી પ્રાર્થના.

**પૂ.મહેશભાઈ દવેએ (આણંદ)** લખેલી પ્રાર્થનાનું વાંચન કર્યું.

**પૂ.ચંદનબેન દેઢિયા (મુંબઈ)** : દયાબેન મારા મામાની દીકરી થાય. આજે દયાબેનને જોઈને મારું હૈયું ગદ્‌ગદિત થઈ જાય છે. રસ્તો બતાવનાર કરમશીભાઈ જે મારા મામા. દયાબેને તેમનું જીવન ઉજાગર કર્યું. સમાજમાં નજીકમાં આવેલાને પ્રભુ સાથે સાંનિધ્ય થાય તેવી દયાબેન સતત પ્રાર્થના કરે છે એ આપણા નસીબ છે. પ્રભુનું ચિંતન કરો, મનન કરો તો પ્રાપ્તિ થાય. તેવું કરીને તેમણે બ્રાહ્મી શક્તિ મેળવી પૂરવાર કરી આપ્યું. પરિવર્તન જીવનમાં આવે તો મોક્ષમાર્ગી બની શકીએ તેવું અમારા સૌનું જીવન બને તેવી પ્રાર્થના.

**પૂ.વિલાસબેન ચપલાએ (યુ.એસ.એ.)** વીડિયો માધ્યમે મહિમાગાન કર્યું. મને સ્વામિનારાયણ ધર્મ વિશે જ્ઞાન નહોતું. મેરેજ થયા પછી દયાબેનની મને ઓળખાણ થઈ. દર રવિસભામાં આવીએ ત્યારે હું દયાબેન, ઉમાબેન પાસે આવતી. દયાબેન કહેતા કે પપ્પાજી મળ્યા છે. શ્રદ્ધાથી ભજન કરવું. બધી જ પ્રાર્થના સાંભળશે. પ્રોબ્લેમમાં મનની શાંતિ ન જવી જોઈએ. મને યુ.એસ. જવાની તક મળી. દયાબેને કહ્યું તું જા. દિગંત પણ આવી જશે. દયાબેને મને યુ.એસ.માં સેટ કરી દીધી. જીવનમાં ઘણી મુશ્કેલી આવી ને ઉકલી ગઈ છે. કોરોના વખતે મારી દીકરી ૧ મહિનાની હતી. મારે નોકરી પર જવાનું હતું. ક્યારાને ક્યાં મૂકવી ? દયાબેને કહ્યું પ્રાર્થના કરજે બધું સરસ થઈ જશે. ને ખરેખર એ ચાર વર્ષ સરસ રીતે પસાર થઈ ગયા. અમને આધ્યાત્મિક રીતે પાર કર્યા... એમને ગમે ને રાજી થાય તેવા અમારા વિચાર, વાણી, વર્તન થાય તે પ્રાર્થના.

**પૂ.મેહાબેન દવે (વડોદરા) :** દયાબેન, ઉમાબેન, પપ્પાજીની કૃપાનો અનુભવ કહીશ. હું મેથ્સમાં વીક હતી. ડિસેમ્બર ૨૦૨૨માં દયાબેન પાસે અમે તે માટે મહાપૂજા કરાવેલી. મહાપૂજા પછી મને લાગ્યું કે આ તો મને આવડે છે. ને ત્યારથી તેમને વિશે મને શ્રદ્ધા વધી ગઈ. હું રોજ પ્રાર્થના કરું છું કે, દયાબેન તમે સાજા રહો. તમને મને જોઈને આનંદ થાય ને ગર્વ થાય તેવું મારું જીવન બને એ જ પ્રાર્થના.

**પૂ.જતીનભાઈ (યુ.કે.) :** હું મોગરીમાં રહેતો પણ ત્યારે મને પપ્પાજી વિશે ખબર નહોતી. જ્યારે પુણ્ય પ્રગટ થયું ત્યારે ઉમાબેન દ્વારા મળ્યા. તેમણે અમને દયાબેનના હાથમાં સોંપ્યા. દયાબેને અમારું ઘડતર કર્યું છે. દયાબેને અમને જ્યોતની સેવાનો મહિમા સમજાવ્યો ને નિયમ, ધર્મ શીખવ્યા. પપ્પાજીને આગળ રાખીને કાર્ય કરતાં શીખવ્યું છે. અમને સેવા કરવાનો ઉમંગ રહેતો પણ સભામાં બેસવાનું થાય તે બહુ ગમે નહીં. દયાબેનને ખબર પડી. તેમણે સભામાં બેસવાનું મહત્વ સમજાવ્યું કે મોટેરા બહેનો જે જ્ઞાન આપશે એ તમારા જીવનમાં કામ આવશે. સેવા ને જ્ઞાન બંને મહત્વના છે.

આ સ્વરૂપો પારસમણિ જેવા છે. અમે જડ લોખંડ જેવા હતા. સ્વરૂપોના આશીર્વાદથી સ્વભાવ, પ્રકૃતિથી પર થતા ગયા. આ બધા બહેનો પપ્પાજીની મૂડી છે. તેમને સાચવીએ, નિરામય રહે એ પણ અમારી સેવા જ થશે તો સાજા રહી માર્ગદર્શન આપતા રહો તે જ પ્રાર્થના.

**પૂ. પ્રશાંતભાઈ કાસોદરિયાએ (બેંગ્લોર)** વિડીયો માધ્યમે વાત કરી કે સૌ પ્રથમ તો આધ્યાત્મિકતાનો એકડો ઘૂંટાવનાર ગુરુ એટલે દયાબેન. નાનો હતો ત્યારે જ સ્વામિનારાયણ ધર્મમાં જોડાયેલો. અભ્યાસ માટે વિદ્યાનગર આવ્યો ત્યારે અગ્રવાલ સર દ્વારા ઉમાબેન ને દયાબેન મળ્યા. દયાબેને શીખ આપેલી કે પપ્પાજીની મૂર્તિ ને મંત્ર સ્વામિનારાયણનો. આંખો બંધ કરી પપ્પાજીની મૂર્તિ અંતરમાં ધારી ગદ્‌ગદ્ ભાવે પ્રાર્થના કરવી. આ શીખ અંતરમાં ઉતરી ગઈ છે કે કંઈપણ નાનું મોટું થાય તો પ્રાર્થના થઈ જાય છે. બીજું દયાબેને શીખવેલું કે નમવું ને ખમવું. આ શીખ આજે પણ જીવનમાં ઉપયોગી થાય છે.

દયાબેન એટલે ભગવાનને અખંડ ધારનાર ગુણાતીત સ્વરૂપ. વિદ્યાનગર હતા ત્યારે કંઈપણ થાય કે દયાબેનને મળીએ ને મન તરત શાંત થઈ જતું. હું બેંગ્લોર આવ્યો ને જોબ શોધતો હતો. એક જગ્યાએ હું સવારે ગયો પણ ગેટ બંધ થઈ ગયા હતા. બીજે દિવસે હું એનાથી વહેલો ગયો. ચાર-પાંચ કલાક લાઈનમાં ઊભો રહ્યો ને મારો નંબર આવ્યો ત્યારે પાછો ગેટ બંધ થઈ ગયો. ને હું એકદમ પડી ભાંગ્યો હતો. મેં દયાબેન સાથે વાત કરી. દયાબેન કહે કે પપ્પાજી હજુ સારી નોકરી અપાવવાના છે. હું મહાપૂજા કરું છું. ને મન શાંત થઈ ગયું...

દયાબેન એટલે વાત્સલ્યનું અવિરત વહેતું ઝરણું. સેવા કરતા ત્યારે પણ ખૂબ ધ્યાન રાખતા. મારા પપ્પાની ઈમરજન્સી સર્જરી વખતે પણ ખૂબ ધ્યાન રાખ્યું છે. હે પપ્પાજી ! તમને ખૂબ થેંક્યું કે આવા દયાબેન આપ્યા. દયાબેનની તબિયત સરસ રહે, નિરામય રહે ને અમારા પર આ જ રીતે કૃપા વરસાવે તેવી પ્રાર્થના.

**પૂ.મહેન્દ્રભાઈ દેઢિયા (મુંબઈ) :** આજે એક અત્યંત પાવન અને આનંદમય ક્ષણ છે. દયાબેને પોતાના સમગ્ર જીવનમાં ભક્તિ, સેવા કરી છે. તેમના અવિરત સેવાભાવને અનુમોદના કરીએ છીએ. અમે પ્રાર્થના કરીએ છીએ કે પરમ કૃપાળુ ભગવાન સ્વમિનારાયણ તેમને આગળના જીવનમાં તંદુરસ્ત રાખે. અમારા પરિવારને હંમેશા છત્રછાયારૂપે આશીર્વાદ, માર્ગદર્શન આપતા રહે એવી હૃદયપૂર્ણ પ્રાર્થના.

**પૂ.ઉમાબેન મસરાણી :** પપ્પાજીએ દયાબેનને કહેલું કે ગુણાતીતે ૨૦૦ સાધુ બનાવ્યા તેમાના તમે છો. દયાબેન ઘરમાં કંઈક બને તો દેરાસરમાં જઈને પોતાનું અંતર શાંત ન થાય ત્યાં સુધી પ્રાર્થના કરતા. એ બતાવે છે કે એ પપ્પાજીએ કહેલું તેમાંના છે. દરેક સ્વરૂપો આવી બ્રાહ્મીશક્તિના ધારક છે. એમને બનાવનાર પપ્પાજી છે.

દયાબેને પપ્પાજી ગ્રુપમાં ખૂબ કાર્ય કર્યું છે. નરેશભાઈ સાબલપરાના ફાધર નાની ઉંમરે ધામમાં ગયા. પ્રશાંતે મને એની બધી વાત કરી ત્યારે નરેશની આંખમાં આંસુ હતા. દયાબેન કહે મારે એ આંસુ પપ્પાજી સુધી

પહોંચાડવા છે. તો નવા વર્ષના દિને પપ્પાજીએ એને બોલાવ્યો, માથે હાથ ફેરવ્યો ને એના અંતરમાં જે દુ:ખ હતું તે ટળી ગયું. આ દયાબેનનું પપ્પાજી સાથેનું ઐક્ય.

દયાબેનની તબિયત આઘીપાછી થતી હતી. મેં આ ભાઈઓને મેસેજ કર્યો કે આપણે ૧૪૦ મહાપૂજા કરીએ. પછી તો એ મુક્તોએ મહાપૂજા કરી. દયાબેનને અત્યારે સ્ટેજ પર જોઈને લાગે છે કે આ બધા ભાઈઓએ પોતાની ભાવના સાથે મહાપૂજા કરી છે. આપણને આ સ્વરૂપોની ખૂબ જરૂર છે. પપ્પાજીને પ્રાર્થના કે બધા સ્વરૂપોની તબિયત સરસ રહે. અમને આધ્યાત્મિક રીતે સાચવતા રહે. તેમની છત્રછાયા મળતી રહે. તો આ પ્રાર્થના સ્વીકારજો.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** દયાબેન સ્વધર્મમાં અડગ રહ્યાં. પપ્પાજી કોણ, કેવા છે ? કેવી પરમ તાકાત છે તે પ્રોગ્રામમાં દર્શાવ્યું. પપ્પાજીએ છૂપા રહીને કાર્ય કર્યું છે. બહેનોમાં કામ કરવું અશક્ય છે. એ પપ્પાજીએ હસતા રમતા કરાવી દીધું. દયાબેને આજ્ઞા આપી કે પપ્પાજીનું જીવનદર્શન પૂરતું છે. તે આજ્ઞા બહેનોએ પાળી. આજની આ બુકમાં પણ પપ્પાજીના અનુભવો, કાર્ય લખ્યું છે. ખૂબ મનન-ચિંતન કર્યું છે. દરેક ભૂમિકામાં કામ લાગે તેવા સત્યો છે. પપ્પાજીના પ્રસંગો પણ સરસ રીતે લખ્યા છે. શું યાદ રાખવું, શું યાદ ના રાખવું ? વગેરે આ બુકમાં છે. દયાબેને એવું જીવીને સત્ય આપ્યું છે. પપ્પાજીની નાની આજ્ઞા મોટી કરીને પાળી. આપણે દયાબેનની વાતને જીવનમાં ઉતારીએ તો વહેલું સુખ આવશે. સ્પીડ વધારીએ તો એ આપવા જ બેઠા છે. તે ઝીલીને એમના અંતરે હાશ કરીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દયાબેન :** આપણે કેવા હતા ને કેવા કર્યા એ પપ્પાજીનું માહાત્મ્ય છે. આ બધા સ્વરૂપોનું પપ્પાજી સાથેનું વર્તન પ્રેક્ટીકલ જોયું તો થયું કે આ જુદુ છે. તે અપનાવાનું મન થયું. જન્મોજન્મની ભૂખ મટી ગઈ. એક વાત રાખવી કે હું મારા કલ્યાણ માટે સેવા કરું છું. સંસારમાં ઘણી ફરજો હોય. કલ્યાણ માટે કરીએ તો ધોખાવાંધા નહીં રહે. અહીં જે સેવા કરીએ છીએ તેનાથી શુદ્ધિકરણ થાય છે. આપણે બદલાઈએ છીએ. પપ્પાજીના માહાત્મ્યને, સ્મૃતિને વાગોળીને ઈદમ્ કરી લઈએ. આનંદ કર્યા કરીએ. દીદીએ બનાવેલ 'ઉગતી પ્રભાએ...' ને રાતે 'આખા દિવસમાં...' દિલથી ગાજો. જેટલું આપણે ભગવાન ને એના ભક્ત માટે વાપરીશું તે ભગવાન અનંત ગણુ કરીને આપશે. ભગવાનનો આશરો લઈએ તો પ્રારબ્ધ દુ:ખી નહીં કરે. આ કલ્પવૃક્ષ છે. જે સંકલ્પ કરીશું તે સિદ્ધ થશે. એવો સંકલ્પ કરીએ જે જીવનમાં સાર્થક થાય. જેમ પેટમાં ભૂખ લાગે ને ખોરાકની જરૂર છે તેમ આત્માના સુખ માટે ભગવાનમાં રહેવાની જરૂર છે. બધાને ભગવાનમાં રહેવાનું ખૂબ બળ મળે અને બધાની તબિયત સારી રહે એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આપણને પપ્પાજી મળી ગયા ! આપણને એમણે હૃદયથી પોતાના ગુરુ પ્રત્યેની વફાદારીથી ગ્રહણ કર્યા છે. એમનું વચન પાળીએ તો સુખ છે. ન પળાય તો દુ:ખી નહીં કરે પણ સમય લાગશે.

દયાબેને જૈનમાંથી સ્વામિનારાયણ ધર્મ અપનાવ્યો. ભગવાન ભજવા આવ્યા પપ્પાજીએ તેમને બાળકોનું રખોપું સોંપ્યું. એ રખોપું, સંસ્કાર જેને મળ્યા તેને ભક્તિ કરવાનું ચૈતન્યમાં ઉગ્યું. સાધુ થવાનું ઉગ્યું. એવા દયાબેનને આજે ૮૦ વર્ષ તો થયા. દ્રષ્ટા સ્થપાયો, શુદ્ધિકરણ પપ્પાજીના સંકલ્પે થયું. આજે પોતાના રખોપામાં રહેનારા બહેનો એમને સોંપેલી સેવામાં બીજાનું શુદ્ધિકરણ કરે એવા થયા. આ પપ્પાજી આપણને આપશે તો ય ખૂટશે નહીં તેવા સમર્થ છે. આ સત્સંગ શુદ્ધિકરણનો છે. માગો કે ન માગો પણ ભગવાન બળ આપશે જ. કારણ કે આપણે એમનું ભવિષ્ય છીએ.

અંતમાં બ્ર.સ્વ.યોગીજીમહારાજે 'જાવ હવે માયા નહીં અડે' તેવા આશીર્વાદ પૂ.કરમશીભાઈને આપેલા. તે સ્મૃતિ સાથે પ.પૂ.દીદી પાસે સાકર પ્રસાદીની કરાવી હતી. આ કણિકો જેના મુખમાં જાય તેને માયા અડે નહીં ને ભક્તિના માર્ગે આગળ વધે તેવી ભાવના સાથે તે પ્રસાદીની સાકર આજના મહાપ્રસાદમાં વાપરી હતી. તે પરમ સંનિધિની સ્મૃતિ પ્રસાદી ગ્રહણ કરી સૌ છૂટા થયા.

## તા.૧૯.૧૧.૨૦૨૫ : સંકલ્પ સ્મૃતિદિનની સભા

આજની સભા પ.પૂ.દીદીના સાંનિધ્યે થઈ. સભાનો પ્રારંભ સવારે ૧૦:૩૦ વાગ્યે આવાહ્ન શ્લોક, ધૂન અને 'શ્રેય પંથકમાં તેં બાંધી...' એ ભજન સાથે કર્યો. સભા સંચાલન કરતા પૂ.ડૉ.નીલમબેને ઈ.સ.૧૯૬૩ની આજના દિનની સ્મૃતિ કરાવી. ત્યારબાદ આશીર્વાદ અને મહિમાગાન થયા તેનો સાર માણીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** આજે નૂતનવર્ષ. પ્રભુમય જીવન જીવવાનો સંકલ્પ કર્યો. અત્યાર સુધી જડ હતા. ૧૯મી નવેમ્બરે ચેતન થવાનો સંકલ્પ કર્યો. સ્વામીબાપા હાજર હતા. Without program આ દિવસે ગણેશપુરીમાં પ્રોગ્રામ થઈ ગયો. મેંગ્લોર હાઉસ જ્યોત જેવું જ હતું. રૂમો ને મોટો સભાખંડ. ત્યારે ૨૦૦ જણાએ સંકલ્પ કર્યો તે બધા એકાંતિક થઈ ગયા. મારી કને ડાયરી છે તેમાં બધાના નામ છે. એ બધાને તો ખબરેય નહીં હોય કે મારું નામ છે. જોગીબાપા સંકલ્પરૂપી મિસાઈલ મૂકીને કામ કરે છે.

ગુણાતીત સ્વરૂપ ઓળખવું બહુ મુશ્કેલ, અશક્ય. એનો પ્રકાશ દેખાય નહીં. આ લોકોના દ્રષ્ટિરૂપી કિરણથી કારણ દેહ બળે. દ્રષ્ટિ માત્રે કારણ કાઢે તે સંત. એવા ગુણાતીતભાવને પામેલા સંત આપ્યા છે. એ વૃત્તિ, દ્રષ્ટિ ને પાંખમાં રાખીને સેવે. ગુણાતીત કહે આપણે તો ત્રણેમાં છીએ, તો કોરા રહેવાશે ? નહીં રહેવાય. આપણને જોગીમહારાજે એવા ગુરુઓનો જોગ આપી દીધો. જોગ કરાવનારા, પાર કરાવનારા એ જ છે. બોરડીને ક્યાં ખબર હતી કે મારા પર દ્રષ્ટિ કરી ! પછી એને માણસનો જન્મ આપે એ બધું એ ગોઠવે. આપણે તો કઠપૂતળી જેવા છીએ. ને એમ થાય કે મૈં કરતા હું. પણ પ્રારબ્ધની દોરી ખેંચનારો પેલો છે. એણે સદ્‌ગુરુને સોંપ્યા તે ધીમે ધીમે ઉગાડે. તે આ સદ્‌ગુરુએ સંકલ્પ કર્યો. અહીં કોઈને ગોઠે જ નહીં. અહીં બેઠા છો એ જ મોટી વાત ! આવા મુક્તો જોડે રહેવા મળ્યું !

એમ બધાય પ્રાપ્તિનો કેફ રાખજો. મળ્યા છે તે પૂર્ણ છે ને પૂર્ણ કરીને મૂકશે. જ્યાંથી ઉત્તમ વાત મળે તેની પાસેથી શીખીએ એ સંકલ્પદિન આજે છે.

**પૂ.ઈલેશભાઈ :** આપણે બધા મહારાજથી માંડીને પપ્પાજી ને તેમના તૈયાર કરેલા સ્વરૂપોના જોગમાં આવી ગયા. તે ખૂબ મોટા ભાગ્ય છે. સંકલ્પની તાકાત વધારો એવું પ્રકાશના ભાઈઓને દીદી કહેતા રહે છે. શાસ્ત્રીમહારાજે જે કોઈએ મંદિર કરવામાં સેવા કરી તેને સુખિયા કર્યા. જોગીમહારાજે જંગમમંદિરો તૈયાર કર્યા કે, આ જંગમમંદિરો બીજાને તૈયાર કરશે ને તેમની પ્રેરણાથી ઈ.સ.૧૯૬૩માં શિબિર યોજી. ત્યારે ત્યાગી–ગૃહી બધાને સંકલ્પ કરાવેલો. બેનોને વિશેષ રીતે વ્રત આપ્યું. બાકીનાને એકાંતિક ધર્મ સિદ્ધ કરવા માટેનો સંકલ્પ કરાવ્યો હતો. અત્યારે એ બધાંય સુખિયા થઈ ગયા. બીજાને ય પ્રેરણા આપે છે.

પપ્પાજીએ સંકલ્પ કર્યો કે બધા મારા જેવું સુખ ભોગવતા થઈ જાય. તેમાં જ બધું આવી ગયું. એવા પપ્પાજીના સંકલ્પે આ સ્વરૂપો તૈયાર થયા. એવા જ સંતો, યુવકો, ગૃહસ્થો બધાના પપ્પાજી છે. એવો જબરજસ્ત સંકલ્પ પપ્પાજીનો. આદર્શરૂપ આધ્યાત્મિક માર્ગ ખુલ્લો થયો છે. જાગ્રત હોઈએ તો આવા સમૈયામાંથી કંઈક પકડાઈ જાય. આ બધા બ્રહ્મસ્વરૂપો છે. તેમની પરાવાણી છે તેનાથી અનંતગણી તાકાત તેમના સંકલ્પમાં હોય છે. આપણે બદલાઈએ છીએ એ એમના સંકલ્પની તાકાત છે. સ્વભાવ, પ્રકૃતિથી દોરાઈને જે ક્રિયાયોગો કરીએ છીએ તેમાંથી પાછા વળતા થયા. બ્રહ્મભાવમાં રહેતા થઈ રહ્યા છીએ. તે તેમના સંકલ્પનું પરિણામ છે. દીદીનો સંકલ્પ છે કે પપ્પાજીનું કાર્ય બનીએ તે પૂરો કરવો છે.

ધર્મ એટલે નિયમ, વચન પ્રમાણે જીવીએ. જ્ઞાન એટલે મને મળ્યા તે પપ્પાજી કરી રહ્યા છે. વૈરાગ્ય ને ભક્તિ એટલે સંત ને ગુરુ રાજી થાય તેવું જીવન બને. આવું જીવન થાય તે એકાંતિક બની ગયા. એમની દ્રષ્ટિ પડે ને ઓટોમેટીક થતું જાય. બીજું, કંઈક તકની સેવા ઊભી થાય ત્યારે માહાત્મ્યથી કરી લઈએ. મારા

હેડ, સંત રાજી થાય તેવી ભાવનાથી કરીએ. માહાત્મ્ય રસોઈમાં મીઠાની જગ્યાએ છે. ખૂબ અગત્યની વસ્તુ છે. માહાત્મ્ય હોય તો ભીડો એ ભીડો ન લાગે. આપણે કેટલો ટાઈમ ભગવાનના થઈને જીવીએ છીએ તેનું ચેકીંગ કરતા રહીએ. જ્યારે પ્રસંગ બને ને કેફ ન રહે તો પણ પાછા ઊભા થઈ જવું. સર્વોપરી મને મળ્યા, એ બધે વ્યાપીને મને જોઈ રહ્યા છે. એ સ્વરૂપ પપ્પાજીરૂપે મળ્યું છે. દેહ જાય પણ તે તત્વ ચિરંજીવ છે. એવી જાગ્રતતા અમને રહે તેવી ગુરુહરિ ને ગુરુસ્વરૂપોને ચરણે પ્રાર્થના. તમે અમને ભગવાનધારક બનાવવાના છો. તમે બળ આપજો કે સર્વનો સર્વ રીતે સ્વીકાર કરતા થઈ જઈએ.

**પૂ.ડૉ.નીલમબેન :** એકવાર હું ભજન ગાતી'તી. પપ્પાજીને પૂછ્યું કે તમે શું સર્વસ્વ આપ્યું ? પપ્પાજી કહે, મારા જ્યોતિ, તારા, હંસા, દેવી તમને આપ્યા. તેમની જોડે ૨૪ કલાક રહો છો ને તમે નથી માનતા તોય તમારું ખમી, નમીને મારી રીતે વર્તે છે. તો આપણે પ્રાર્થના કરીએ. બધાય સ્વરૂપોને અલૌકિક ને દિવ્ય માનીએ. આપણે પૂર્વના છીએ. મારું કાંઈ જોયું નથી. તેમ બધાનું બધું ચલાવી લે છે. ગમતું કરે છે. એમના સંકલ્પે આપણું ઘડતર કરી રહ્યાં છે. તે કલ્પનાતીત વાત આપણે અનુભવી રહ્યા છીએ.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** આપણે બધાએ ૧૯૬૩ની ૧૯મી નવેમ્બરના દર્શન નથી કર્યા પણ જ્યારથી પપ્પાજીના સંબંધમાં આવ્યા ત્યારથી ૧૯ નવેમ્બર અને પોષીપૂનમે પપ્પાજી એટલા પરભાવમાં હોય તે દર્શન કર્યા છે. એમનો ઉત્સાહ ને ફોર્સ જુદો હોય. ત્યારે આપણને ખ્યાલ આવે કે કોણ મળ્યું છે ! એનો કેફ આપણા કરતા એમનો વધારે છે. પપ્પાજી બોલ્યા કે કોઈને કાંઈ ખબર નહોતી. એમનો તો પ્લાન હતો જ. એ પ્રમાણે જ કાર્ય કરે છે. એમને પૂર્ણ સભાનતા હતી. પોતાને પોતાની તાકાતની ખબર હતી. પાયાનું કાર્ય એમણે હિંમતથી કર્યું. તેનું ફળ ભોગવીએ છીએ. એમણે સંકલ્પ ન કર્યો હોત તો આટલા સુખિયા ન હોત. ગુણાતીત સત્પુરુષ સેવે છે. કેટલા વર્ષો તારદેવમાં, પ્રભુકૃપામાં ધ્યાનસ્થ અવસ્થામાં બેઠા છે. એ પપ્પાજીએ કઈ ભૂમિકાથી નીચે આવી આપણને ગ્રહણ કર્યા. એકધારી કથા કરી, લેખ લખ્યા. કેટલો દાખડો કર્યો આપણા માટે ! આવા ગુરુઓને લઈને આવ્યા. આ સ્વરૂપો ન મળ્યા હોત તો પપ્પાજી ઓળખાય એવા જ નો'તા. વર્ષો પહેલા પપ્પાજી પધારતા ત્યારે અહીં સાદી ખુરશી પણ નહોતી. ધીરે ધીરે મહિમા સમજતા ગયા. કેટલા છૂપા રહ્યા. બહેનોમાં કામ કર્યું ! એમના કાર્યનો વિચાર કરીએ. જ્યારે એમને સાથ ન અપાય તે નોંધી પ્રાયશ્ચિત કરી માફી માગીએ. તમારું જ કાર્ય છે તે મને ન મનાયું, માફ કરી દો. તમે જેટલું કરાવો એટલું જ બધા કરી શકે છે... એવી નિષ્ઠા સોલીડ કરી દઈએ. એમના પરભાવનો વિચાર કરીએ. આ પ્રાપ્તિ થઈ ગઈ તેનો આનંદ સર્વે લેતા થઈ જઈએ.

**આશીર્દાન પ.પૂ.દીદી :** ૧૯ એટલે ૧ અને ૯ પહેલી સપ્ટેમ્બર. ૧૯૬૩માં પપ્પાજી તારદેવ મંડળને ગણેશપુરી લઈ ગયેલા. સંકલ્પ ત્યાં કરાવ્યો. ભગવાન ભજવા ને ભજાવવાનો. પહેલા ભગવાન ભજી લ્યો. ધૂન, ધ્યાન, માળા, સેવા કરીએ એ ભગવાન ભજ્યા કહેવાય ? એ તો પ્રારંભ કહેવાય. આપણાપણું મૂકવું પડે ને તે મૂકીએ તો આપણું તંત્ર ભગવાન વાપરે. હું એમનું સાધન, કાર્ય છું. મારા થકી જે સેવા કરાવવી છે તે માટે તૈયાર રહેવું. ગરજ રાખવી. ગરજ રાખીશું તો એ મને એવી પ્રસન્નતા પ્રાપ્ત કરાવશે. પપ્પાજીના સંકલ્પમાં કેટલી તાકાત હતી કે ચારમાંથી ચારસો બહેનો સંપીને રહી શકે છે. દરેકને જોઈને આનંદ થાય છે.

મારી પાસે મારો ભગવાન છે. દરેકને અનુભવ કરાવ્યો છે. એ મારું રખોપું કરે છે. દેહને જાળવે, મન, હૃદયને જાળવે છે. તો આપણે કોઈના ઘસારામાં નથી પડતા. કારણ કે કર્તાહર્તા પપ્પાજીને માનીએ છીએ..

૧૯મી નવેમ્બર, ૧૯૬૩ના પપ્પાજીએ વ્રત આપી સંકલ્પ કરાવ્યો. ૧૯૬૬માં વસ્ત્ર આપ્યા ને ખાત્રી કરાવી દીધી કે આ ભગવાન ભજશે, ભજાવશે. પપ્પાજીના બળે કરવાનું છે. પણ એમના સંકલ્પમાં એ બધા હાજર છે ત્યાં બેઠા બેઠા વૃત્તિઓ ધોવે છે.

પ.પૂ.દીદીના આશીર્વાદ બાદ સભાનું સમાપન થયું.

## તા.૨૩.૧૧.૨૦૨૫ : ગુરુહરિ પપ્પાજી સ્વરૂપ પ.પૂ.દેવીબેનના 'બ્રહ્માનંદી તેજ પર્વ' ૯૦મા પ્રાગટ્ય પર્વ પ્રારંભની ઉજવણી...

શ્રી સ્વામિનારાયણ ભગવાને વચ.ગ.પ્ર.૭૧માં કહ્યું છે કે, ભગવાન પોતાનું અક્ષરધામ, પાર્ષદ ને મુક્ત સાથે લઈને જ પધારે છે. તેમ એક અનોખા યુગકાર્યનો શુભારંભ કરવા શ્રી યોગીજીમહારાજે ગુરુહરિ પપ્પાજીમહારાજની પસંદગી કરી. અને ગુરુહરિ પપ્પાજીમહારાજને ઓળખાવી શકે, એમના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન આપી શકે તે માટે તેમના વારસ સ્વરૂપોને પણ સાથે લાવ્યા. તે યુગકાર્યના મુખ્ય ચાર પાયામાંના પ.પૂ.દેવીબેન. આમ તો આવા દૈવી તત્ત્વને જન્મ હોય નહીં. તેઓનું પ્રાગટ્ય કેવળ ગુરુહરિ પપ્પાજી મહારાજના યુગકાર્યમાં ભળી જવા, ખપી જવા, હોમાઈ જવા માટે જ હોય છે. દરેક કાર્ય એના નિર્ધારિત સમયે જ થાય. એમ એવા શુભ સમયનો યોગ એટલે ૧૮મી નવેમ્બર ૧૯૩૬. આ દિવ્ય દિવસે પ.પૂ.દેવીબેને ધરા પર અવતરણ કર્યું. જે આ વર્ષે ૯૦મા વર્ષમાં પ્રવેશ કરે છે. જેનો ભવ્ય ઉત્સવ આવતા વર્ષે 'બ્રહ્માનંદી તેજ પર્વ' તરીકે ઉજવીશું.

બ્રહ્માનંદી તેજ. પ્રભુના સુખનો જે આનંદ એ બ્રહ્માનંદ છે. બ્રહ્માનંદ એ બાહ્ય પરિબળો જેવા કે વ્યક્તિ, શક્તિ, સ્થળ, સમય, સંજોગ કે પછી આંતરિક પરિબળો જેવા કે ભાવ, અંત:કરણ, મન, ચિત્ત પર આધારિત નથી. બ્રહ્મભાવ ભરેલો જે આનંદ છે તે બ્રહ્માનંદ છે. અખૂટ, અમાપ.

બીજું, તેજ. દેવીબેન એવું તેજ સ્વરૂપ છે કે જેમનું તેજ ગમે તેવી પરિસ્થિતિ આવી, સમય-સંજોગ બદલાયા, દેહનો કે મનનો ભીડો આવ્યો પણ તેઓના આત્માનું તેજ સહેજ પણ ઝાંખું નથી પડ્યું. વળી, તેમના સંપર્કમાં આવનાર : પછી તે સંપર્ક દેહનો હોય, મનથી સ્મૃતિનો હોય કે ધ્યાનથી ચિંતનનો હોય પણ તે સર્વેને એવા જ બ્રહ્માનંદી તેજથી ભરી દે છે. એવા ગુણાતીત સ્વરૂપ પ.પૂ.દેવીબેના ૯૦મા પ્રાગટ્ય પર્વના પ્રારંભની સભા તા.૨૩.૧૧.૨૦૨૫ના સાંજે ૪:૩૦ વાગ્યે પપ્પાજી હૉલમાં પ.પૂ.દીદીના સાંનિધ્યે થઈ.

સભા પ્રારંભે સૌ પ્રથમ પૂ.હીનાબેન વ્યાસ રચિત 'હે કરુણામયી મનોહર મૂર્તિ...' ભજન દ્વારા સ્તુતિવંદના કરી. જેમાં સંસ્કૃત ભાષામાં પ્રાર્થનાભાવો ધર્યા હતા અને ગુજરાતી ભાષામાં તેનું ભાષાંતર કરેલું હતું. સભાનું સંચાલન કરતા પૂ.ડૉ.નીલમબેને મહિમામાં રત કર્યા કે, અવતારના અવતારી પૃથ્વી પર યુગકાર્ય કરવા પધાર્યા. એ યુગકાર્ય માટે મહાલક્ષ્મીદેવી જન્મોથી આવતા જ રહ્યાં. આ જન્મે એમણે અવ્વલ સાધુતા ગ્રહણ કરી ગુણાતીતભાવમાં વિચરતા સાધુ બન્યાં. એવાં સૌના વહાલાં દેવીબેનના ૯૦મા પ્રાગટ્યનો પ્રારંભ આપણે ઉજવી રહ્યા છીએ. દેવીબેને પોતાની આધ્યાત્મિક શક્તિ છૂપાવીને બાહ્યશક્તિથી કાર્ય કરતા દેખાઈને આપણા સૌના આંતરિક રૂપાંતર કર્યા છે.

દેવીબેન જળ સમાન છે. પાણીની જેમ પાત્ર પ્રમાણે આકાર ગ્રહણ કરે, રંગ ગ્રહણ કરે પણ મૂળ તત્ત્વ આત્મા તો રહે જ. એ આત્મા નિરંતર પરમાત્મા સ્વરૂપમાં જોડાઈને સર્વ પ્રકારે દેહની ક્રિયા કરતાં. પછી તે રમવા-જમવાનું કે કથા કરવાનું હોય કે પછી મુક્તોની સેવા હોય. આજે આ પર્વ 'બ્રહ્માનંદી તેજ પર્વ' તરીકે ઉજવીએ છીએ. બ્રહ્માનંદ એટલે જ્યારે આત્મજ્ઞાન પામીને બ્રહ્મ સાથે જોડાઈને પરબ્રહ્મને ધારો ત્યારે બ્રહ્મઆનંદ પમાય છે. તેજના અનેક અર્થ છે. તેમાંનો એક - અનેક રોશનીથી ઝળહળતી અલૌકિક ભૂમિકા વટાવીને કેવળ ગુણાતીત ભાવનામાં વિચરતા રહ્યાં ને ભગવાનનું તેજ દાસત્વભાવે પોતે પ્રસારતા રહ્યાં. પોતાનું તેજ કોઈને અંજાવા ન રાખતા છૂપાવીને રાખ્યું. આપણે સૌ આધ્યાત્મિક પ્રગતિ કરીને તેજના માર્ગે ચાલીએ એ તેમની એક જ અભીપ્સા હતી, છે ને રહેશે. આપણે ભગવાન સાથે અભિન્ન થઈ જઈએ એ સાચું તેજ આપણે ગ્રહણ કરીએ. દીદી કહે છે કે, પપ્પાજીનું કાર્ય છું. દેવીબેન કહે છે કે મારે પપ્પાજીનું કાર્ય પપ્પાની રીતે, પપ્પાને રાજી કરવા, પપ્પામય રહીને કરવું છે. જેથી પપ્પાજી આવીને અખંડ મારામાં

વસે. એવા અખંડ પ્રભુધારક, દાસસ્વરૂપ દેવીબેન સ્વરૂપો પાસે કે નાનામાં નાના મુક્તો પાસે રાંક રહ્યાં છે.

આમ દેવીબેનના મહિમામાં રત થયા બાદ સભા પ્રારંભે શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ.પૂ.દેવીબેન અને સ્વરૂપોને પુષ્પભાવ અર્પણ થયાં. ગુણાતીત સમાજના કેન્દ્રો અને દેશ-પરદેશના ભાવિક ભકતો તરફથી ભાવાર્પણ થયા. પૂ.હીનાબેન વ્યાસ રચિત ભજન 'આતમદેવ મેં તો નજરુએ ભાળ્યો...'માં સૌ લીન થયા. સભા દરમ્યાન બ્રહ્માનંદી તેજના કિરણો પ્રસરી રહ્યાં તેના ઓજસને માણીએ.

**પૂ.દિલીપભાઈ (યુ.કે.) :** ગુરુહરિ પપ્પાજીની સેવા માટે પ.પૂ.દેવીબેન અને અમે સાથે રહ્યા. પપ્પાજીને લઈને બહારગામ જવાનું થાય તેના માટે મીટિંગ થાય. શરૂઆતમાં સેવા કેવી રીતે કરવી જોઈએ? મનનું વલણ કેવું રાખવું જોઈએ ? તે બધી કાંઈ ખબર નહોતી. અમે ઈંગ્લેન્ડવાળા કહીએ કે દેવીબેન બહુ સ્ટ્રીક્ટ. ભૂલ ચલાવી ના લે. મોંઢે જ કહે. એમની આધ્યાત્મિક સ્થિતિની અમને કાંઈ ખબર નહોતી. એમની સાથે રહેતા ગયા તેમ તેમ ખ્યાલ આવતો ગયો.

'મારે મંદિર મ્હાલે રે...' ભજન નવું બનેલું. ત્યારે તો બધાના ઘરમાં બહેનો સભા કરતાં હોય. આ ભજન એકલાં દેવીબેનને જ આવડતું તેથી બધા કહે, 'નવું ભજન સંભળાવોને.' એટલે દેવીબેન ગાય. એકવાર એ ભજન ૧૦-૧૨ વાર ગાયું હશે. મેં પૂછ્યું કે, 'આટલી બધી વાર ગાવાનો કંટાળો નથી આવતો ?' દેવીબેન કહે, 'મને પ્રેક્ટીસ થાય. મારું ગાવાનું ઈમ્પ્રુવ થઈ ગયું. ને તું તું એમ ભગવાનને કહીએ છીએ તો પ્રાર્થના થઈ ગઈ.' ત્યારે મને થયું કે આને કહેવાય માહાત્મ્ય. એ બધું દેવીબેન સાથે ફર્યા ત્યારે સમજાયું.

સત્સંગની શરૂઆતમાં દેવીબેન જેવા સ્વરૂપ ઈંગ્લેન્ડ આવે તેમના થ્રુ સત્સંગ સમજવો તે ઘણું બધું કઠણ હતું. સત્સંગની એટીકિટ દેવીબેન પાસેથી શીખ્યા. જરૂરિયાત વગર વાત ન કરે. અમારી મીટિંગ થાય તો તેમાં કાંઈ પાસ ન થાય તો આર્ગ્યુમેન્ટ નહીં, ચર્ચા નહીં.

પપ્પાજીને વિચરણમાં લઈ જવાનો કાર્યક્રમ દેવીબેન ઓર્ગેનાઈઝ કરતા હોય. એકવાર અમારે ક્યાંક જવાનું હતું. હું રમણીકભાઈને રસ્તો પૂછતો હતો. દેવીબેને ઈશારાથી કહ્યું, 'ચાલો, પપ્પાજી બેસી ગયા છે.' મને ન ગમ્યું. મેં એમને કહ્યું કે, મને ગમ્યું નથી. દેવીબેન કહે, 'મને પણ કોઈને કહેવાનું ગમતું નથી. પણ તમારી જવાબદારી હતી તો પપ્પાજી ગાડીમાં બેસે એ પહેલા કેમ ન પૂછી લીધું ?' આવી ઝીણી ઝીણી વાતે સૂઝ આપીને પપ્પાજીની માહાત્મ્યથી સેવા કરવાનું વર્તનથી શીખવ્યું.

છેલ્લે આવ્યા ત્યારે મેં પૂછયું, તમે યુ.એસ. જાવ છો ? દેવીબેન કહે, હું તો ફક્ત કિરણ માટે જ જાવ છું. પાછા આવ્યાં ને બીજે જ દિવસે ગજરાબાનો પ્રાગટ્યદિન ઉજવવા આવ્યાં. મને બોલાવીને ખૂબ રાજીપો બતાવ્યો. દેવીબેન અમને બધાને ખૂબ આનંદ આપીને ગયાં.

આવા સ્વરૂપ પૃથ્વી પર આવ્યાં. એ તો પ્રથમથી ગુણાતીત સ્વરૂપ હતાં જ. અમારી દ્રષ્ટિ બદલાઈ તો દેખાયું. એમના ગતકડાં દ્વારા, સૂચનો દ્વારા ઘણું આપીને ગયાં. એમણે આપેલી સૂઝ, સ્મૃતિમાં રહીશું તો ભગવાનમાં રહેવાશે. અમારું બાકીનું જીવન સ્મૃતિથી સુધારી પપ્પાજીનું કાર્ય સાર્થક કરીએ એ જ પ્રાર્થના.

**પૂ.લાલજીભાઈ (પેરીસ) :** પૃથ્વી પર સત્પુરુષો પોતાના ભક્તોની ૨૪ કલાક રખેવાળી કરે છે. તે દેવીબેન દ્વારા જોયું. દેવીબેન ૨ વાર પેરીસ આવ્યાં. જ્યારે મેં કહ્યું ત્યારે દેવીબેન મારા ઘરે આવ્યાં છે. ઈંડિયામાં પણ અમારા ઘરે મહાપૂજા કરવા આવેલાં. આ વખતે દેવીબેન પેરીસ પધાર્યા ત્યારે એમ થયું કે સાથેના બહેનોને એફિલ ટાવર લઈ જઈએ. બંને બહેનો કહે દેવીબેન આવે તો જ જઈએ. ત્યારે વેધર બહુ સારી નહોતી. એવી વેધરમાં પણ ભક્તોના ભાવ પૂરા કરવા દેવીબેન ત્યાં પધાર્યા. પેરીસમાં આબાલવૃદ્ધ સૌને બક્ષિશમાં અક્ષરધામ આપ્યું. આ વખતે જાણે મહારાજનું સ્વરૂપ બેઠું હોય ને બધાં દર્શને આવતાં હોય એવો અનુભવ થયો.

**પૂ.દિલનભાઈ (યુ.કે.)** : હું નાનો હતો ત્યારે મને મમ્મી દેવીબેન પાસે લઈ ગયેલાં. ત્યારે દેવીબેને મને કંઠી પહેરાવી છે. હું નાનો હતો ત્યારે ફોન પર પૂછતો'તો કે પપ્પાજી શું કરે છે ? તો દેવીબેન કહેતા કે, પપ્પાજી તને યાદ કરે છે, હીંચકા પર બેઠા છે, વોક લે છે. મને દેવીબેને કહેલું કે તું કાલે આવજે. પપ્પાજી પાસે લઈ જઈશ. તેઓ કામ કરતાં હતાં તે મૂકીને મને પપ્પાજી પાસે લઈ ગયેલા. એકવાર હું આવ્યો ત્યારે દેવીબેન બહેનો સાથે મહાપૂજા કરતાં હતાં તે અટકાવીને મારી સાથે કેક કાપી. સફોક હાઉસમાં એમણે મને પૂજા આપી ને કેવી રીતે કરવી તે શીખવ્યું. દેવીબેન પાસે હોઉં ત્યારે મને ખૂબ શાંતિ લાગતી. દેવીબેન Please stay with me and pray for me.

**પૂ.આધ્યાબેન અગ્રવાલ (આણંદ)** : દેવીબેને નાનપણથી મારું જતન કર્યું છે. એટલી બધી શીખ આપી છે જે અત્યારે કામ આવે છે.

રાયફલ શૂટીંગ શરૂ કરતા પહેલા મેં દેવીબેનને પૂછ્યું તો કહે, 'હું હોકી, ક્રિકેટ રમી છું. રાયફલ શુટીંગ બાકી છે તે તું પૂરુ કર.' એમ આશીર્વાદ આપ્યા. મેં દેવીબેનને કહેલું કે, 'મને બધાને જોઈને બહુ જ બીક લાગે.' દેવીબેન કહે, 'તું રેન્જ પર જાય ત્યારે આજુબાજુ નહીં જોવાનું. ભજન કરવાનું ને પોતાનું જે હોય તે જ કરવાનું. ડાફોળિયા નહીં મારવાના. આપણે તો પપ્પાજીના છીએ તો બીક કેમ લાગે ?'

૨૦૨૩માં મેં મારું મેડલ બતાવતા કહ્યું કે, મારે આ બધી હરીફાઈમાં મેડલ જીતવા છે. તો કહે 'તારું વર્લ્ડ કપમાં મેડલ આવે પછી વિચારીશું.' તો છેલ્લી ઈન્ટરનેશનલ હરીફાઈમાં મને મેડલ મળ્યું.

હું ક્યાંય પણ જાઉં તો દેવીબેનના આશીર્વાદ લઈને જ જાઉં. મારી સૌથી પહેલી જ હરીફાઈ હતી ને દેવીબેન મને ન મળ્યા તો મને થાય કે જવાનું ન થાય તો સારું. અને સાચે જ ઘરે ગઈ ને મેસેજ આવ્યો કે કેન્સલ છે.

અત્યારે જે કંઈ આગળ વધી છું તે પપ્પાજી, દેવીબેનને લીધે છે. આશીર્વાદ આપજો કે આગળ વધુ ને જ્યોતનું શોભાડું.

**પૂ.આધ્યાબેન ચૌહાણ (નડિયાદ)** : હું મારા દેવીબેનની વહાલી દીકરી છું. નાનપણમાં ગુરુહરિ પપ્પાજીએ દાદાને કહેલું કે હું તો પરમહંસ છું. અને દશમી ખાતા હતા ત્યારે ઉંદરનું કલ્યાણ કર્યું. તો મારું પણ કલ્યાણ કરજો.

હવે હું તમને દેવીબેનનો એક પ્રસંગ કહું. દેવીબેન એક દિવસ એમની બેનપણીઓ સાથે રમતાં હતાં. એક બેનપણીએ તેમને કહ્યું આ બેન તારા માટે આવું બોલતી હતી. તો દેવીબેન કહે, 'એ એવું બોલે જ નહીં.' તો આ પ્રસંગ ઉપરથી શીખ મળે છે કે કોઈનું ઘસાતું સાંભળવું નહીં અને બોલવું નહીં. તો દેવીબેન તમે મને બળ આપજો કે હું મારા જીવનમાં એવું ક્યારેય ન કરું.

દેવીબેન પહેલેથી ખૂબ ભક્તિભાવવાળાં હતાં. તેઓ ૧૩ વર્ષનાં હતાં ત્યારે હરદ્વાર જતાં. સંધ્યાકાળે ગંગા નદીએ જાય ને દીવા તરતા મૂકે. પછી ઝરૂખામાં બેઠાં બેઠાં એ દીવા પાણીમાં તરતા હોય તે જોયા જ કરે. તો હે દેવીબેન ! આ દીવાની સ્મૃતિ સાથે તમે મારા જીવનમાં તેજ પાથરતાં જ રહેજો.

મારા જેવી એક બાલિકા બીમાર હતી. એકવાર એને શીંગોડા ખાવા હતાં ને રડતી હતી. ડૉક્ટરે તે રડે નહીં તેવું ધ્યાન રાખવાનું કહેલું, દેવીબેનને ખબર પડી એટલે એને માટે શીંગોડા મંગાવ્યા ને શીંગોડા આવ્યા ત્યાં સુધી એ રડે નહીં એટલે એને રમાડી. આવા માયાળુ દેવીબેન છે.

અંતમાં 'એક ગુરુકા સાથ...' એ ગીત અને દેવીબેનની મૂર્તિ હાથમાં લઈને 'તું હૈ તો દિલ ધડકતા હૈ' એ ગીત ગાઈને પ્રાર્થનાભાવ ધર્યા.

**પૂ.પ્રીતિબેન ગાંધી (યુ.કે.)** : ૧૯૯૩માં પપ્પાજી અમારા ઘરે પહેલીવાર પધારવાના હતા. હું પપ્પાજીના દર્શન કરીને ઘરે જતી હતી. દેવીબેન મારી સાથે આવ્યાં. બધી તૈયારી કરી હતી તે બતાવી તો રાજી થયાં. મને દેવીબેન મારા ઘરે પધાર્યા તેનો ખૂબ આનંદ હતો પણ અત્યારે સમજાય છે કે તેઓ પપ્પાજી માટે બધું બરાબર છે કે નહીં તે જોવા આવ્યા હતાં. દેવીબેન તો ગુણાતીત સ્વરૂપ. બીજા કોઈને પણ મોકલી શકત.

પણ એમના દાસત્વનું મને માહાત્મ્ય સમજાયું.

૨૦૦૧માં ભાવનાબેનને કેન્સર થયું. દેવીબેન યુ.કે. આવ્યા હતાં. હું સભામાં પાછળ બેસીને વિચારો કરતી હતી. દેવીબેને મને બોલાવી ને કહે, 'જો પપ્પાજીએ ભાવનાબેનને આશીર્વાદ આપ્યા છે કે બધું અલોપ થઈ જશે. તું સંકલ્પ કરીને ધૂન કર, હું પણ કરીશ.' ને બધું સાચે જ બરાબર થઈ ગયું.

૨૦૧૦માં મને ખૂબ મૂંઝવણ આવી. કંઈ સમજાતું નહોતું. મેં સંકલ્પ કરીને પ્રાર્થના કરી કે આજે કંઈક અનુભવ કરાવો કે તમે પ્રાર્થના સાંભળો છો. બપોરે દેવીબેનનો વિદ્યાનગરથી ફોન આવ્યો. મેં પપ્પાજીને પ્રાર્થના કરી ને દેવીબેને જવાબ આપ્યો. દેવીબેને અમારું ખૂબ જતન કર્યું છે, માર્ગદર્શન આપ્યું છે. અમે પપ્પાજીનું કાર્ય બની રહીએ એવા આશીર્વાદ આપજો એ જ પપ્પાજી, દીદી, દેવીબેનના ચરણે પ્રાર્થના.

**પૂ.ઉર્મિબેન પટેલ (વડોદરા) :** બ્રહ્માનંદી તેજ પર્વ. કેટલું સુંદર ને ભવ્ય નામ ! દેવીબેન એવા બ્રહ્માનંદી હતાં. એ ગમે ત્યાં ગમે તેને બ્રહ્માનંદ કરાવી શકતાં એવા ભવ્ય સ્વરૂપ. દેવીબેન વકીલ થયાં ને ભગવાન ભજવાનું નક્કી કર્યું. એમનું નામ લક્ષ્મીદેવી. એમાંથી મંગુ બન્યાં, દેવી બન્યાં. એમની ઊંચાઈ ને ઉંડાણ કળી ન શકાય તેવાં છે.

વરસોવા શિબિર કરેલી ત્યારથી હું એમની સાથે જોડાઈ છું. નાની હતી. ખૂબ લાડ લડાવ્યા. એ સ્મરણો હજુ છે. સાંજે દરિયે જવાનું હોય. હું દેવીબેનનો હાથ પકડીને ફરતી. દેવીબેનની રૂમમાં રહેતી. તેમની પગચંપી કરતાં કરતાં સૂઈ જતી. આધ્યાત્મિક જતનમાં ક્યારેય લાલનપાલન નથી કર્યું. સવારે વહેલા ઉઠાડે ને સાડા પાંચ વાગ્યે સ્વરૂપયોગમાં લઈ જાય. એવી રીતે ૩૦૦ માળા દિવસની કરવાની આજ્ઞા આપેલી એ એમના બળે થઈ જતી. આપણા જીવનમાં પ્રભુ રહે તે માટે સૂઝ આપતાં.

આ ચાર બહેનોએ પાતાળે પાયા નાખ્યા છે. તેના પર આ જ્યોત બંધાઈ છે. ખૂબ કપરાં સમયે કેડી કંડારી. ત્યારે ક્યાં આટલી સગવડતા કે ભક્તો હતા! અત્યારે તો આપણે સાકરના શીરા ખાવાના છે. જે સહન કરે તે જ સર્જન કરી શકે. આ બહેનોએ સહન કર્યું. તો આ સર્જન થયું. કોટિ કોટિ ધન્યવાદ કે જોગીમહારાજે કહ્યું કે, 'બહેનો ભગવાન ભજે તો શું ખોટું ?' તો આવા બહેનો મળ્યાં.

**પૂ.રંગારેડ્ડી સાહેબ (હૈદ્રાબાદ) :** મૈં હૈદ્રાબાદ સે આયા હૂં. રામકિશન સાહેબ સે પપ્પાજી, ગુણાતીત જ્યોત કે બારે મેં ડીસકશન કરતે થે. મૈંને કહા મૂઝે લે જાઈએ. તો ઉનકે સાથ આયા.

ટેક્સાસમેં મેરા ગ્રાન્ડ સન રહેતા થા. કાર એક્સીડન્ટ હો ગયા. મેરે સન પે કેસ ફાઈલ હુઆ. ઉસકા ફાઈનલ હીયરીંગ થા. ઉસને ફોન કીયા. મૈને દેવીબેનસે બાત કી. દેવીબેનને યહાં બુલાયા, પ્રદક્ષિણા કરને કો કહા. મૈને વૈસે કીયા તો ફૈસલા મેરે ગ્રાન્ડ સન કે ફેવર મેં આ ગયા. ઉસને પૂછા આપને કીસકો પ્રાર્થના કરી. મૈંને બાત કરી ઔર વો યહાં આકે દેવીબેનકા, જ્યોતકા દર્શન કરકે વાપસ ગયા. બહુ કો ભી પ્રોબ્લેમ આયા તો ઉસકે લીએ ભી પ્રદક્ષિણા કરી ઓર વો ભી જીત ગયે.

ઈસ અનુભવ સે મેરે વિચારમેં બદલાવ આ ગયા. જ્યોતમે આના અચ્છા લગતા હૈ. મૈં ઔર મેરી ધર્મપત્ની કુછ દિન સે યહા રહેતે હૈ. અત્યંત શાંતિ લગતી હૈ. જબ તક સૂરજ–ચાંદ રહેગા પપ્પાજી ઔર દેવીબેનકા નામ રહેગા.

**પૂ.શીલાબેન પોપટ :** દેવીબેનનો ૯૦મો બર્થડે. સ્પીરીચ્યુલી સાથે છે ફીઝીકલી મીસ થાય છે. અમે યુ.કે.નો સમાજ નસીબદાર કે આવા ગુણાતીત સ્વરૂપની ભેટ પપ્પાજીએ આપી. દેવીબેને મને કહેલું કે રોજ એક વિચાર કરજે કે આ પપ્પાજીએ મને ગ્રહણ કરી ! દેવીબેને હરિભક્તોની લાઈફમાં પણ એટલું જ કાર્ય કર્યું છે. શારદાબા જુઓ કે નાનો કલ્યાણ બધાને દેવીબેન ખૂબ વહાલા. બધા જ બહેનોની લાઈફમાં પણ ખૂબ કામ કર્યું છે. ખૂબ કેરીંગ. નીનાબેન અને રેખાબેનને હૉસ્પિટલમાં ઓન કોલ નાઈટ ડ્યુટી હોય. રાતના ડ્રાઈવ કરીને જવાનું હોય તો થોડી ચિંતા રહે. દેવીબેન કહે હરીશભાઈ ને કલાબેન લઈ જશે. એટલે

એ બંને પણ ઓન કોલ હોય.

હું ઓફિસમાં એમની સાથે કામ કરું. અમેરિકા જવાનું હોય તો દેવીબેન મેપ લઈને બેસે. કાર્યક્રમ ગોઠવે. પપ્પાજી હોય એટલે ચેન્જીસ થાય. અત્યારે AI છે પણ દેવીબેન તો ત્યારેય ઈન્ટેલીજન્ટ હતા. પપ્પાજી કહે, 'તારે દેવીબેનને પૂછીને કરવાનું.' ત્યારે ફોન નહોતા તો ભજન કરવાની ટેવ પડી ગઈ. પપ્પાજી કહે, 'તારે જે કંઈ થાય તે દેવીબેનને કહેવાનું.' દેવીબેને આધ્યાત્મિક સૂઝ, સમજ ખૂબ આપી છે.

છેલ્લે દેવીબેન ૨૦૨૩માં આવ્યા ત્યારે બધાને એવું જ ફીલ થયું કે પપ્પાજી પધાર્યા છે. દેવીબેન કહે હું તો જોવા આવી છું કે તમે આનંદમાં છો ને ? પસર્નલ સૂઝ આપી ને ખૂબ આનંદબ્રહ્મ પણ કરાવ્યો.

૧૯૭૯ થી ૨૦૨૩ સુધી એમના ચશ્મા બનાવવાની સેવા મળી છે. અમે લકી કે અમને દેવીબેન મળ્યાં. આ ચાર બહેનો થકી પપ્પાજી ઓળખાયા છે. પપ્પાજીનું કાર્ય બની જઈએ તો જ એમણે જે ભીડો વેઠ્યો તે સફળ થાય. તેવું કરવાનું બળ મળે તે જ પ્રાર્થના.

**પ.પૂ.શોભનાબેન :** પપ્પાજી ખૂબ કૃપાળુ. આવા ચાર સ્વરૂપોને લઈને આ પૃથ્વી પર આવીને એમનું અનંતગણું માહાત્મ્ય આપણા હૃદયને વિશે સ્થાપિત કર્યું. આ ચાર બહેનો યુનિક છે.

અમે દેવીબેનના તારદેવમાં દર્શન કર્યા છે. એમને કળી જ ન શકાય. પોતાનું છૂપાવ્યા જ કરે. કેવું અગાધ સ્વરૂપ છે ! કેવી કલ્યાણની ગરજ કે આ સ્વરૂપો પાસે હું કાંઈ નથી. એવું દાસત્વ છે. ચારે બહેનોની દ્રષ્ટિ કેવળ પપ્પાજી તરફ. પપ્પાજી શું કરાવવા માગે છે ? તે જીવન જીવીને, વર્તીને બતાવ્યું.

દરેકના હૈયામાં કાંઈક વિચાર હોય તે પકડી લે. એકવાર એક બેન કહે 'આજે જમવામાં મઝા ન આવી.' તો તરત કહે, 'તમે ભગવાનમાં ન રહો તો મને ય મઝા ન આવે.' આપણા જીવનમાં શું રાખવાનું, શું મૂકી દેવાનું તે હસતારમતા શીખવાડી દે. તમારું જે કંઈ છે તે પપ્પાજી માટે વાપરતા થઈ જાવ. આપણી ગૂંચમાંથી આપણને બહાર કાઢી, પ્રાપ્તિના કેફમાં રહેતા કરવા છે.

આ સ્વરૂપોને આપણા તરફથી જ કેટલા શબ્દો ને અપમાનો મળ્યા હશે ! છતાં પપ્પાજીનો સંબંધ જ જોયો છે. દેવીબેને પોતે પણ અપમાનો સહન કર્યા. એકોએક સ્વરૂપની બીમારીમાં હૃદય પર પથરો મૂકીને કેવી રીતે વર્ત્યા હશે ! ને નિર્ણયો લીધા હશે ! આ સ્વરૂપો માહાત્મ્યની આગવી અવસ્થામાં ૨૪ કલાક રહે છે. દેવીબેન વ્હીલચેરમાં થોડી જ વાર માટે નીચે આવે ને એટલા જ સમયમાં પણ બધાના હૈયા પપ્પાજીની સ્મૃતિથી ભર્યા કરી દેતાં. આવા સ્વરૂપનો અંતરથી ઉપકાર માનીએ. અમારા વિચાર, વાણી, વર્તનમાં એ ઉતારીએ એવી કલ્યાણકારી બુદ્ધિ આપજો.

**પૂ.હીનાબેન વ્યાસ :** સંત કરોડ ગણા મોટા છે. યોગીબાપાના પત્રનું એ વાક્ય દેવીબેને પોતાના જીવનની સેકન્ડે સેકન્ડમાં વણી લીધું. કોઈપણ સમય, સંજોગ, પોતાના દેહનો કે મનનો ભીડો ગણ્યા વગર પપ્પાજીને મોટા માન્યા. પોતે એવું જીવ્યાં ને બીજાને એવું શીખવાડ્યું. હું જ્યોતમાં ૨૦૦૪માં આવી. પપ્પાજીએ ત્યારે બીમારી ગ્રહણ કરી લીધેલી. મને એવો લાભ નથી મળ્યો કે મને પપ્પાજીનો મહિમા સમજાય. પણ એમની સત્તા, એમની સામર્થિ, એમના સ્વરૂપની ગરિમા દેવીબેને સમજાવી.

દેવીબેન કથાવાર્તામાં કહે કે, સ્વામિનારાયણ મંત્ર રટવાનો અને પપ્પાજીની મૂર્તિ જ યાદ કરવાની. પછી એ સમજાવતાં પોતાનો દાખલો આપીને કહે કે, મને જ્યોતિબેન ગમે એટલે હું એમની મૂર્તિ ધારું એવું નહીં. મૂર્તિ તો પપ્પાજીની જ ધારવાની. આમ પપ્પાજી જ આપણા જીવનનું સેન્ટર હોય એ સમજાવ્યું.

દેવીબેન એમની પરાવાણીમાં કહે કે કર્તા ને હર્તા પપ્પાજી છે. મને થાય કે કર્તાહર્તા જુદુ કેમ ? એ તો એક જ શબ્દ તરીકે બોલાય. એકવાર એમણે જ કૃપા કરીને પ્રવચનમાં કહ્યું કે, કર્તા એટલે સામેનો મુક્ત જે વર્તે છે એ પોતે નથી એને પપ્પાજી વર્તાવે છે એ કર્તા ને એ મુક્તમાં રહીને પપ્પાજી મારા દોષ, સ્વભાવ, પ્રકૃતિ હરી લે છે એ હર્તા. એમ કર્તા ને હર્તા.

માર્ચ ૨૦૧૧ની વાત છે મારે પ્રસંગ બન્યો એટલે મેં દેવીબેનને કહ્યું કે, દેવીબેન સામેનો મુક્ત હોય એ સરખું ના કરે ને મને જેવું તેવું ચાલે નહીં એટલે બધું મારે જ કરવું પડે. હજુ તો પડે શબ્દ પૂરો થાય ત્યાં તો દેવીબેન કહે કે હું તો તને બુદ્ધિશાળી માનતી'તી. પછી ત્રણ વાક્ય બોલ્યા : ૧. તારામાં તો અક્કલ જ નથી. ૨. તું સાવ મૂર્ખ છું. અને ૩જું વાક્ય જે માસ્ટરસ્ટ્રોક કે તને મહિમા નથી. આ ત્રણ વાક્ય સમજતા મને ત્રણ દિવસ થયા. પછી મને સમજાયું કે મને મહિમા નથી એટલે મને સેવા આપવા માટે સામેના મુક્તને પપ્પાજીએ વાપરવો પડે છે એ સમજવાની મારામાં અક્કલ નથી એટલે હું સાવ મૂર્ખ છું. સમજાઈ ગયું પણ એને અમલમાં મૂકવાનું કામ હજી ચાલુ છે. હે દેવીબેન ! આજે તમારા ચરણોમાં એ જ પ્રાર્થના છે કે તમને જે મહિમા, રાંકભાવની અપેક્ષા છે એ મારા જીવનમાં આવી જાય. મારું જીવન જોઈને તમને હાશ થાય, સ્વરૂપોને રાજી કરી શકું એવા મારા વિચાર, વાણી, વર્તન બને એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** મને કાયમ દેવીબેન માટે વિચાર આવે કે એ સમયે જ્યારે પપ્પાજીને કોઈ ઓળખતું નહોતું, પપ્પાજીનું ગૃહસ્થ તરીકેનું જીવન હતું. ત્યારે જ્યોતિબેન, તારાબેન, દીદીનું જીવન જોઈને દેવીબેને નક્કી કર્યું. વકીલ થયેલા. એમણે નક્કી કરેલું કે હું આ ઘરમાં દાસી થઈને રહીશ. એ કેવું જીવ્યા હશે કે પપ્પાજીએ કહ્યું કે દેવીએ મને કદી ઓશિયાળો નથી કર્યો! દેવીબેને પપ્પાજી પાસે ક્યારેય પોતાના ઠરાવ પ્રમાણે ધાર્યું નહીં કરાવ્યું હોય ત્યારે પપ્પાજીના મુખમાંથી એ શબ્દો નીકળ્યા. સત્પુરુષ પાસેથી આવું સર્ટિફિકેટ મળે પછી કાંઈ કરવાનું ન રહે. પપ્પાજી કહે ૯૯% બુદ્ધિ દેવીબેન પાસે છે બાકીમાંથી તમને આપી છે. તોય આપણને ભગવાન જોવા અઘરા પડે છે. દેવીબેને તો આપણામાંય પપ્પાજીના દર્શન કર્યા. ખરેખર દેવીબેનનો મહિમા, સ્મૃતિ વાગોળીએ. સાથે સાથે આ સ્વરૂપોએ જે ડિસિપ્લિનથી સાધના કરી છે તેવું થોડું આપણા જીવનમાં આવે. તેમની મરજી ને વચન આપણું જીવન બને એવો બુદ્ધિયોગ આપો એ જ પ્રાર્થના.

**પૂ.અરૂણાબેન (યુ.કે.) :** દેવીબેનને ૧૯૬૯માં આફ્રિકામાં જોયા. ત્યાં હું બે વાર મળી પછી ૧૯૭૬માં લંડનમાં જોયા. બેને પહેલા આ સ્વરૂપોનો ખૂબ મહિમા ગાયો ને પપ્પાજીનો મહિમા તો પછી ગાયો. અમે કોઈનોય અભાવ ન લઈએ એવા અમને કરી દીધા. છેલ્લે છેલ્લે અમે દેવીબેન સાથે ખૂબ મઝા કરી છે, ખૂબ વાતો કરી છે. એમણે ઘણી સૂઝ આપી છે. એકવાર મને કહે તું નોકરી પર જાય ને તો એમ માનવાનું કે તું એક જ માણસ છે બાકીના ઘેટા છે. ને મને પણ એવું જ લાગતું. કારણ કે મને એકને ભગવાન મળ્યા છે. દેવીબેન miss થાય છે. દીદી તમે સો વર્ષ રહેજો.

ત્યાર બાદ 'ભક્તની ભક્તિનું કિરણ' એ એનીમેશન વીડિયો દ્વારા સાચા ભક્તની પોતાના સેવ્ય સ્વરૂપ પ્રત્યેની ભક્તિ કેવી હોય તે માણ્યું અને દેવીબેને પણ જીવનપર્યંત એવી ભક્તિ કરી છે તેનું દર્શન કર્યું. પછી વીડિયો દ્વારા પ.પૂ.દેવીબેનના આશીર્દાન લીધા.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** ૨૦૦ વર્ષ પહેલા શ્રીજીમહારાજ પધાર્યા ને ચૈતન્ય પર કૃપા કરી. એનું એ જ તત્ત્વ આજે પપ્પાજી રૂપે મળ્યું છે. આપણા જીવમાં સ્થાન લીધું. સ્થાન લઈને બેસી નથી રહ્યા. એમનું જે કાર્ય અહંતા, મમતા નિર્મૂળ કરવાનું તે ચાલુ જ છે. એને માટે જ પોતે પ્રગટ્યા છે. પપ્પાજી આપણા પર પ્રસન્નતાનો કળશ ઢોળે તેવું હળીમળીને જીવવું છે. અમે તારદેવ હતા ત્યારે પપ્પાજી એક વાર્તા કહેતા. ચાર દેવોને ભગવાને કહ્યું કે આ તણખલું ઉડાડવાનું છે. ચારે દેવોએ પોતપોતાની શક્તિ અપનાવી. ભગવાન શાંતિથી જોતા'તા. એ વાર્તા હમણા મને રોજ યાદ આવે છે ને થાય કે દીદીને કહીશ કે ફરી એ વાર્તા કરોને.

હે પપ્પાજી ! તમે જે મિશન લઈને પધાર્યા છો એનો હવે કળશ ચડાવવાનો છે. શુદ્ધિકરણનું બહુ બધું કામ તમે ચૈતન્ય પર કરી નાખ્યું. ઊંડે ઊંડે જે અહમ્ છે એ જ્યાં સુધી અંદરથી સ્વીકાર કરીને નિર્મૂળ નહીં થાય કે હું કાંઈ નથી. કેવળ તમારી કૃપાથી બધું થવાનું છે. જીવ એટલે જીવ જ. જીવને તો એમ હોય જ કે હમણાં હું આમ કરી નાખીશ ને તેમ. તમે અંદરથી

સ્વીકાર કરાવજો કે અમારાથી કશું થાય એવું નથી. જે કંઈ કરવાનું છે તે તમે કરો ને સૌ પર રાજી થાવ. અમે તમારા સંબંધે પ્રાપ્તિના કેફમાં, માહાત્મ્યના મહેરામણમાં ઝૂલતા રહીએ. અમારામાં ન રહીએ. અમારા કાર્યમાં ને અહંકારમાં ના રાચીએ. તમારી મૂર્તિમાં, તમારા કાર્યમાં મ્હાલ્યા જ કરીએ. તમે દુનિયાની સૌથી મોટી અજાયબી છો તો તમારામાં જ રાચીએ. આપણને પપ્પાજી મળી ગયા છે એમાં આપણા તન, મન લીન રહે ને પપ્પાજી ખૂબ ખૂબ આપણને બળ આપે એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** દરેકના ચૈતન્યમાં પ્રભુએ સ્થાન લીધું ને અનુભવ કરાવે છે. વાર્તામાં પેલા સંતે કહ્યું તેમાં બહુ બધું કહી દીધું. હું શું છું તેના કરતા શું બનવાનું છે તે નિશાન દેવીબેને રાખ્યું. કેટલી નાની ઉંમરે તેમનામાં ડાયાબિટીસ મૂકી દીધો. છતાંય પરદેશ જવાનું હોય તો જાત્રા માનતા. દેવીબેન માહાત્મ્યસ્વરૂપ. 'પ્રેમેવંદન...' ભજન જ્યારે એમના કંઠે સાંભળીએ ત્યારે ખબર પડે કે કેટલા માહાત્મ્યથી એ વંદન કરે છે. દરેક પ્રસંગે જે જરૂરિયાતનું હતું તેવો તેમણે ઉઠાવ લીધો એટલે સર્વપ્રિય દેવીબેન હતા.

ગરબા કરવામાં સરસ. ક્રિકેટ રમે તો એક બોલ ખાલી ન જાય. બોલવા-ચાલવામાં હોંશિયાર. એમણે નક્કી કર્યું હોય તે કરે જ છૂટકો. એમણે નક્કી કર્યું છે કે આપણને પ્રાપ્તિ કરાવવી છે તો તે કરાવીને જ જંપશે.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** મહારાજ અને ગુણાતીતે કૃપા કરી પણ આપણે ઝીલીએ તેવા નહોતા. એટલે એમનો જે સિદ્ધાંત એ રીતે જીવવા માટે શાસ્ત્રીજીમહારાજ, યોગીજીમહારાજે દાખડો કરી અત્યારે આપણને એ રીતે જીવતા કર્યા. મહારાજનો જે સંબંધવાળો છે તેમાં મહારાજ જોઈને સેવા કરવાની. એ આપણો સિદ્ધાંત. એવા સિદ્ધાંતે જીવતા ગુણાતીત સ્વરૂપો આપણને બાપાએ તૈયાર કરી આપ્યા. એમાં બહેનોમાં બા, બેન, જ્યોતિબેન, તારાબેન, હંસાબેન, દેવીબેન, જસુબેન, પદુબેન, સદ્‌ગુરુઓ તૈયાર કરી આપ્યા. બહેનો માટે નસીબ કે ગુણાતીતભાવમાં રહેનારા સ્વરૂપો મળ્યા. એમાંના એવા દેવીબેન છે. એમના પ્રારબ્ધ વાપરીને બાપાએ અંતદ્રષ્ટિ કરાવીને જીવતા કરી નાંખ્યા.

પળેપળ સવારે તમે જે પ્રાર્થના બોલો છો એ આદર્શ તમારો છે જીવન આ લોકોનું છે. વર્તન વાતો કરે એવા આદર્શ સ્વરૂપ દેવીબેન પાકી ગ્યા. અત્યારે બધાય તરફ એ આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ રાખે છે. બાપા એને વર્તાવે છે એમ માનીને સમર્થ થકાં ઝરણા કરે છે.

ગ. પ્ર. ૨૭ વચનામૃત છે. દોષ બધાય જાણે છે. તમારામાં પ્રભુ જુવે છે. પ્રકૃતિ – પુરુષ સુધી મન પર લેતા નથી. સંબંધ છે ને ! અને છેલ્લાના ૩૦ વચ. પ્રમાણે એને જેટલા સોંપ્યા છે તેટલા ચૈતન્યના અહંતા, મમતાના પાશ જુવે છે, મન પર લે છે, એ ટાળવા માટે ભજન ને જતન કરે છે. બહેનો માટે તન, મન, ધન, આત્માનું રક્ષણ કરી રહ્યા છે. હવે આપણા હાથમાં છે કે, એમને અંતર્યામી માની, સાથ આપતા થઈ જઈએ. દોષ કબૂલ કરીએ.

સમૈયે ને એમનેમ આપણે આવીએ છીએ. મંડળોમાં જઈએ છીએ. સમાગમ તો ઠેરઠેર આપ્યો છે, એનો લાભ લઈએ. ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું અહીં મેડી, બંગલા કરીએ એ સો વર્ષનું છે. મૂકીને જવાનું જ છે. આત્માનું કરીશું તેટલું જ લઈને જવાનું છે. જેટલા દેવીમય થઈને, એના કાયદે જીવીશું એટલું ચૈતન્યમાં આપણી સાથે બીજે જન્મે આવશે. આપણે ક્યાં માન, સ્વાદ, સ્નેહ, લોભ, કામમાં લેવાઈએ છીએ ? સ્વધર્મ ચૂકીએ છીએ ને અભાવ લઈએ છીએ એ જોઈ લઈ ત્યાં જાગ્રત રહી ધ્યાન આપીએ. આવી મોજ કદી આપી નહોતી. અત્યારે દેવીબેનના આશીર્વાદ, કૃપા એમની સન્મુખ દ્રષ્ટિ રાખીને જીવતા હોઈશું તો થશે. ખપ ન હોય તો ખપ ઉગે, પોતાના દોષ દેખાઈ જાય તેવો બુદ્ધિયોગ આવી જાય, એવા અંતરના આશીર્વાદ આજે દેવીબેન આપી દે એ જ અંતરની પ્રાર્થના ને આશીર્વાદ.

આશીર્વાદ બાદ પાંચ મિનિટ ધૂન કરી, બ્રહ્માનંદી તેજ પર્વના જયઘોષ સાથે સભાનું સમાપન કર્યું.

## તા.૨૮–૩૦ નવેમ્બર ૨૦૨૫ : પ.પૂ.શોભનાબેનના ૭૫મો પ્રાગટ્યદિન અને હીરક સ્વરૂપદર્શનદિન 'અભીપ્સા પર્વ'ની ઉજવણી...

ગુરુહરિ પપ્પાજીમહારાજના આધ્યાત્મિક ક્રાંતિકારી કાર્યની સફળતાના પરિણામો જોઈ નૂતન સાધનામાર્ગનો આરંભ થયો તે શોભનમાર્ગ કહેવાયો. એવા પ.પૂ.શોભનાબેનનો ૭૫મો પ્રાગટ્યોત્સવ અને ૬૦મો સ્વરૂપદર્શનનો પર્વ જેને 'અભીપ્સા પર્વ' નામ મળ્યું. નાની ઉંમરથી હજુય એવી જ શ્રેષ્ઠ અભીપ્સા રાખી શોભનાબેન ગુરુહરિ પપ્પાજીમહારાજને અને ગુરુસ્વરૂપ પ.પૂ.દીદીની દાસત્વભક્તિ રાખી જીવન જીવી રહ્યાં છે.

પપ્પાજીના Pથી આરંભાયેલી જીવનયાત્રાની સ્મૃતિએ Pના લોગોમાં શ્રી ઠાકોરજી અને ગુરુહરિ પપ્પાજીમહારાજ, ગુરુહંસાદીદીસહ પ.પૂ.શોભનાબેનની મૂર્તિને હીરક સ્વરૂપદર્શનના પ્રતીકમાં હીરા આકારમાં મૂકી. જેમાં ભક્તિ કરવાની અભીપ્સા ધરી હતી.

તેમના પરદેશના કાર્યક્ષેત્રની સેવામાં આ વખતે ૪૭મી પરદેશની ધર્મયાત્રા પૂરી થઈ. તેઓ પરદેશ વિભાગના પ્રમુખપદને શોભાડી રહ્યાં છે. આ પર્વને માણવા દેશ – પરદેશના આશ્રિત ભક્તોનો સમૂહ પધાર્યો. સાથે ઉજવણીના ઘણા ઘણા કાર્યક્રમો બનાવીને આવેલા. તેમાં લંડન જ્યોત તરફથી ઉજવણીમાં પ.પૂ.શોભનાબેનને બહેનોએ પૂછ્યું, 'અમે તમારા જીવનદર્શન ઉપર કાર્યક્રમ કરીએ?' તો તેમણે જણાવ્યું કે, 'એક શરતે કે પહેલા ગુરુહરિ પપ્પાજીમહારાજનું કરો તો જ.' ને બહેનોએ સ્વીકાર્યું. ને પ.પૂ.ઈલાબેન વાઘેલા અને એમની ટીમે કાર્ય શરૂ કર્યું. એ રીતે આ વખતે તા.૨૮, ૨૯, ૩૦ નવેમ્બરનો કાર્યક્રમ ઘડાયો. તેવું જ અહીં પણ સંપ, સુહૃદભાવ, એકતાથી આ ઉત્સવનો ઉમંગ વધી રહ્યો હતો.

પ્રભુકૃપા તીર્થધામે અને જ્યોતના પ્રવેશદ્વાર પાસે શોભનબાગની શોભા સૌને કૃપાવારિમાં ભીંજવી રહી હતી. ઠેર ઠેર પુષ્પોની મધ્યમાં આનંદના ફુવારા કહો કે માહાત્મ્યનો ધોધ તેના સૂરમાં સૌ મ્હાલી રહ્યા હતાં. ગુરુહરિ પપ્પાજીમહારાજ જાણે પ્રત્યક્ષ થઈ રાજીપો વરસાવતા હોય તેવા અનુભવમાં સૌ ગરકાવ હતાં.

**જ્યોતિહોલમાં નાનું પણ ઘણું ઘણું કહી જાય તેવું પ્રદર્શન ગોઠવેલું જેનો શુભારંભ પ.પૂ.દીદીના હસ્તે તા.૨૪.૧૧.૨૦૨૫ના દીપ પ્રાગટ્યથી થયો.** જેમાં ભક્તિઆનંદ હતો. શ્રી ઠાકોરજીના ચરણાર્વિંદની પ્રદક્ષિણા હતી, ગુરુહરિ પપ્પાજીમહારાજ અને તેમણે ઘડેલા જંગમમંદિરોના દર્શન હતાં. જપયજ્ઞ લેખનની અભીપ્સાઓની ભક્તિ હતી. બ્રહ્માનંદ સાથે બ્રહ્મવાણીના સૂત્રો અને મૂર્તિદર્શનની મોજ દિવ્યતાથી ભરી દેતી હતી. સાંનિધ્ય આનંદની સુવ્યવસ્થા સાથે ભક્તોના માહાત્મ્યનું દર્શન હતું.

### તા.૨૮.૧૧.૨૦૨૫ : શાશ્વત સંકલ્પ પર્વ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ 'પગલે પગલે પામુ પપ્પાજીને...'

તા.૨૮.૧૧.૨૦૨૫ના સાંજે ૪:૩૦ વાગ્યે ટાઉન હૉલમાં કાર્યક્રમના પ્રારંભે સ્વરૂપોને સ્વાગતભાવ ધર્યા બાદ **'પગલે પગલે પામું પપ્પાજીને...'** કાર્યક્રમ શરૂ થયો. તેમાં આ જોગની કિંમત સમજવી છે. સમય વહી રહ્યો છે. એની જાગ્રતતા આવે તેવો ડીજીટલ માધ્યમ સાથે સાંસ્કૃતિક કલાનૃત્યો દ્વારા પ્રસ્તુત કર્યો.

### તા.૨૯.૧૧.૨૦૨૫ : અભીપ્સા પર્વ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ 'દિવ્ય જીવનનો સંદેશ'

તા.૨૯.૧૧.૨૦૨૫ સાંજે ૪:૩૦ વાગ્યે ટાઉન હૉલમાં પ.પૂ.શોભનાબેનના જીવનદર્શનની ઝલકનો **'દિવ્ય જીવનનો સંદેશ'** કાર્યક્રમ રજૂ કર્યો. તેમાં પૂર્વાશ્રમના સંસ્કારથી માંડી, સ્વામિનારાયણ ભગવાનની આરતીના ડંકા પાડોશી હરિભક્ત પૂ.ધીરૂભાઈ ભટ્ટના(પૂર્વાશ્રમના પૂ.હેમાબેન ભટ્ટના પિતાશ્રી) ઘરેથી સંભળાતા તે સૂણતા આ નાની બાલિકા ત્યાં પહોંચી જતી. એ રણકારથી આજે સ્વયમ્ જંગમતીર્થ બની જીવનઆરતીના રણકારથી અનેકને દિવ્યતાના માર્ગે પ્રગતિ કરાવી રહ્યાં છે. ત્યાં સુધીની જીવનયાત્રાનું દર્શન કરાવ્યું.

## તા.૩૦.૧૧.૨૦૨૫ : પ.પૂ.શોભનાબેનના 'અભીપ્સા પર્વ'ની મુખ્ય સભા

શોભનાબેનના આયુનો અમૃતપર્વ અને સ્વરૂપ અનુભૂતિનો હીરકપર્વ. શોભનાબેન પૂર્વના જ મહા મુક્તરાજ. દૈવી આત્મા. તો જન્મ્યા ત્યારથી ભક્તિના સંસ્કાર તરી આવ્યા. તેમના દિવ્ય તત્ત્વનું ઓજસ પ્રકાશમાન થવા લાગ્યું. નાનપણથી વિવેકભર્યું વર્તન હતું. નમ્ર ને ભાવપ્રધાન અંગ. પોતે જૈન હોવા છતાં સ્વામિનારાયણ સત્સંગમાં રસ ઉપજ્યો. ગુરુહરિ પપ્પાજીમહારાજનો યોગ થયો. દીદીની દિવ્ય દ્રષ્ટિએ સંસાર અસાર થતાં ભગવાન ભજવા આવી ગયા. સાધના દરમ્યાન ગુરુની આજ્ઞામાં ટુક ટુક વર્ત્યા. કહે તેમ કરીને પામી ગયા ને અનેકના શાંતિદાતા બની ગયાં. તેઓ કહેતાં કે, આપણાથી બીજાને શાંતિ થાય એ આપણી મોટપ નથી. પણ આપણી શાંતિ કદીય ભેદાય નહીં એ મોટી વાત છે. તેનું દર્શન તેમના જીવનમાં સહજ થાય છે. ક્યારેય તેમનો આનંદ ગયો નથી. ઉગ્ર થતાં જોયા નથી. તેમની વાણીમાંથી આનંદના ઉદ્‌ગાર વહેતા જ રહ્યાં છે. બ્રહ્મની મસ્તી સહજ તેમનામાં જોવા મળે છે. જ્યાં પોતાનો દોષ નોંધાય ત્યાં ચોટ સહિત નિશ્ચયાત્મક ગાંઠ વાળી દેતાં. ફરી ક્યારેય તેવી ભૂલ ના થાય તેવી તકેદારી રાખીને વર્ત્યા છે. તો નૂતન શોભનમાર્ગના પ્રણેતા બન્યાં.

એમના પ્રવચનોમાંથી સ્પષ્ટપણે તેમની સાધનાની મક્કમતા અને પ્રત્યક્ષ પ્રભુના અસાધારણ માહાત્મ્યનું દર્શન અનુભવ્યું છે. દેશ-પરદેશમાં પ્રભુનું કાર્ય પ્રભુની રીતે કરીને સંબંધમાં આવેલા મુક્તોને પ્રભુમય કરીને અક્ષરધામનું સુખ લેતાં કરી રહ્યાં છે. તન, મન, આત્માથી સોંપેલા કાર્યમાં ઓતપ્રોત થઈને ગુરુહરિ પપ્પાજીમહારાજ અને સ્વરૂપોને નિશ્ચિંત કર્યા છે. ધીર, ગંભીર છતાં આત્મીય. સૌ કોઈને પોતાપણું લાગે એવું નાના સાથે નાના અને મોટા સાથે મોટા થઈને વર્તે છે. પ.પૂ.દીદીને નિશ્ચિંતતા રહે તેમ સેવા, પ્રાર્થના, સંકલ્પ, કથાવાર્તાથી જ્યોતની જવાબદારીઓ બજાવી રહ્યાં છે. તેમનો મહિમા તો નેતિ નેતિ છે. એવા શોભનાબેનનો આપણે 'અભીપ્સા પર્વ' ઉજવી રહ્યાં છીએ.

૩૦મી નવેમ્બર, ૨૦૨૫ના શુભ દિને પ.પૂ.શોભનાબેન પ્રભુકૃપા તીર્થધામે ગુરુહરિ પપ્પાજીમહારાજને પ્રાર્થનાભાવ ધરીને જ્યોત પંચામૃત હૉલમાં પધાર્યા. ને સવારે ૯:૧૫ વાગ્યે **અભીપ્સા પર્વ**ના સ્વાગતે સૌ થનગની રહ્યાં. જ્યોત પ્રાંગણે ગુરુહરિ પપ્પાજીની મૂર્તિના દર્શને સૌ કૃપાવારિમાં ભીંજાઈ પંચામૃત હોલમાં લીલા પથ પર અભીપ્સા પર્વના હાર્દિક સ્વાગત પુષ્પદ્વારથી, શોભનબાગની પુષ્પવેલીઓની ભક્તિ સ્વીકારતા, નિત્ય મંદિરની મૂર્તિને આરાધતા, પ.પૂ.દીદી અને પ.પૂ.શોભનાબેન પપ્પાજી હોલના પ્રવેશદ્વારેથી હોલમાં પધાર્યા.

પપ્પાજી હોલના મુખ્ય દ્વાર પાસે મોટા અક્ષરે 60 લખેલ સુશોભન કર્યું હતું. તે 6 0 લખેલ દ્વાર સરક્યા ને આવરણ દ્વાર પાછળ બિરાજેલા પ.પૂ.દીદી અને પ.પૂ.શોભનાબેનના દર્શન થયાં. પ.પૂ.દીદી અને પ.પૂ.શોભનાબેને દીપ પ્રાગટ્ય કર્યું.

પૂ.અરૂણાબેન પટેલ રચિત 'આનંદ મંગલદિન આજે...' ભજન પર તાળીઓના તાલે તાલે સ્વાગત કર્યા. દર્શન દેતાં મંચ પાસે 75 લખેલ દ્વાર પાસે પધાર્યા. તે દ્વાર સરક્યા ને પ્રથમ દર્શન પપ્પાજીમહારાજના કરવા પડદા ખસ્યા ત્યાં તો અભયમુદ્રામાં ગુરુહરિ પપ્પાજીમહારાજના દર્શન થયા. તેમને પુષ્પવૃષ્ટિથી વધાવ્યા. બંને સ્વરૂપોએ પુષ્પહાર અર્પણ કર્યા.

ત્યારબાદ નૃત્યભાવમાં સૌ પ્રથમ પૂ.દિવ્યાબેન રચિત 'આવ્યા તમે ધરાએ...' ભજન પર રાજકોટની બાલિકા પૂ.ચેષાબેન દિક્ષિતભાઈએ સૌને માહાત્મ્યથી ભરી દીધા. ત્યારબાદ સાધક કલાકાર બહેનોએ પૂ.ધર્મિષ્ઠાબેન મોઢ રચિત 'શોભનરાહની વાટ અનેરી...' ભજન પર નૃત્ય કરી દંગ કરી દીધા. એ સ્વાગતભાવ ઝીલી સ્વરૂપો મંચસ્થ થયા.

સભાના આરંભે આવાહન શ્લોક બાદ મુક્તાક્ષર પુરુષોત્તમની જય બોલાવતા સભા સંચાલક પૂ.સ્મૃતિબેન દવેએ પરદેશના હરિભક્તોને શબ્દપુષ્પોથી વધાવી સ્વાગતભાવ ધર્યાં. ને તેમના પ્રતિનિધિ તરીકે લંડન

જ્યોતના મહંત પૂ.નયનાબેન વિસાણીને હાર અર્પણ કર્યો. પૂ.પન્નાબેન દવેએ શોભનાબેનના પ્રાગટ્યની સ્મૃતિ કરાવતા ગુણાતીત સમાજ પ્રત્યે ઋણ વ્યક્ત કરતા સ્વાગતભાવ વ્યક્ત કર્યા. પૂ.ઈલાબેન વાઘેલાએ ગુરુહરિ પપ્પાજીમહારાજ અને પ.પૂ.શોભનાબેનના સુંદર કાર્યક્રમ રજૂ કર્યા તે વધાવતાં તેમને પ્રસાદીના હાર, કલગી અર્પણ કરી બહુમાન કર્યું.

સભાના પ્રારંભે પૂ.શોભનાબેને ગુરુહરિ પપ્પાજીમહારાજને તેમજ પ.પૂ.દીદીને હાર અર્પણ કર્યા. ત્યાર બાદ સ્વરૂપોને તેમજ વડીલ ભાઈ સ્વરૂપોને ભાવાર્પણ થયા.

ત્યાર બાદ સાધક બહેનો તેમજ દેશ-પરદેશના ભક્તો વતી પૂ.શોભનાબેનને ભાવાર્પણ થયું. પૂ.જીતુભાઈ મિસ્ત્રીએ ધ્વનિમુદ્રિત ભજન દ્વારા પ્રાર્થનાભાવ વહાવ્યા.

વિશેષમાં યુ.કે.ના ભક્તોએ પ્રાર્થનાભાવની ભેટ અર્પણ કરી. જેમાં તેઓએ સંકલ્પ કરી પોતાનું વર્તન બનાવવા માટે જે પ્રોમીસ આપી હોય તે પ્રાર્થનાભાવ પૂ.પારૂલબેન ધોકિયા, પૂ.મીનલબેન કોટેચાએ અર્પણ કર્યા. ને પૂ.ડીમાબેને તેની માહિતી આપી.

લંડન જ્યોતના બહેનો વતી પૂ.રેખાબેન ખમાર, પૂ.હર્ષીબેન, પૂ.ઈલાબેન વિસાણી, પૂ.વર્ષાબેન વિસાણીએ તૈયાર કરેલી 'સૌમ્ય મૂર્તિ સાધુતાની' બુકલેટ પૂ.વર્ષાબેન વિસાણીએ અર્પણ કરી. જેમાં શોભનાબેને આપેલા બ્રહ્મસૂત્રો તેમ જ પપ્પાજીના આશીર્વાદનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પૂ.ઈલાબેન વાઘેલાએ પેનડ્રાઈવનું અનાવરણ પ.પૂ.દીદીના હસ્તે કરાવ્યું. જેમાં બહેનો, ભાઈઓએ ગાયેલા દીદી રચિત જૂના ભજનો, કાર્યક્રમના ભજનો, શોભનાબેનનું જીવનદર્શન ઓડિયોમાં, શોભનાબેનના પ્રવચનોનો સમાવેશ કર્યો છે.

પૂ.હરણાબેન અને પૂ.પૂર્વીબેને તૈયાર કરેલું શોભનાબેનના જીવનદર્શનનું પુસ્તક 'પરમની વહેતી પ્રભુતા'નું અનાવરણ પૂ.બંસરીબેને પ.પૂ.પદુબેન પાસે કરાવ્યું. ત્યારબાદ માહાત્મ્યદર્શન અને આશિષ લીધા તેનો સાર માણીએ.

**પૂ.રમીબેન :** ઈ.સ.૧૯૭૩માં હું અહીં આવી ત્યારે શોભન માર્ગ લેખ વાંચવાનો પપ્પાજીએ કહ્યો. બેને એ લેખ ને સાધના સમજાવી. તે સમજીને સાધના શરૂ કરી. શોભનાબેન સ્વયં સ્વરૂપ છતાં બધાના સૂચનને સ્વીકાર્યા છે. યુ.કે.માં બેને જે જે સૂચન કર્યા હોય એ મેં તેમના વર્તનમાં જોયા છે.

એમના વાયરે આપણું કલ્યાણ થાય એવા છે, છતાં છૂપા રહે છે. એમનો કર્મયોગ પણ ખૂબ જવાબદારીવાળો છે. શોભનાબેનનો સંકલ્પ પહેલેથી બળિયો તો આ જવાબદારી પપ્પાજીએ સોંપી. આજે પ્રાર્થના છે કે, અમારા સૌની સ્વની ભૂમિકા ન રહે અને સુખે સુખે પામી જઈએ.

**પૂ.નિયતીબેન (યુ.કે.) :** બે વર્ષની હતી ત્યારથી શોભનાબેન મારા ગુરુ છે. અમારા આખા ફેમીલીનું ખૂબ જતન કર્યું છે. મારા મમ્મી અચાનક ધામમાં ગયાં ત્યારે અમને બહુ શોક લાગ્યો હતો. શોભનાબેને બહુ બળ આપ્યું. અમારે યુ.કે. જવાનું થયું ત્યારે શોભનાબેન અમારી સાથે ત્યાં આવ્યા ને ત્યાં પણ બધું સંભાળ્યું ને અમને ખૂબ શાંતિ આપી.

૨૦૨૨માં મારા ભાઈ આકાશના ઘરે આવ્યા ને એને ખૂબ બળ આપ્યું. પછી એનું કેન્સર પકડાયું. ૨૦૨૪માં ખૂબ સિરિયસ થઈ ગયો. શોભનાબેન તરત યુ.કે. આવ્યા. એરપોર્ટથી સીધા હૉસ્પિટલમાં આવ્યા. ત્યારપછી આકાશ ધામમાં ગયો.

શોભનાબેને અમારી કપરી પરિસ્થિતિમાં સામેથી આવીને બળ આપ્યું છે. એમની ડિવાઈન એનર્જી, પ્રાર્થના, સંકલ્પ કામ કરે છે તો હું સ્ટ્રોંગ રહી શકું છું. પ્રસંગ આવે ત્યારે હારી નથી જવું ને પપ્પાજી પર વિશ્વાસ રાખી પ્રાર્થના કરવાનું બળ આપજો.

**પૂ.સોનલબેન લાખાણી (યુ.કે.) :** ઈ.સ.૨૦૧૪માં શોભનાબેન લંડન હતા ને એ વખતે મારા ભાભીને રાખડી બાંધી ને મને કહ્યું કે જ્યાં સુધી બાળકનો જન્મ ન થાય ત્યાં સુધી રોજ ૧૫ મિનિટ ધૂન કરજે. તે પ્રમાણે ધૂન કરતી. થોડા દિવસો પછી અચાનક

મારા ભાઈનો મેસેજ આવ્યો કે ઈમરજન્સી ઓપરેશન માટે ભાભીને લઈ ગયા છે. શોભનાબેનને વાત કરી તો કહે તું અત્યારે જ હોસ્પિટલમાં જા. હું ગઈ. પછી નર્સે કહ્યું કે તમે લકી છો કે તમને ઘરે મોકલી ના દીધા. નહીં તો જે ઈમરજન્સી થઈ તેમાં બાળક માટે પ્રોબ્લેમ થાત.

સૌ સ્વરૂપોને પ્રાર્થના કે શોભનાબેન જે કંઈ આજ્ઞા આપે તે પળાય તેવું બળ આપજો.

**પૂ.રાજુભાઈ દત્તાણી (યુ.કે.)** : શોભનાબેન સતત પપ્પાજીમાં જ રહે છે. તે શીખવે છે કે, પપ્પાજીને વાપરતા શીખી જાવ. જ્યોતમાં સેવા માટે જઈએ ત્યારે શોભનાબેન પપ્પાજીની વાતો કરે. કાંઈ બરાબર ન થાય તો શાંતિથી સૂચન કરીને શીખવે છે.

શિલ્પાના ઓપરેશન વખતે શોભનાબેન ઓપરેશન પહેલા આવી ગયેલા. શિલ્પા સાથે બેઠા, ડૉક્ટર સાથે વાત કરી. ઓપરેશન દરમ્યાન અઢી થી પાંચ વાગ્યા સુધી એકદમ સ્થિરતાથી માળા કરી. ઓપરેશન પૂરું થયા બાદ મેં કહ્યું કે હવે જઈએ. તો કહે ના શિલ્પાને મળીને જઈશ. આમ સવારના ૧૧ થી રાતે ૮:૩૦ વાગ્યા સુધી ત્યાં જ રહ્યા ને બળ આપ્યું, રક્ષા કરી.

શોભનાબેન કહે છે તેમ પ્રથમ પ્રભુ પછી પગલું રાખીએ. માઈન્ડ બંધ કરીને પપ્પાજીને વાપરતા થઈ જવાય તેવું અમે સમગ્ર તંત્રથી કરીએ એવી પ્રાર્થના.

**પૂ.શિલ્પાબેન દત્તાણી (યુ.કે.)** : શોભનાબેન ૪૦ વર્ષથી મારા ગુરુ છે. મારા જીવનના દરેક ઉતાર ચડાવમાં મારી સાથે જ રહ્યા છે. મારો હાથ પકડીને બળ આપે છે. અમે ૬ વીક માટે USA ગયેલા. ૨ વીક પછી મારું વિઝન જતું રહ્યું. ત્યાંથી આવ્યા પછી આંખો ચેક કરાવવા ગઈ તો લાગ્યું કે કંઈક સિરીયસ પ્રોબ્લેમ છે. પછી તો બહુ બધા ચેક અપ, સ્કેન કર્યા. તેમાં ખબર પડી કે બ્રેઈનમાં પીટ્યુટરી ગ્લેન્ડ પર ટ્યુમર છે. ઓપરેશન કરાવવું પડશે. શોભનાબેન મારા માટે યુ.કે. આવ્યા. ઑપરેશન થયું. ડૉક્ટરે કહેલું કે મારું વિઝન નહીં રહે પણ મને સરસ થઈ ગયું. હું ખરેખર લકી છું કે બધા સ્વરૂપો, બહેનો, ગુણાતીત સમાજે મારા માટે ભજન કર્યું. તમે મને વિઝન આપ્યું છે તો હું બધામાં નિર્દોષભાવ રાખું એ જ પ્રાર્થના.

**પૂ.ધવલભાઈ (વિદ્યાનગર)** : હું ૧૫ વર્ષથી સત્સંગમાં છું. મેં પપ્પાજીના દર્શન નથી કર્યા. સૌ પ્રથમ શોભનાબેનના દર્શન કર્યા ત્યારે એમણે કહેલું કે આપણે ઘણું કામ કરવાનું છે. મને તો કાંઈ સમજ જ નહોતી. શોભનાબેને ધીમે ધીમે અમને આગળ લીધા છે. જીવનમાં ઘણા પ્રસંગો આવ્યા છે ને ચાલે છે. પણ પપ્પાજી અને શોભનાબેને એટલું બધું કર્યું છે કે મનમાં શાંતિ રહે છે. કોઈ ડર નથી લાગતો. અમારું પપ્પાજી ગ્રુપ પપ્પાજીનું કાર્ય બની રહે, તન, મન, ધન, આત્માથી સુખી થઈએ ને બહેનોની સેવા કરીએ એ જ પ્રાર્થના.

**પૂ.પાર્થભાઈ ગાંધી (મેંગ્લોર)** : શોભનાબેનનો અમારા પરિવાર પર હાથ છે. સાથે સાથે મીનાબેન, અશ્વિનભાઈ, તારાબેન અમારી સાથે હંમેશા રહ્યા છે. મમ્મી ધામમાં ગયા પછી પપ્પા તો સેવામાં જ હતા. વસુબા અને દાદા સાથે રહ્યા છીએ. ત્યારે શોભનાબેને ધ્યાન રાખ્યું છે.

પાર્થભાઈના પુત્ર વિવાનભાઈએ પપ્પાજીનો સ્વર્ગ પૃથ્વી પર ઉતારવાનો પ્રસંગ કહ્યો તે વીડિયો ક્લીપ દ્વારા સાંભળ્યો. ને પોતે પણ નાના ભાઈ સાથે સંપીને રહેશે તેવી ભાવના વ્યક્ત કરી.

**પૂ.શિલ્પાબેન રાડિયા (યુ.કે.)** : ૨૦૨૧માં મારા લગ્ન થયા. ત્રણ મહિના પછી મને છાતીમાં દુખાવો થયો. હું ડૉક્ટર પાસે ગઈ તો ખબર પડી કે હાર્ટમાં ત્રીજો વાલ્વ કામ નથી કરતો. ઓપન હાર્ટ સર્જરી કરવી પડશે. હજુ મારા લગ્ન થયેલા ને તેથી આવા સમાચાર ઘરમાં આપતા મને બહુ દુઃખ થતું હતું. મારા સાસુ કહે તું ચિંતા ન કર. આપણે શોભનાબેન પાસે જઈએ. અમે શોભનાબેન પાસે ગયા તો તે કહે, પપ્પાજી તારા ઓપરેશનમાં આવશે ને તારી સર્જરી કરશે. સર્જરી તો થઈ ગઈ. પણ રીકવરી બધી રીતે અઘરી હતી. ત્યાર પછી જાણે હું પેરેલાઈસ્ડ થઈ ગઈ. મને બહુ દુઃખ થતું હતું કે મારા સાસુએ મારા માટે બધું કરવું પડે છે. શોભનાબેન કહે એ તારી સપોર્ટ સિસ્ટમ છે. અત્યારે એ સેવા કરે છે પછી તું એમની કરજે. એમણે મને

પોઝીટીવીટી આપી. બે વર્ષ પહેલાં હું જ્યોતમાં પહેલી વાર આવી ત્યારે દીદીને મળી. મારા સ્કાર માટે મને દુ:ખ હતું તે દીદીએ ટાળી દીધું. પપ્પાજીએ મને નવો જન્મ આપ્યો તેવું મને લાગે છે.

આ બે વર્ષમાં પપ્પાજીની કૃપાથી મારી તબિયત સારી રહી એ મારા માટે ચમત્કાર છે. શનીને અને મને ખૂબ ગાઈડ કર્યા છે. પપ્પાજી અને શોભનાબેનની કૃપા ન હોત તો હું ક્યારની ડિપ્રેશ થઈ ગઈ હોત. હું લકી છું કે બધાએ અમારા ફેમીલી માટે ખૂબ પ્રાર્થના કરી છે.

**પૂ.ક્રિષ્નાબેન રાજકોટ :** ૧૩ – ૧૪ વર્ષથી શોભનાબેનનો પરિચય થયો ત્યારથી અમારું જીવન બદલાઈ ગયું. કેવી રીતે જીવવું તે એમણે શીખવાડ્યું. પ્રથમ પ્રભુ પછી પગલું તે સૂત્ર આપેલું. તે કેવી રીતે આપણા જીવનમાં ઉપયોગી થાય તે શીખવાડ્યું.

શરૂઆતમાં અમારે ખાસ કંઈ હતું નહીં તો શોભનાબેને કહ્યું, ચિંતા નહીં ચિંતન કરો. શોભનાબેન રાજકોટ અમારા ઘરે આવતા. અમારે નવું ઘર બનાવવું હતું. પણ આર્થિક રીતે થોડું મુશ્કેલ હતું. શોભનાબેને જાતે જ કહ્યું કે, હવે આવીશ ત્યારે તમારા નવા ઘરે આવીશ. ને ખરેખર તેમની કૃપાથી બીજી વાર આવ્યા ત્યારે નવું ઘર થઈ ગયેલું.

એવી જ રીતે એકવાર વિદ્યાનગર આવતા અમને થોડી તકલીફ પડી. ત્યારે એમણે કહ્યું કે, હવે ફરી આવશો ત્યારે દીપ પોતાની નવી કાર લઈને આવશે. ખરેખર બે વર્ષ પછી અમે જ્યારે આવ્યા ત્યારે એ વાત સાચી થઈ ગઈ. એટલે શોભનાબેનની વાતમાં વિશ્વાસ રાખીએ તો આપણું કામ થાય. તો પપ્પાજી અને શોભનાબેનને પ્રાર્થના કે તમારી રુચિ પ્રમાણે જીવાય એવા અમારા પર આશીર્વાદ વરસાવજો.

**આશીર્દાન પ.પૂ.બેન :** ધન્ય છે શોભનાબેનને કે, એ વચન પ્રમાણે જીવ્યાં. ખપવાળા છે. મહિમા હોય પણ વર્તન ન હોય તો ન ચાલે. પણ શોભનાબેન તૈયાર સેમ્પલ છે. કોઈ ફોદો ન કાઢી શકે. બધાય શોભનાબેન જેવી સ્થિતિ કરી લેવાનું તાન રાખીએ. ખબર ન પડે તો સૂઝ લઈએ. અમહિમા બહુ ખતરનાક છે. ગુરુહરિ બોલવા ને માનવા તે જુદી વાત છે. માનીએ તો ગુણ આવ્યા વગર રહે નહીં. બધાય શોભનાબેન જેવા બની જઈએ તો પ્રકાશ ક્યાંય સમાય નહીં. એમનું એકરહેણીભર્યું જીવન. સાધુતાભરી મૂર્તિ, હસતું મોઢું ને રાંકભાવ. મને તો હાશ કરી દીધી. સૌને સાચવ્યા. કોઈનેય લાગ્યું નથી કે મારા ગુરુ નથી આવ્યા. એમનામાં ભગવાન કામ કરે છે. આપણે સૌ ગ્રાહ્ય દ્રષ્ટિ રાખીને જીવન જીવતા થઈ જઈએ એ જ પ્રાર્થના.

**પૂ.જયશ્રીબેન વાઘેલા (યુ.કે.) :** શોભનાબેન મારા ગુરુ નથી પણ જ્યારથી ઈલાબેનના ગુરુ થયા ત્યારથી અમારી રૂમમાં તેમની મૂર્તિ છે. શોભનાબેને મારું પણ ખૂબ જતન કર્યું છે. એમને કંઈપણ પૂછવું હોય તો પૂછી શકાય. મારા મમ્મી બીમાર હતા. શોભનાબેન મમ્મીને મળવા હૉસ્પિટલે એપલ લઈને આવ્યાં હતાં ત્યારે તેમાનું એક એપલ હાથમાં લઈને પ્રાર્થના કરી હતી. મેં મમ્મીને એપલ ખાવા માટે પૂછયું તો તેમણે હા પાડીને કહ્યું કે, શોભનાબેને જે એપલ હાથમાં લીધેલું તે જ ખાવું છે. અને શોભનાબેને કેવી પ્રાર્થના કરીને આપ્યું હશે કે મમ્મી હેરાન થયા વગર ૩ દિવસમાં ધામમાં ગયા. ત્યારપછી પણ રોજ અહીંથી ફોન કરીને મારી ખબર રાખતા. શોભનાબેન કહે છે કે, તમે પપ્પાજીના છો. તેમ આપણે પણ બધાને પપ્પાજીના માનીએ ને અભાવ ના લઈએ એ જ પ્રાર્થના.

**ગુણાતીત પ્રકાશ પૂ.અરવિંદભાઈ :** કોરોના વખતે સ્ટોરમાં ખૂબ લૂંટફાટ થતી હતી. શોભનાબેન કહે સ્ટોર કાઢી નાંખો. એમના વચને બધું સમેટાઈ ગયું. મકાન બહુ મોટું હતું. જલદી વેચાય એવું નહોતું. તે પણ સરળતાથી થઈ ગયું ને ન્યુ જર્સી જતા રહ્યાં.

**પૂ.ઘનશ્યામભાઈ પટેલ (યુ.એસ.એ.) :** સ્ટોર વેચવાનો હતો પણ ઘરાક ન મળે. શોભનાબેનને વાત કરી. તો કહે હું જણાવીશ. પછી શોભનાબેન કહે, હવે કાઢવાનું ચાલુ કરો. ને ત્યાર બાદ અમે કાર્યવાહી શરૂ કરી તો એમના સંકલ્પે બધું સરળતાથી થઈ ગયું.

**પૂ.ઈલાબેન વાઘેલા :** ૧૯૭૯માં સત્સંગમાં આવી. ત્યારે તો ધ્રુવતારકના ૭ ભાગ બહાર પડી ગયા

હતા. ભજન ગમે પણ ગાતા આવડે નહીં. આ વખતે મને થયું કે, દીદીએ આટલા સરસ ભજન બનાવ્યા છે તે બહાર પાડીએ. તેથી તેનું રેકોર્ડીંગ કરાવ્યું ને પેનડ્રાઈવ તૈયાર કરી. જે આજે અનાવૃત કરી...

શોભનાબેન જેવા શુદ્ધ, પવિત્ર, પ્રેમાળ ગુરુ પ્રાપ્ત થયા. મારા ભગવાન ભજવાના લક્ષણ નહોતા. તેમના સંપર્કથી જે કંઈ શોખ, ટેવ હતી તે ખરી ગઈ ને જીવન બદલાઈ ગયું. એ વખતે ય શોભનાબેનનો એવો બળિયો સંકલ્પ હતો. એમને ઓળખવા અઘરા છે.

ઈંગ્લેન્ડમાં પપ્પાજીનો પ્રોગ્રામ બનાવવાથી માંડીને પધરામણીએ જવાના કાર્યક્રમમાં શોભનાબેનની નિર્દોષબુદ્ધિના દર્શન થયા છે. નીલમબેન કહે પપ્પાજીને આરામ કરવાનો છે તો શોભનાબેન પપ્પાજી અને નીલમબેન પાસે હા જ પાડે. આ જે દર્શન કર્યા છે તેને આંખ આડા કાન ન કરીએ. એમનું એક એક ચરિત્ર કંઈક શીખવાડે છે. એમણે કોઈ વાતની ના નથી પાડી પણ એમનું એવું તીવ્ર ભજન તો અંતરની લડતોમાં સરળતા થતી ગઈ. પપ્પાજી માટે મને કોઈ ભાવ નહોતો. આજે મને પપ્પાજી સિવાય કાંઈ નથી એવું તેમણે કરી આપ્યું છે. અમારા દોષ જોયા વિના તેમણે આપવાનું બધું આપ્યું છે. તેમને ખબર હતી કે પપ્પાજી કોણ છે ! આવા સમર્થ પપ્પાજી, ગુરુઓ મળ્યા ! બસ હવે પપ્પાજી અને જ્યોતના થઈને જીવો, સેવામાં હોમાઈ જાવ. આવો નિ:સ્વાર્થ પ્રેમ જ્યોતમાં જ મળે. તમારો ભીડો અમે સાર્થક કરીએ, રમતમાં ન રહીએ, અમે પાત્ર બનીએ ને ઝીલીએ એવી પપ્પાજી, દીદી, શોભનાબેન, સ્વરૂપોને ચરણે પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** ખરેખર ત્રણ દિવસથી માહાત્મ્યના મહાસાગરમાં મહાલીએ છીએ. બે દિવસ પપ્પાજી, શોભનાબેનનો ખૂબ અદ્‌ભુત કાર્યક્રમ જોયો. મન, બુદ્ધિ, ચિત્ત બંધ થઈ ગયા.

નાનપણથી શોભનાબેનમાં સરળતા ને ભક્તિભાવ. પપ્પાજીની દ્રષ્ટિમાં આવ્યા પછી, દીદીને ગુરુ પદે સ્વીકાર્યા પછી તેમની વફાદારી, વિવેક, મહિમાના દર્શન પ્રોગ્રામમાં કર્યા. તમે કહો તેમ કર્યું તેની પાછળ એમની સ્વરૂપ સાથેના અનુસંધાનની જે ભક્તિ હતી તે આપણા માટે આદર્શ છે. પ્રસંગોમાં 'તમે કહો તેમ' તે ભાવના સાથે નિશ્ચયાત્મક ગાંઠ એ મહત્વનું હતું. મૂર્તિ ધારીને બેસવાનું એ દીદીએ સમજાવ્યું ને તે જીવનમાં આપણે અત્યારે પણ અનુભવીએ છીએ. એક સૂચન આવ્યું તે છેલ્લા શ્વાસ સુધી ફેર ના પડે તેવું તે મન પર લે છે એ તેમનો કેવો દ્રઢ નિશ્ચય ! એવું આપણે કરવાનું છે.

સરખેસરખા મુક્તો કે નાના માટે વિચાર ના ઉઠે તેવી તેમની ભક્તિ છે. એ પપ્પાજી પ્રત્યેની નિષ્ઠા બતાવે છે. દરેક વ્યક્તિને દરેક જગ્યાએ શોભનાબેનના એક સરખા દર્શન કેમ થાય છે ? સ્મિત, વિવેક, મીઠાસ એ બધું તેમને સહજ રહે છે. આ સ્વરૂપો કેમ બાજી જીતી ગયા ? પપ્પાજી તરફ જ કેવળ દ્રષ્ટિ રાખી છે તો પામ્યા. નિશ્ચયાત્મક ગાંઠ વાળીને જીવાય તેવા આશીર્વાદ શોભનાબેન છૂટ્ટા હાથે આપજો. આપણને બધાંને બધું એક સાથે મફતમાં મળી ગયું છે. તેમાં શોભનાબેનની જેમ જાગ્રત રહીને પામી જઈએ.

ખરેખર પપ્પાજીએ બેનને પરદેશ મોકલ્યા ને નિષ્ઠાના બી રોપ્યાં છે ને શોભનાબેને તેનું જતન કરી આખો સમાજ લીલો રાખ્યો છે. ખરેખર શોભનાબેન બહુ છૂપા છે. તે ક્યાંય આગળ આવે નહીં. તેઓએ સંકલ્પથી બધાનું જતન કર્યું છે. શોભનાબેનને કરોડો ધન્યવાદ છે. તમે પપ્પાજીને સાંગોપાંગ ધાર્યા ને પ્રથમ પ્રભુ પછી પગલું એ પ્રમાણે જીવ્યા તેનું આ દર્શન છે. તો તમે આજે ખૂબ ખૂબ આશીર્વાદ આપજો.

**પૂ.કિશોરકાકા પટેલ (કરમસદ) :** શોભનાબેન સાથે મને સેવા કરવાનો મોકો મળ્યો છે. સેવા કરતા ગયા તેમ આગળ વધતા ગયા. શોભનાબેન સાથે સેવા કરતાં એવું થાય કે એમને ઓશિયાળા નથી કરવા. તેમનું સ્વરૂપ જ એવું છે. તે સૂચન ના કરે પણ આપણી પાસે બોલાવે. 'આવું કરીએ તો?' આ તેમની મહાનતા છે. પપ્પાજી શોભનાબેન માટે બોલ્યા ગુણાતીત સ્વરૂપ છે. દીદી બોલ્યા જંગમતીર્થ છે. તેમની પાસે સંકલ્પો વિરામ પામી જાય તેવા છે તો તેમને સેવી લઈએ.

પપ્પાજી દિવ્યતા પર્વ વખતે મારી ડ્યુટી

ભોજનમંડપમાં હતી. શોભનાબેન સભાખંડમાં હતાં. ત્યાંથી જે કોઈ ગુણાતીત સ્વરૂપો આવ્યા હોય તેમની જમવાની વ્યવસ્થા સચવાય તે માટે ફોન કરે ને માર્ગદર્શન આપે. એ તેમની જવાબદારી સભાખંડમાંથી બજાવતાં હતાં. આવા જાગરૂક શોભનાબેન. તો આપણે હવે તેમને તકલીફ ના આપીએ. આપણે સૌ તેમની જેમ મન, કર્મ, વચને વફાદારી રાખી સેવા કરી લઈએ એ જ પ્રાર્થના.

**ગુણાતીત પ્રકાશ પૂ.સુરેશભાઈ ગાંધી :** ફેમીલીનું ફર્સ્ટ પર્સન જ્યાં જાય ત્યાં આખું કુટુંબ જાય. તેમ અમે બધા સુખી થઈ ગયા. સ્વપ્નામાં પણ ન વિચાર્યું હોય તેવા પપ્પાજી મળી ગયા. એકવાર કોઈક વાતે શોભનાબેને મને કહેલું કે, પપ્પાજીનું કર્તાહર્તા ન મનાય તે નિષ્ઠાની કચાશ છે. આમ સાચી સૂઝ આપતા અચકાતા નથી. આજે પ્રાર્થના કે, સ્વરૂપો સાથે હરીફ નહીં પણ હૂંફ બનીને રહીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.શોભનાબેન :** દીદી, પપ્પાજીએ આપણા માટે સંકલ્પ કર્યો. કૃપા કરી એમની નિશ્રામાં લઈ લીધા. ખબરેય ન પડી કે અહમ્ ઓગળતું જાય છે ને એમનું માહાત્મ્ય વધતું જાય છે. નિષ્કામ, નિર્વિકારી પપ્પાજીનો અનુભવ થાય છે. આપણા અહમ્‌નું વિસર્જન કરાવીને ઊંચી પ્રાપ્તિ કરાવવા એકપક્ષીય શ્રમ કર્યો. આ દીદી ને સ્વરૂપોએ અણુઅણુમાં પોતે પપ્પાજીને ધાર્યા છે. આ બધા સ્વરૂપો પપ્પાજીએ આપ્યા. તેમના સંકલ્પથી આપણે આપણી સાધનામાં દોડ્યા કરીએ છીએ...

આ જન્મ એવો કરવો છે કે તમને પૂર્ણપણે ધારીએ ને સ્વની અસ્મિતા અમારામાં રહી હોય તે ટાળી દેજો તેવી પપ્પાજી, દીદી, સૌ સ્વરૂપોને ચરણે પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** બાપાની અસાધારણ કૃપા. અનાદિ આદર્શ મુક્તોને તેવું જીવવા માટે પોતે લઈને આવ્યા. શોભના નાનપણથી મહેન્દ્રભાઈની આંગળી પકડીને શાસ્ત્રીમહારાજના દર્શને આવતી. જે જે ભજવા આવ્યા તે દિવ્ય છે. જે સિદ્ધદશા પામવા માટે જ્યોત શરૂ કરી તેમાં શોભના પામી ગઈ.

શોભના મૂંઝવણમાં ગઈ જ નથી. નાનપણથી ગુરુમુખી ઠરાવરહિત રહી. તે આપણે શોભના પાસેથી શીખીએ. શોભના પોતે ઓશિયાળી થઈ. સૂત્રો લઈને જીવી. શોભનાએ ૨૪ કલાક ભગવાન રાખ્યા છે. ગુણાતીતભાવમાં રહે છે. વર્તન જ વાતુ કરે. અક્ષરધામની સમાધિમાં સ્વધર્મેયુક્ત રહે છે. એમની જેમ ગુરુમુખી જીવન જીવીએ. બધા ખપ રાખી મંડ્યા છે. સદ્ય સિદ્ધ માર્ગે બધા આગળ જાય તે જ આપણી ટૂકડીનું કામ. તો શોભનાબેન તેવી પ્રાર્થના કરજો.

**આશીર્દાન પ.પૂ.દીદી :** શોભનાબેને બધું શોભાડી દીધું. બધે ઝૂકાવ્યું. ઝૂકાવ્યું એટલે સર્વસ્વનું સમજણપૂર્વક સમર્પણ કર્યું. ભગવાન માન્યા, સ્વીકાર્યા ને સમર્પણ કર્યું. તમે કહો તેમ એ આજ્ઞા તો બધાને છે. પણ શોભનાબેને જીવનમાં ઉતારી. સૌએ ઝંપલાવ્યું છે તો પ્રાપ્તિમાં ફેર કેમ પડ્યો? તો સમજણ ને સમર્પણમાં ફેર છે. તેથી ત્યાં જાગ્રત રહીએ. જન્મદિન ઉજવવાનો હેતુ કે કંઈક લેવું છે. પોતપોતાની સમજણ જરૂરિયાત પ્રમાણે વિચારો ને તે આચારમાં મૂકવાનો પ્રયત્ન કરીએ. આપણે પામી જવું છે. આપણું મધ્યબિંદુ પપ્પાજીને રાજી કરવાનું છે. તે માટે મંડીએ.

શોભનાબેનનું ચૈતન્ય ભગવાનનું હતું તો ડાઘ પડ્યા નહીં. તેણે તો 'તમે કહો તેમ કરીશ' તે સત્ય શોધી કાઢ્યું. એનું મન કહ્યાગરુ હતું. મનને કહેવું ન પડ્યું કે નમ. એ નમેલું જ હતું. પપ્પાજીએ સીન્સીયારીટી કહેલી તે સો ટકા રાખી. તેવી આપણે રાખીને પામી જઈએ. શોભનાબેન, સો વર્ષ સાજા રહો એ જ પ્રાર્થના.

સાથે સાથે આ ત્રણ દિવસ દરમ્યાન દેશ–પરદેશના સાધક બહેનો તેમજ ભક્તોએ વીડિયો દ્વારા મહિમાગાન અને અનુભવ દર્શન કરાવ્યા તે માણ્યા.

અંતમાં કંઈક લઈને જવું છે તે આજ્ઞાએ સૌ સૌના અંગે નિશ્ચયાત્મક ગાંઠ વાળી નવા સંકલ્પનું બળ લેતાં 'મૂર્તિ સર્વોપરી મળી છે. પણ એનો અભ્યાસ આપણે કરવાનો છે.' 'આહુતિ વગર પૂર્ણાહુતિ નથી.' જેવા સૂત્રોના સ્મરણ સાથે સૌ મહાપ્રસાદ લઈ છૂટા થયા.

## તા.૭.૧૨.૨૦૨૫ : ગુરુહરિ પપ્પાજી સ્વરૂપ પ.પૂ.જસુબેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...

પ.પૂ.જસુબેનના ૬૪મા સ્વરૂપદર્શન પર્વે પપ્પાજી હૉલમાં ભક્તોનો મહેરામણ નિહાળી ગુરુહરિ પપ્પાજીમહારાજ અને પ.પૂ.જસુબેન અત્યંત રાજી થકાં પધારી રહ્યા હોય તેવા દર્શન સાથે તા.૭.૧૨.૨૦૨૫ના સવારે ૧૦ વાગ્યે આવાહન શ્લોક બાદ સ્વાગત ભાવ દર્શન નિહાળ્યા. અને શરણમ્ પર્વની સ્મૃતિઓ તાજી થતાં એમના શરણે, ચરણે આવ્યાનો આનંદ ઘેલા થઈ બમણો થઈ ગયો. ત્યાર બાદ પૂ.અરૂણાબેન પટેલ રચિત ભજન 'મન મોરલીયા નાચે...' સ્વાગતનૃત્યમાં પૂ.ઝીલ અને પૂ.વૈશ્નવી એ બે કિશોરીઓએ સૌના વતી પ્રાણપ્યારા સૌ સ્વરૂપોના સ્વાગત કર્યા. અને 'સ્વભાવ કેરાં મોતી વેરીને અર્પીએ હારમાળા...' એ ભાવે સૌના હૈયા હરખી રહ્યા. અને વિનંતીભાવ વહ્યા કે 'તમે છૂટ્ટે હાથે વરસો...'

આવા માહાત્મ્યના ભાવોમાં સ્વરૂપોએ આસન સ્વીકાર્યા. અને એ સભર હૈયાના ભાવે આજના દિવસની ૬૪ વર્ષ પહેલાની ૫મી ડિસેમ્બર! એ પ્રાતઃ સમય ! અંતરમાં સંકલ્પ લઈને તારદેવ અક્ષરધામના તખતમાં પધાર્યા અને દ્વાર ખોલી ગુરુહરિ પપ્પાજીમહારાજને નિહાળ્યા. અને પ્રાર્થિત હૃદયે ભજન ગાયું : 'યોગી તારા ગાવામાં ગુણગાન...' એની એક એક લીટી, શબ્દો, જસુબેને જીવનમાં સાકાર કર્યા. અંગત રીતે આપણે એ ભજનનો અભ્યાસ સ્વાધ્યાય કરીશું તો એમને સાકાર નિહાળી શકીશું. અને એવા જ સ્વરૂપો પણ એમણે ઘડ્યા એ સર્જન પણ જોઈ શકીશું.

ત્યાર બાદ સૌ પ્રથમ શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ.પૂ.જસુબેન, પ.પૂ.દીદી, પ.પૂ.પદુબેન તેમજ સ્વરૂપોના પુષ્પહાર ને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા. ત્યાર બાદ વ્રતધારી બહેનો, ગુણાતીત પ્રકાશના વ્રતધારી ભાઈઓ, દેશ-પરદેશના ભક્તો તરફથી ભાવાર્પણ થયા બાદ દ્રશ્ય-શ્રાવ્ય તથા પધારેલા ભક્તોના અનુભવદર્શન માણી, સ્વરૂપોના આશિષ લીધાં. તેનો સાર માણીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** આ વખતે મહારાજે સતયુગ ચલાવ્યો. કલ્પના બહારનું સ્વરૂપ મહારાજ પ્રગટ્યા. જસુબેન રોજ કહે છે કે આપણે ખૂબ ભાગ્યશાળી. કેમ ? મહારાજે સંકલ્પ કર્યો ને તેમાં આપણે આવી ગયા. જેને જે સ્થિતિએ પહોંચવું હશે ત્યાં પહોંચી શકશે. આપણે સાકાર જોયું. જસુબેને કેટલાય ચૈતન્યોને પ્રગતિના પંથે મૂકી દીધા. અખંડ વચ. ગ. છે.૩૦ પ્રમાણે વર્તે છે. મનનો વિશ્વાસ હજુયે કદી ન કરે. ભિન્ન અંગવાળા દીદીની મૈત્રી રાખી. એ કહે તેમાં હા જ પાડી દે. અંતરના સંકલ્પ ને ભાવ પ્રમાણે મહારાજ કામ કરે છે. આખા સમાજનું મહાપૂજાથી જતન કરે છે. આ બધા મંડળોને લીલાછમ કરે તેવી અંતરની પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** અહોહો ખૂબ નસીબદાર ! કોટિ વ્રત, તપ, દાન, યજ્ઞ કરો પણ આવું ગુણાતીત સ્વરૂપ જે સ્વ ટાળે તે મળે નહીં. તે મળી ગયા! અહંકાર જે રહી જતો'તો તે ઉડાડવા માટે, સ્વ ટાળવા પ્રગટ્યા. ગુણાતીત જ્યોત સ્વરહિત થવાની જ્યોત છે. એમાં આપણો નંબર લાગ્યો. કોઈ દિવસ દેહભાવની ખબરેય ન પડે તે ટાળ્યો. એટલા પ્રેમભાવથી પહેલાં મનોરથ પૂરા કર્યા ને પછી મનોરથ ટાળ્યા. પપ્પાજી મળ્યા એ જ પૂર્ણતા. કાંઈ કરવાનું નથી. સાધનનો ભાર રહે, સરખામણી થાય તો આપણે પપ્પાજીને વફાદાર નથી. માટે વફાદાર રહીએ. એ જ સ્વ દેખાડશે ને પૂર્ણ કરશે.

ભગવાન સાથે સંત જોઈએ. એ કરશો તો સ્વ ઉડી જશે. ૧૯૭૫માં પપ્પાજીએ મુક્તાક્ષરપુરુષોત્તમની જય બોલાવી. તમારી સામે જે આવે તેને પ્રભુનું સ્વરૂપ માની સેવા કરી લ્યો. તેને અહોહોભાવે સ્વીકારી લ્યો. જેનામાં જે હશે તે પપ્પાજી ટાળવાના છે. માટે આનંદ કર્યા કરો. સંબંધવાળામાં મહારાજ જોઈ સેવા કર્યા કરો એ હરિજયંતીની, પપ્પાજી જયંતીની પ્રાર્થના.

**પ.પૂ.મધુબેન સી. :** જસુબેનનો પહેલો શબ્દ

હોય કે આપણે ખૂબ ભાગ્યશાળી. જેમ જેમ જીવતા જઈએ તેમ તેમ એ વાત સમજાય. જસુબેને તો સાધનાની શરૂઆતથી આ માન્યું. જસુબેન સાધકની અદાથી મંડ્યા. તેમને થતું કે ૧૯૫૨ની સાલમાં મેં લગ્ન કર્યા ને મારો સમય નકામો ગયો. નિશ્ચયાત્મક ગાંઠ વાળીને મંડ્યા. પપ્પાજીને કહે આ બહેનો જેવી સ્થિતિ કરવી છે. પપ્પાજી કહે, તારા છોકરા ટળવળશે. તો લાગણીનો તાંતણો મૂકી દીધો ને શૂરવીરતાથી મંડ્યા.

સેવામાં પણ શૂરવીરતા. ૧૯૬૬માં અહીં આવવા માટે જસુબેને ભજન કર્યું. એમનો ઘસારો ખૂબ. પ્રસંગો પણ અમારી આંખ સામે જોયા છે. પણ પ્રભુકૃપાના દાદરે બેસી પ્રાર્થના જ કરી છે. ભજન સિવાય કોઈ ઉપાય જ નહીં. તારદેવમાં પણ જોયા છે. ઘરે કામ પતાવી તારદેવ આવીને ખૂબ સેવા કરે. આકાશમાં ઉડતા હોય તેવું લાગે. તેમની કેફ, માહાત્મ્ય ને શ્રદ્ધાની વાતો સાંભળીને આપણને કેફ ચડી જાય.

જસુબેનનું પ્રીતિ ને સમજણનું અંગ. એકવાર જસુબેન જે મૂર્તિ પકડીને ભજન કરતા હશે તો જસુબેન ન આવ્યા ત્યાં સુધી પપ્પાજી મૌન બેઠા રહ્યા. જસુબેન આવ્યા પછી પપ્પાજી કથાવાર્તા કરવા મંડ્યા. જસુબેને પોતાના દોષ જોઈ ભજનનો આશરો લીધો. પોતાના બહેનોને પણ ભજન કરવાની ટેવ પડાવી તો માહાત્મ્યમાં રહેવાની ટેવ પડી ગઈ. સેવામાં પાછી પાની નથી કરતાં.

જસુબેન એટલી શ્રદ્ધાથી જળ આપે કે કામ થયું જ હોય. સાધનામાં તો માહાત્મ્ય, શૂરવીરતા, સેવા જ જરૂરી છે. જે ભગવાન મળ્યા છે તેને પ્રત્યક્ષ કરતા થઈ જાય તે જસુબેને સાકાર કર્યું. ગૃહસ્થસમાજ પણ એવું માહાત્મ્ય સમજે છે. આપણા પૂર્વના પુણ્ય હશે કે તો તે સામેથી મળ્યા ને સ્વરૂપોનો જોગ આપ્યો. તો શ્રદ્ધા રાખીને પ્રાર્થના કરીએ તો પપ્પાજી કરાવવા બેઠા છે. તેમાં મંડ્યા જ રહીએ. પાછી પાની ન કરીએ તેવું કરવાનું બળ આપે તેવી પ્રાર્થના.

**પ.પૂ.દયાબેન :** આપણા સૌના ત્યાગી-ગૃહીના આદર્શ જસુબેન. તે આપણને દિવ્ય સંદેશ આપીને ગયા. જ્યારે જીવમાં પ્રતીતિ થઈ તે દિવસથી જેને ભગવાન માન્યા, તેની આગળ સમર્પણ કેવું હોય ! તે શીખવ્યું. સંજીવની મંત્રના ૧લા મુદ્દા પ્રમાણે તેમનો કેફ ઓછો થાય જ નહીં.

માહાત્મ્ય સમ્રાટ : જેને જેને એમનો સંબંધ થાય તેની પણ સેવા કરી લેવી. કબૂતર, ગધેડાનું ય માહાત્મ્ય કે કોનો સંબંધ થયો ! તેનું કલ્યાણ. સંબંધવાળાનું માહાત્મ્ય સમજી ગરજુ થઈને સેવા કરવી. તે જીવીને બતાવ્યું. ગૃહસ્થાશ્રમમાં પોતાના ઘર માટે કંઈ લે તેમાંથી ભગવાનનો ભાગ કાઢે. સંબંધનું માહાત્મ્ય સમજાવતા ગયા.

શૂરવીરતા : નીડર ને સ્વધર્મનિષ્ઠ. ગુરુ તરીકે દીદીને સ્વીકાર્યા પછી જે કંઈ કરે તે પૂછીને જ કરે. ગુરુનું સેવન કરવાની રીત બતાવી.

શ્રદ્ધા સ્વરૂપ : મને મળ્યા એ સર્વોપરી છે ! તેવી શ્રદ્ધા રાખીને પ્રાર્થના કરે ને કામ થાય છે. નાની મોટી પરીક્ષામાં ભજનનો આશરો લીધો. મૂર્તિ સંભારો બધા કામ થશે. તે પોતાના ને હેતવાળામાં સાકાર કરી બતાવ્યું.

આવ્યા ત્યારથી કેફ હતો. નીડર ને નિર્ભય. અશક્ય વસ્તુ શક્ય કરીને બતાવી. આપણે જેવા માનીએ તેવા થઈએ. જ્યોતના બહેનો અને ગૃહસ્થો માથુ મૂકીને સેવા કરે એવા તૈયાર કર્યા. તો એમણે કેટલા બધા આદર્શ ભજનો આપ્યા છે. તેનું ગુંજન કરીએ. હે જસુબેન ! તમારા જેવી સર્વોપરી નિષ્ઠા ને અનુવૃત્તિ પ્રમાણેનું જીવન અમારા સૌનું થઈ જાય તે જ પ્રાર્થના.

**પૂ.બીજલબેન (યુ.કે.) :** જસુબેન હંમેશા કહેતા ખૂબ નસીબદાર. ત્યારે નહોતું મનાતું. જેમ જેમ આગળ વધીએ છીએ તેમ આ વાતની અનુભૂતિ કરાવે છે. જસુબેને મારું ખૂબ કામ કર્યું છે. છોકરાઓને કેવી રીતે સાચવવા તે શીખવ્યું છે. જસુબેને મને કોઈ આજ્ઞા નથી આપી તે કહેતાં કે તું ખાલી આનંદ જ કર, બાકીનું હું કરીશ. તારે પ્રેમ ને પ્રાર્થનાથી બધું કામ કરવાનું. કોઈ પાસે કાંઈ અપેક્ષા નહીં રાખવાની. ને ખરેખર બધું સમયસર થઈ જાય છે. જ્યારે જસુબેન, પપ્પાજી

હતા ત્યારે હું કેમ ન જાગી તેનો અફસોસ છે. હજુ ઘણું કરવાનું બાકી છે તો ટાઈમ ન બગાડું. ધ્યેય તરફ દ્રષ્ટિ રાખી લઈ મંડુ. તે માટે બધા પ્રયત્નો કરું. દીદી તમે તબિયત સારી રાખજો. તમે છો છો ને પપ્પાજીનું કાર્ય બની જઈએ તેવી પ્રાર્થના.

**પૂ.રશ્મિબેન (યુ.કે.) :** ૧૯૬૬માં જસુબેન મળ્યા, મને કંઠી પહેરાવી ને જળ આપ્યું. જસુબેને મને સત્સંગનો રસ્તો બતાવ્યો. પપ્પાજીનું સ્વરૂપ ઓળખવાની પ્રાર્થના કરવાનું કહ્યું. જસુબેનને એવું રહે કે પપ્પાજીનું સ્થાન મારા જીવનમાં પહેલું હોય. આજે એવું જ છે.

૨૦૨૩માં મારું ગોઠણનું ઓપરેશન કર્યું. પણ પછી એ ભાગ અચાનક ખુલી ગયો ને ઈમરજન્સી ઉભી થઈ. સર્જન કહે પરિસ્થિતિ સારી નથી. મારો પુત્ર ઉદિત કહે તમે તમારો પ્રયત્ન કરો. હું પ્રાર્થના કરીશ. પછી બીજે દિવસે ફરી સર્જરી કરી. એવું બે-ત્રણ વખત થયું. ઘા રૂઝાતો નહોતો. ને એપ્રિલ ૨૦૨૪માં ઘા જાતે રૂઝાઈ ગયો તે જસુબેને અશક્ય શક્ય કર્યું.

૨૦૦૨માં પપ્પાજી મારા ઘરે પધાર્યા, જમ્યા ને જતી વખતે કહે તમે હંમેશા મારી પ્રાર્થનામાં રહેશો. તમારી જવાબદારી મારી છે. મારા પતિ ધામમાં ગયા ત્યારે સમજાયું કે પપ્પાજી શું કહેતા હતા. અત્યારે હું એકલી છું પણ આનંદમાં છું. પપ્પાજીનું કાર્ય બનવાનું મને બળ આપજો એ જ પ્રાર્થના.

**પૂ.રેખાબેન ઉપાધ્યાય (કેનેડા) :** હું જે છું તે જસુબેનને લીધે છું. જસુબેન એટલે શક્તિ. જસુબેન એટલે દ્રઢ નિશ્ચય. જસુબેન એટલે આનંદમાં રહેવું. જસુબેન એટલે તેમના વચન પ્રમાણે કેવી રીતે જીવવું તે. મારા માતાપિતા જે કેન્યા રહે છે તેમને ઘર બદલવાનું હતું. તેઓ મોટી ઉંમરના ઘર પણ મોટું. મારા મમ્મીને થાય કે અમે કેવી રીતે કરીશું ? પણ મમ્મીની પ્રાર્થના ને જસુબેનની કૃપાથી બધું સરળતાથી થઈ ગયું. જસુબેન ધામમાં પધાર્યા ત્યારે દીદી મારા સ્વપ્નમાં આવ્યા ને કહ્યું કે તું ચિંતા ન કરતી. દીદી તો મને ખાસ ઓળખતા પણ નથી. આ જસુબેનની કૃપા છે. એમની સતત પ્રાર્થના ને કૃપા અમારા પર છે. અમે ખૂબ ભાગ્યશાળી છીએ કે જસુબેન અમને મળ્યા.

**પૂ.ડૉ.રાજીવભાઈ પાલીવાલ (લાંભવેલ) :** મારા સમગ્ર પરિવારને જસુબેન સાથે આત્મીયતાનો સંબંધ હતો. આધ્યાત્મિકતા શું ? તે જસુબેનને મળતાની સાથે સમજાઈ જાય. એમની ડૉક્ટર તરીકે સેવા મળી તે માટે ભાગ્યશાળી છું. અત્યારે પણ એ નિરંતર આપણા પર આશીર્વાદ વરસાવી રહ્યાં છે.

**પૂ.ડૉ.નીલાબેન :** એક સમૈયામાં પપ્પાજીએ મને કહ્યું કે તું જસુબેનનો પ્રસંગ કરી લેજે. મને પ્રસંગ એટલે શું તે ન સમજાય. પપ્પાજી કહે, જસુબેન પાસે સમજજે. સમૈયો મોડો પત્યો. જમવાનું પણ બાકી હતું. જસુબેનને તો પપ્પાજીની આજ્ઞા કરતા બીજું કાંઈ અગત્યનું નહીં. જસુબેને તો જાડી નોટ કાઢી. એમાં પપ્પાજીને પ્રશ્નો પૂછ્યા હોય તેની કોપી કરાવેલી. તેમાં આ સમજૂતી હતી કે પ્રસંગ એટલે શું ? મને સ્વધર્મ પ્રિય લાગે ને જસુબેન એટલે પ્રેમ અને માહાત્મ્યનું સ્વરૂપ. એ બંનેનો સમન્વય થાય તો જ ગુણાતીતભાવને પમાય. એ લેખ જસુબેને મને સમજાવ્યો ને મને સમજાયું કે જસુબેન કહે તે સવાવીશ તેમ હું જીવીશ તો જ આ ભાવ સુધી હું પહોંચી શકીશ.

૧૯૮૫માં હું આવી પછી દિલ્હી જવાનું હતું. ત્યાંથી દહેરાદુન જવાનું હતું. જસુબેનના હાથમાં નાની થેલી હતી ને મારા હાથમાં બીજો સામાન હતો. મેં જસુબેનને કહ્યું કે થેલી મને આપી દો. પપ્પાજી જસુબેનને કહે એને આપી દે. તેની સાધનાનો ભાર તારે સહન કરવાનો છે. એને અનુપમ ૫, ૬, ૭ સમજાવજે. વિદ્યાનગર આવીને જસુબેને એ પ્રમાણે મને અનુપમ ૫, ૬, ૭ના એકેએક લેખ સમજાવ્યા. જે મારી સાધનામાં ખૂબ કામ આવે છે. ક્યારેય સરખામણીમાં પડવા દીધી નથી.

પ્રસંગો આવે તે મને બ્રહ્મરૂપ કરવા માટે છે તેમ કરીશું તો એમનું કાર્ય બની શકાશે. એ તમે શીખવાડી ગયા છો. ખરેખર જસુબેન તમે મને મારામાંથી કાઢી પ્રભુમાં રહેતી કરી. મારે પપ્પાજીનું કાર્ય બનવું છે. તે જે વચન આપે તે હું સો ટકા પાળી શકું તેવાં બળ,

બુદ્ધિ, પ્રેરણા આપજો એ જ પ્રાર્થના.

**પૂ.ડૉ.નીલમબેન** : જસુબેન માટે પપ્પાજી કહેતા. છાપરા ઉડાડી દે એવી કથા. મારું – તારું, અહંકારના છાપરા એમના સંબંધમાં આવ્યા તેના ઉડાડ્યા છે. ધરતી ધ્રુજાવે. પોતાના અહંકારની ધરતી જસુબેનના દિવ્ય વચનથી ધ્રુજી ગઈ. સમતામાં રહેતી થઈ ગઈ.

જસુબેને પ્રીતિના અંગે મૂર્તિમાં રહી ભક્તિ કરી. બધાના જીવમાં નિષ્ઠાના પાતાળે પાયા નાખ્યા. આ જ મારો ભગવાન ને સેવા એ સિવાય કોઈ અપેક્ષા નહીં.

જસુબેનનું બ્રહ્મતેજ હતું જ. પપ્પાજીએ રખ્યા ઉડાડી. જસુબેને પપ્પાજીની શાન રાખી. પપ્પાજીના શબ્દો પ્રમાણે જીવી બતાવ્યું. સ્વરૂપો પાસે ઝૂકાવ્યું. ને આપણે ઝૂકીએ તેવું કરે છે. પપ્પાજી જ્યારથી જીવમાં બેઠા ત્યારથી વચ.ગ.પ્ર.૨૭ જેવા માન્યા તો પ્ર.૬૨ જેવા ગુણ આવી ગયા. તે ગુણ પ્રત્યક્ષ સ્વરૂપની મૂર્તિની સ્મૃતિ ને આજ્ઞાપાલનથી મળે. આ ચાર સ્વરૂપો પાસે અદલ શિષ્યભાવ, દાસત્વભાવ રાખ્યો. જસુબેનની પળેપળ ભગવાનની સેવામાં વીતી છે.

ગુણાતીત જ્યોત એવી સંસ્થા છે કે આપણે સમજી ન શકીએ. આ સ્વરૂપોએ અખંડ મહારાજને ધાર્યા છે. આપણી બુદ્ધિથી ઉપર ગયા વગર પપ્પાજી નહીં ઓળખાય. જસુબેને પોતાની જવાબદારી જેમ તેમ નથી બજાવી. એવા ભાવથી સેવા કરી કે આ સેવા મારા ભાગ્યમાં ક્યાંથી ! એ બોલે ને કામ થાય તેવી તો એમને ખબર હતી. છતાંય દાસી બનીને સેવા કરી. દરેક શિષ્ય પર કડકાઈ રાખી છે. પપ્પાજીનું વચન અને દાસના દાસ થઈને સેવા કરવાનું શીખવ્યું છે. આપણા બધા સ્વરૂપો અહીં જ છે. તેમના દિવ્ય તત્ત્વના વાઈબ્રેશન છે. અહીં ખાલી મન નીરવ રાખીને બેસો તોય નિષ્કામી, નિર્માની થઈ જવાશે.

હે પપ્પાજી, હે સ્વરૂપો ! તમે પ્રગટ જ છો, પ્રત્યક્ષ જ છો. અહીં હાજરાહજૂર જ છો. અમે અમારુંય મન નીરવ કરીને તમારો અનુભવ કર્યા કરીએ. આનંદ કર્યા કરીએ.

**પૂ.ફાલ્ગુનીબેન કાપડીયા (અમદાવાદ):** ૨૦૦૩થી જસુબેનના સંપર્કમાં છું. ૨૦૦૭માં જસુબેનનો એક અનુભવ થયો ને જય સ્વામિનારાયણ કહેતી થઈ ગઈ. મારી દીકરી શ્રેયા માટે જસુબેને કહ્યું કે એ તારું શ્રેય કરવા આવી છે. તારી બેય દીકરી છે તે દીકરાનું કામ કરશે. મારી નાની દીકરી સ્પેશ્યલ કેર ચાઈલ્ડ છે. તેથી શરૂઆતમાં એને લઈને આવું તો એ બેસવા ન દે. અત્યારે એનો સ્વભાવ જસુબેને શાંત કરી દીધો. મારી મોટી દીકરીને સાઈકોલોજીમાં જ જવું હતું. જસુબેને, નીલાબેને બળ આપ્યું. એ બહુ મક્કમ હતી. આગળ ભણવા માટે પ્રશ્ન વિઝાનો હતો. કોરોના કાળ હતો તેથી જસુબેનને મળવા અવાય એવું નહોતું. યુ.એસ.ના વિઝા પણ મળી ગયા. જસુબાએ કહેલું નીલાબેન કહે તેમ કરજે. દીકરી યુ.એસ. ગઈ ને મને બધી વાતની ચિંતા હતી પણ બધુ સરસ થઈ ગયું. દીકરીને ત્યાં પણ ભણવામાં કે બીજા જે કંઈ પ્રોબ્લેમ આવ્યા એમાં નીલાબેને ભજન કરવાનું કહ્યું ને બધું સરસ રીતે થઈ રહ્યું છે. જસુબાની ઘણી કૃપા મારા પર છે જ ને રહેશે જ.

**પૂ.સિદ્ધિબેન (અમદાવાદ)** : ફોરેન્સીક સાયન્સમાં માસ્ટર પૂરું કર્યું પણ જોબ માટે કંઈ શોધખોળ કરી નહોતી. એમ હતું કે શાંતિથી કરીશું. પરીક્ષા પૂરી થઈ પછી જોબ શોધવાની શરૂ કરી તો બિહાર, યુ.પી. એમ જ બધેથી ઓફર મળે. નીલાબેન કહે, ગુજરાતમાં અમદાવાદ, ગાંધીનગરમાં મળે તો સારું. ત્રણ-ચાર મહિના ટ્રાય કર્યો પછી મેં એક જગ્યાએ ઈન્ટરવ્યું આપ્યો. તેનો જોઈનીંગ માટેનો લેટર મને ૩૦.૧૧.૨૦૨૫ના જ મળ્યો. તે દિવસે મારી મમ્મીને સવારે સપનામાં દીદી આવ્યા અને આશીર્વાદ આપ્યા હતા. અને તે જ દિવસે નીલાબેનનો બર્થડે હતો.

મારી જોબ છે ત્યાં આજે ઈન્સપેક્શન આવવાનું હતું. હજી હમણા જ જોઈન કર્યું અને તરત જ રજા મળે એવા કોઈ સંજોગો જ નહોતા. પણ મારે આજે સમૈયામાં આવવું હતું ને મેં ખૂબ ભજન કર્યું તો ગોઠવાઈ ગયું ને લાભ મળ્યો.

**પૂ.નીરવભાઈ ધોબી (વિદ્યાનગર) :** માતાપિતા તરફથી બાળકને કેળવણી મળે. જસુબા મારા મા. જસુબા કહે તે થાય જ. જસુબા કહે કે તું સંબંધમાં આવ્યો, તારો ચાર્ટ દોરાઈ ગયો. હું જૂની નોકરીમાં કામ કરતો હતો ને મને પ્રસંગ બન્યો ને મને સસ્પેન્ડ કર્યો. હું બહુ અસ્વસ્થ થયો. જસુબાને મળવા આવ્યો ને વાત કરી કે મારો વાંક નથી પણ નોકરી જશે. જસુબા કહે, ભગવાન રાખ્યા છે ને. તું માળા કર. હું રોજ જાઉં. બેસાડી જ રાખે એટલે હું માળા કર્યા કરું. ૧૪ દિવસ આવું ચાલ્યું. જસુબા રોજ પૂછે કેવું છે ?... છેલ્લે હું મેનેજરને મળવા ગયો. બધી વાત કરી. મેનેજર કહે તું પહેલા કેમ ન આવ્યો. મેનેજર કહે, તમારે અહીંયા જ રહેવાનું છે. આ જસુબાની કૃપા. જસુબાએ કહેલું કે તારો કોઈ વાળ વાંકો નહીં કરી શકે તે સાચું પડ્યું.

મમ્મીની તબિયત સારી નહોતી રહેતી. ખૂબ હેરાન થાય. મારાથી મમ્મીનું દુ:ખ જોવાતું નહોતું તો પપ્પાજીને પ્રાર્થના કરી ને પછી મમ્મીની પાસે મોબાઈલમાં ધૂન મૂકી ને તે જ દિવસે મમ્મી ધામમાં ગયા.

પાછી મારી સર્વિસમાં અમદાવાદમાં ટ્રાન્સફર થવાની વાત આવી. એટલે દૂર જવું નહોતું. તો સર્વિસ માટે ટ્રાય ને પ્રાર્થના કરતાં હતાં તો વિદ્યાનગરમાં જોબ મળી ગઈ. આ બધી જસુબા ને પપ્પાજીની કૃપાથી થયું છે. જસુબાની ઈચ્છા છે કે એકાંતિક બની જાવ તો તે બનીને રહીએ.

**પૂ.આશિષભાઈ ટીલવા (જૂનાગઢ) :** હું જીવતો છું તે જસુબાની કૃપા છે. મારા ફાધર ધામમાં ગયા ત્યારે જસુબેન આવેલા ત્યારે કહ્યું હતું કે હું તારો બાપ છું. ને તારા લગ્ન હું કરાવીશ. ને ખરેખર તે પણ વચન પૂરું કર્યું. ને તે પણ પ્રભુકૃપામાં મારા લગ્ન કરાવ્યા. હું જે કાંઈ છું તે જસુબાને લીધે જ છું.

**ગુણાતીત પ્રકાશ પૂ.રાજુભાઈ :** જસુબા એટલે શ્રદ્ધાનું સ્વરૂપ. પોતાનું ઐશ્વર્ય ભક્તો માટે છૂટે હાથે વાપરીને, આશિષ આપીને બધી ઈચ્છા પૂરી ને પ્રભુ તરફ વાળી દીધાં ને સુખિયા કર્યા. આ બધા સુખ પછી જીવનું શુદ્ધિકરણ શરૂ કર્યું. આપણા સ્વરૂપોના વચનોની તાકાત કંઈક જુદી છે, સ્વભાવનું પરિવર્તન કરે છે ત્યારે ખ્યાલ આવે કે તે કેવા પ્રભુમય રહેતા હશે ! આપણું માનસિક પરિવર્તન આ જ્યોતમાં ને આ સ્વરૂપો પાસે શક્ય છે. જે સંજોગો આવ્યા તેમાં પ્રભુનું કર્તાહર્તાપણું માનતા કર્યા છે. પહેલા બધું લૌકિક જરૂરિયાતનું આપીને નિષ્ઠા પાકી કરાવી છે. તમોગુણી સ્વભાવ બદલ્યા છે. ને રાંક ને દાસ બનાવ્યા એ આ જસુબા. દિવ્યભાવ રાખો. નિર્દોષબુદ્ધિ રાખો. સૌમાં પ્રભુ જુઓ એ શીખવ્યું. પ્રભુની દ્રષ્ટિ પડે પછી બધાનું કાર્ય શરૂ થાય તેમાં બળ આપી આગળ વધાર્યા છે. જસુબા કહેતા કે, આપણા જેવું કોઈ ભાગ્યશાળી નથી. જસુબેને આપણને સૌને એક વાત દ્રઢ કરાવી છે કે, સ્ટેજ પર વાત કરવી ને જાજરાં સાફ કરવા બંને સેવા સરખી છે. એમ બધી સેવામાં માલ મનાવી દીધો. જસુબા હંમેશા કહેતાં કે, ભારત સરકારની યોજના ફેઈલ જાય પણ આ પપ્પાજીની બ્રહ્મરૂપ કરવાની યોજના ફેઈલ નહીં જાય. ને આ બધા સ્વરૂપો એક જ છે. તો તેવું અમને હંમેશા મનાય તેવી પ્રાર્થના. અમારા કેફ, કાંટો ને મસ્તી કદી ય ઓછા ન થાય તેવી પપ્પાજી અને સ્વરૂપોને પ્રાર્થના.

**પૂ.બેચરભાઈ (વિદ્યાનગર) :** બધા મુક્તો જસુબા સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિથી જોડાયેલા છે. બધાના ચૈતન્યને જસુબાનો સ્પર્શ છે. જસુબાને સ્વરૂપની અનુભૂતિ થઈ ને પપ્પાજીને સમગ્રપણે ધારી લીધા. એમનો એ પ્રોસેસ તો આપણા માટે છે. બાકી એ તો અનાદિના છે. જસુબાએ બધાના જીવનમાં પપ્પાજીનું સામર્થ્ય વાપરી આલોકમાં સુખી કર્યા. એમને કેટલો કેફ હશે કે ગમે તેટલા સુખ આપીશ તોય તેમાં લેવાઈ નહીં જાય. પછી સંકલ્પની શુદ્ધિ ચાલુ કરી. એક એકના સ્વભાવ, પ્રકૃતિ જોયા વગર તેમનામાં સંબંધ જોયો. નિરપેક્ષભાવે બધાને પ્રેમભાવ આપ્યો. તેના ફળ સ્વરૂપે બધું મૂકતા ગયા. જસુબેને કોઈ દિવસ કાંઈ કીધુ નથી. કેવળ સંકલ્પ, પ્રાર્થનાથી જ કામ કર્યું છે. 'સૌના ખમ્યાં તે ભાર...' એ કડીમાં જસુબાએ આપણા માટે જે કર્યું તે બધું આવી જાય. એમના વચને ન ચાલીએ

ને ના છૂટકે અનુભવજ્ઞાનમાં નાંખે ત્યારે ય આપણા કરતાં વધુ દુઃખ એને થાય છે. હવે આપણે પપ્પાજીનું કાર્ય બની, ગુણાતીત સમાજના મુક્તોના સ્વભાવ, પ્રકૃતિ જોયા વગર સેવા કરી લઈએ. નિર્વ્યાજ પ્રેમથી પ્રાર્થના કરીએ. સંપ, સુહૃદભાવ, એકતાથી કાર્ય કરી પપ્પાજી અને સ્વરૂપોને હાશ કરી દઉં તેવું મારું જીવન બને એ જ પ્રાર્થના.

**પૂ.દિલીપભાઈ (યુ.કે.) :** જસુબેને કેવી રીતે ભગવાન આપ્યા, જીવમાં સ્થાન લીધું, કેવી રીતે પપ્પાજીનું માહાત્મ્ય સમજાવ્યું તેની વાતો સાંભળવાની મઝા આવે છે.

જસુબેન યુ.કે. આવ્યા. ત્યાંના સમાજમાં ત્યારે બેન મોટા. પપ્પાજીનું માહાત્મ્ય ત્યારે કાંઈ ખબર નહોતી. જ્યારે જસુબેન પધાર્યા ત્યારે તેઓ થોડા થોડા દિવસ જુદા જુદા ઘરે રહે તેવું ગોઠવાયું હતું. પહેલા અમારા ઘરે રહ્યાં. ને એ હોય એટલે અમારે બીજે જતા રહેવાનું. એકવાર જસુબેન કહે, પપ્પાજીને ઓળખે છે ? એ પ્રશ્ન પૂછયા બાદ તેમણે પપ્પાજીનો મહિમા સમજાવ્યો. જસુબેનને પધરામણીએ લઈ જવાની સેવા મળી. મારી ગાડીમાં એમણે પપ્પાજીની નાની મૂર્તિ પધરાવી ને કહે રોજ પ્રાર્થના કરજે. પછી ગાડી ચાલુ કરજે. અમને બધાને પપ્પાજીને ઓળખી લો તેવો મહિમા ગાયો. જસુબેનના પ્રવચનો એટલા જ પાવરફુલ. બધાના જીવનમાં સરસ કાર્ય કર્યું.

૧૯૮૦માં પપ્પાજી પધાર્યા ને રીયલ સત્સંગની શરૂઆત થઈ. પપ્પાજી જીવમાં બેઠા પછી સમજણ પડવા માંડી. મને તો સવાલ ઉઠે. પપ્પાજીને બહુ બધુ પૂછતો. પપ્પાજી બધા જવાબ આપે. પદ્મમાર્ગની શિબિર થઈ ત્યારે પદ્મમાર્ગ-૧ પુસ્તક પપ્પાજીએ મને ભેટમાં આપ્યું. ને એમાં આશીર્વાદ લખી આપ્યા. ત્યારે થયું કે હવેથી પપ્પાજીના થઈને જીવવું છે. પછી કેસેટની સેવા આવી તેથી જસુબેન, દેવીબેનના પ્રવચનો સાંભળતો, ભજનો સાંભળું ને જ્ઞાન થયું. અહીં આવ્યો ત્યારે પપ્પાજીએ ખૂબ સિંચન આપ્યું. સામેથી જીવમાં બેસે ને અંતરની શાંતિ કરી આપે તેવા પપ્પાજી ગરજુ થયા. ઉંચી કક્ષાનું આધ્યાત્મિક જ્ઞાન જસુબા અને બીજા સ્વરૂપોએ આપ્યું. બ્રહ્મનિયંત્રિત માનતા શીખવ્યું. મહામાનવનું જીવન આપણને આ લોકોએ ભેટ આપ્યું. જસુબેનનું માહાત્મ્ય આપણને છે તો બધા આવ્યા છીએ. જસુબેને જે ફોર્સથી સત્સંગ કરાવ્યો તો આપણને મનાયું. આપણે વિચારને પામીએ. આપણે સત્સંગ કરીએ એમાં એમને પર્સનલ શું ફાયદો છે? કાંઈ નહીં. આ બધા સ્વરૂપો ભેગા થઈને આપણને ભગવાન આપે છે. કેવા મહારથીઓ પૃથ્વી પર આવ્યા ને પોતાનું કાર્ય કરીને જતાં રહ્યાં. પોતાની મૂર્તિની સ્મૃતિ આપતાં ગયાં. આધ્યાત્મિકતામાં કેટલા આપણને આગળ લેતા રહ્યાં. આપણે તો આપણને મહામાનવ માનીએ જ. એકબીજાનું માહાત્મ્ય સમજીને પપ્પાજીનું કાર્ય થવું છે.

**આશીર્દાન પ.પૂ.દીદી :** જસુબેન ઘડિયાળ જોઈને બસ પકડતાં. ચીંચપોકલી રહેતા. પોતાના ઘરનું કામ ઝટપટ પતાવી દોડીને બસ પકડવાની ને ત્યાં ઝટપટ ચાલી સોનાવાલા બિલ્ડીંગના ૮૪ પગથિયા ચડતાં. તેમણે કહ્યું કે પપ્પાજી, મારે તમને રાજી કરી ૪ બહેનો જેવી પ્રાપ્તિ કરવી છે. પપ્પાજી કહે હું ગૃહસ્થી છું. ગૃહી-ત્યાગી કોઈ પણ કરી શકે, શરત સરખી જ છે. આપણનેય ખબર પડી ગઈ કે પામી જવા જેવું છે. એમનું બળ લઈએ. એ ક્યારે લેવાય કે અરસપરસ વિશ્વાસ હોય. અંતરમાં પ્રભુપ્રાપ્તિ માટે ત્યાગની જરૂર નથી. પપ્પાજી ગૃહસ્થ હતા. નિયમો પાળવા પડે તો જ પ્રાપ્તિ થાય. જસુબેનને પ્રાપ્તિ કરવી હતી તો થઈ ગઈ.

આપણે પપ્પાજીનું કાર્ય બનવાનું છે તો મારું વર્તન કેવું હોય ? મારું વર્તન પપ્પાજીની શાન રાખે તેવું હોય. એ વાત આપણા તંત્રને કહેવાની છે. ભગવાન ને ભક્તોનો અમહિમા ઉઠે જ નહીં. જસુબેને જ્યોતની બહાર જઈને કેવું કાર્ય કર્યું તે જોવા ને સાંભળવા મળ્યું. જસુબેનની જેમ શ્રદ્ધા ને વિશ્વાસ રાખીએ. ચાલો, સૌને ભાવ નીતરતા જય સ્વામિનારાયણ.


આમ શ્રદ્ધાનો ધોધ અંતરે વહ્યા જ કરે, પ્રાર્થનાથી પ્રભુને ઉપાયભૂત કરતા રહીએ તેવા જીવનના સંદેશ સાથે આજની સભાનું સમાપન થયું.

## તેજસ્વી તારલાઓનું અભિવાદન


શ્રી ગુણાતીત જ્યોત મહિલા ટ્રસ્ટ તરફથી શૈક્ષણિક પ્રવૃત્તિ તરીકે આપણે નીચે મુજબના વિદ્યાર્થી, વિદ્યાર્થિનીઓનું તેઓની શિક્ષણમાં ઝળહળતી સફળતા માટે ૧.૧૨.૨૦૨૫ના અભિવાદન કર્યું.



૧. પૂ.ડૉ.તનિષાબેન એચ. પટેલ અમદાવાદ,
બેચલર ઓફ ડેન્ટલ સર્જરી,
ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ,
ફર્સ્ટ ક્લાસ



૨. પૂ.પ્રાચીબેન એન. ઈસલાણિયા, પૂને,
બેચલર ઓફ ટેકનોલોજી (ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન) ભારતીય વિદ્યાપીઠ, પૂને, ફર્સ્ટ ક્લાસ વીથ ડિસ્ટિંક્શન.



૩. પૂ.પાર્થભાઈ ગોહીલ, મુંબઈ,
ચાર્ટર્ડ એકાઉન્ટન્સી,
ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર એકાઉન્ટસ ઓફ ઈન્ડિયા,
ફર્સ્ટ ક્લાસ વીથ ડિસ્ટિંક્શન.

પ.પૂ.દીદીના અને સ્વરૂપોના હસ્તે પ્રોત્સાહન ઈનામ, પ્રમાણપત્ર તેમજ સ્મૃતિ ભેટ અર્પણ થયા.

આ તેજસ્વી તારલાઓને તેમના અભ્યાસમાં પ્રોત્સાહન મળે, તેમનો ઉત્સાહ વધે, તેમની કારકિર્દી વધુ ઉજ્જ્વળ બને અને ઉચ્ચ સ્તરે પહોંચે તેવી શુભકામનાઓ સાથે ખૂબ અભિનંદન.


આ સાથે નીચેના ત્રણ મુક્તોનું શૈક્ષણિક પુરસ્કારો બદલ બહુમાન કર્યું.

★ પૂ.રાજશ્રીબેન છત્રીસા



લંડન જ્યોતના સાધક બેન છે. તેઓએ યુ.કે.માં LLB કર્યું છે અને qualified solicitor છે. હાલમાં Legal Directorની પોસ્ટ ઉપર છે. તેમને બે એવોર્ડ મળ્યા છે. A : Best women leader in pensions and benefits એમાં ફર્સ્ટ એવોર્ડ મળ્યો. pensions and benefits એમનો સબ્જેક્ટ એરીયા છે. B : Best lecturer in Human Resources conference.





★ પૂ.મુસ્કાનબેન પુરોહિત અને પૂ.રંજનીબેન શર્મા

હિન્દી સાહિત્ય પરિષદ અમદાવાદ દ્વારા ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૫, હિન્દી દિવસ નિમિત્તે રાજ્ય કક્ષાની નિબંધ સ્પર્ધામાં ઈનામ પ્રાપ્ત કર્યું છે. તેઓ નલીની અરવિંદ & ટી.વી. પટેલ આર્ટસ કોલેજ, વિદ્યાનગરમાં B.A.ના ત્રીજા વર્ષમાં હિન્દી સબ્જેક્ટ સાથે અભ્યાસ કરે છે.

ત્રણે બહેનોને ખૂબ ખૂબ ધન્યવાદ. ઊજ્જ્વળ કારકિર્દી અને ભવિષ્ય માટે શુભેચ્છાઓ.

### નિર્ણય

★ સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્યદિન, એકાદશી :
પોષ સુદ - ૧૧, બુધવાર, તા.૩૧.૧૨.૨૦૨૫

★ શ્રી ગુણાતીતાનંદસ્વામીજીનો દીક્ષાદિન :
પોષ સુદ - ૧૫, શનિવાર, તા.૩.૧.૨૦૨૬

★ એકાદશી :
પોષ વદ - ૧૧, શનિવાર, તા.૧૪.૧.૨૦૨૬

★ બ્ર.સ્વ.શાસ્ત્રીજીમહારાજનો પ્રાગટ્યદિન, શિક્ષાપત્રી જયંતી, વસંતપંચમી :
મહા સુદ - ૫, રવિવાર, તા.૨૩.૧.૨૦૨૬

## Report of Diabetic Camp

Shree Gunatit Jyot Mahila Trust, Vallabh Vidyanagar organized Diabetic camp on occasion of 110th Pragatya Parva (Shashwat Sankalp Parva) of Guruhari Pappaji Maharaj at Sonaba Medical centre, Vallabh Vidyanagar from 3rd to 27th November 2025.

The overall goal of the camp was raising awareness, providing education and improving psychosocial outcomes.

Specific events and services offered, like health screenings, consultations with Physician, Dentist, Physiotherapist & Dietician.

**Camp Details**

Diabetic Screening tests included following Laboratory Tests :

Complete Blood Counts, C-Reactive Protein,
Blood Sugar (Fasting /Random/Post Prandial)
Serum Creatinine, Glycated Hemoglobin (HbA1C),
Urine Routine & Microscopy

Collection of blood & Urine samples were carried out at Pappaji Clinical Laboratory from 8.30 am to 10.30 am excluding weekends.

The next day, laboratory reports were made ready, for consultation.

The consultants were General Physician, Dr.Neelamben Shah, Dentist Dr.Bhavnaben Sheth, Physiotherapist Dr.Xama Patel and Dietician Nehalben Patel.

**Total Screened :** The total number of people who participated in the screening were 150. As per patients need and complaints they were consulted accordingly.

**Diagnosed :** 11 of individuals newly diagnosed with chronic diabetes, for example, with an HbA1c score above 7.0.

**Prediabetes :** 16 were identified as having prediabetes.

**Hypertension :** Few participants were found to have hypertension, which is often monitored during diabetic screenings.

**Health Education :** Considering the awareness on Diabetes, we had projected 3 videos in Gujarati and one in Hindi to the participants in groups which covered risk factors, symptoms, complications, diet and lifestyle modifications.

Few participants were referred to follow-up appointments and for further testing, like thyroid function tests & lipid profile checks.

The participants expressed their sincere appreciation and heartfelt thanks for the free medical camp organized by our trust. It was a noble act and was incredibly beneficial for all who attended.

The professionalism, dedication, and compassionate care demonstrated by our entire medical team, including the doctors, nurses, and volunteers, did not go unnoticed.

**Outcomes and Recommendations**

**Impact :** A summary of the camp's achievements, such as early diagnosis, increased community awareness, and the empowerment of individuals to manage their health.

**Takeaways :** Key learnings, such as the importance of regular check-ups for those with diabetes and the need for public health education programs.

**Future Plans :** Plans for follow-up activities, future camps or additional awareness programs will be looked upon in future.

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

**★ યુ.કે.ના પ.સત્યેનભાઈ લાખાણી તા.૨૩.૧૦.૨૦૨૫ના અક્ષરનિવાસી થયા છે.**



ઈંગ્લેન્ડના પ્રત્યક્ષની નિષ્ઠાવાળા એકાંતિક મુક્તો પૂ.પુષ્પાબેન કાળુભાઈ લાખાણીના સુપુત્ર પૂ.સત્યેનભાઈ. પૂ.સંતોકબેન રાડિયાના દીકરી પુષ્પાબેનને પહેલેથી જ સત્સંગ તેથી પ્રભુ પ્રાપ્તિ થતાં વાર ન લાગી. સત્યેનભાઈ પણ એવા પૂર્વના જ અક્ષરમુક્ત હતા. પ.પૂ.બેનની કૃપાદ્રષ્ટિવાળુ સમર્પિત કુટુંબ. ગુરુહરિ પપ્પાજીમહારાજ અને બેનનું વચન એ જ એમનું જીવન હતું. તો એમના સંતાનોને પણ સેવા, ભક્તિ ને માહાત્મ્યનો વારસો આપ્યો. ધર્મપત્ની પૂ.સ્મૃતિબેનને

પણ નિષ્ઠા. સત્યેનભાઈ ગુરુહરિ અને ગુરુને રાજી કરવા જીવન જીવ્યા ને ગુણાતીત સ્વરૂપોની પ્રસન્નતા મેળવી. ધૂન, ભજન કરી, અખંડ પ્રભુમય રહી, જીવન જીવીને આત્માના પુણ્યની કમાણી કરી લીધી. ને સંતાનોને પણ ભક્તિનો વારસો આપ્યો.

ગુરુહરિ પપ્પાજીમહારાજ સર્વે કુટુંબીજનોને ખૂબ બળ આપે એ જ પ્રાર્થના.

**★ કોલકીના પરમ ભક્ત પૂ.વાલીબા ચનિયારા તા.૨૨.૧૧.૨૦૨૫ના અક્ષરનિવાસી થયાં છે.**

૧૯૭૮ની સાલમાં પ.પૂ.અક્ષરવિહારીસ્વામીજી કોલકી વિચરણમાં જતા તે વખતે વાલીબાના પતિ પૂ.મહિદાસભાઈને જોગ થયો. ત્યારથી તેમના ઘરે સંતો ઉતારો કરતા. ત્યારબાદ પ.પૂ.બેન તે બાજુ વિચરણમાં જતાં તે વખતે વાલીબાને સંબંધ થયો ને ગુરુપદે સ્વીકાર્યા. વાલીબા અવારનવાર સમૈયાનો લાભ લેવા માટે સવિતાબેન રાજકોટિયા સાથે વિદ્યાનગર આવતા. સેવા પણ ખૂબ કરતા. ઘરે જઈને દીકરા-વહુને પણ સ્મૃતિ કરાવતા. વાલીબાને મહાપૂજામાં ખૂબ શ્રદ્ધા. કંઈપણ મુશ્કેલી આવે તો ૧૮૦૦૦ માળા કરવાનો નિયમ લઈ મહાપૂજા માનતા. કદી કોઈ સાથે વાદવિવાદ કરતા નહીં. કોલકીમાં સવિતાબેન જે જે સભા કરતા તે બધામાં વાલીબેનની હાજરી હોય જ. સવિતાબેનને પોતાની દીકરીની જેમ સાચવતા.



આવા દિવ્ય માવતરને કોટિ કોટિ નમન અને પ્રણામ. તેમના આત્માને ગુરુહરિ પપ્પાજીમહારાજ ખૂબ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**★ પૂનાના પૂ.નિલેશભાઈ ઈસલાણિયા તા.૨૨.૧૧.૨૦૨૫ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.નલિનીબેન, પૂ.ભગવાનજીભાઈના દીકરી પૂ.રીનાબેન સાથે લગ્ન થયા ને પૂ.નિલેશભાઈને સત્સંગનો જોગ થયો. ગુરુહરિ પપ્પાજીમહારાજ અને પ.પૂ.જ્યોતિબેનની દ્રઢ નિષ્ઠા થઈ. તેમની આજ્ઞા મુજબ જીવન જીવવા તત્પર રહ્યા. નિલેશભાઈની રાંક પ્રકૃતિ અને સાદું ભક્તિમય જીવન હતું. નિર્દોષબુદ્ધિનો જીવનમંત્ર નજર સામે રાખી જીવનમાં યત્નશીલ રહ્યા હતા. ખૂબ ગરજુ બનીને 'આવા બહેનોની સેવા ક્યાંથી!' એવા માહાત્મ્યથી સેવા કરી. તેમાં પોતાની નોકરી કે ઘર આડા આવ્યા નથી.




પ.પૂ.જ્યોતિબેને સિંચન કર્યું હતું કે જે સેન્ટર પર જે સ્વરૂપ આવે તેને રાજી કરી લ્યો. તેમાં અમારો રાજીપો આવી ગયો. એ આજ્ઞા શિરોમાન્ય કરી જીવવા પ્રયત્ન કર્યો. ઈ.સ.૨૦૧૯માં સો બહેનોને તેઓના ઘરે ખૂબ ભાવથી જમાડવાની સેવા કરી. તેઓના ઘરે સંત બહેનો, ભાઈઓ, સંતો કે સત્સંગીઓ પધારે તો પ્રભુના અહોહોભાવે આવકારી ભાવથી જમાડતા. સાથે સાથે તેઓનો સ્મૃતિલાભ લેતા. આમ પોતાનાથી બની આવતી સેવા કરીને સ્વરૂપોનો રાજીપો પ્રાપ્ત કરી પુણ્યની કમાણી કરી. પૂ.રીનાબેન અને પુત્રી પૂ.પ્રાચીબેન પણ એવું જ સત્સંગમય જીવન જીવે છે.

ધન્ય છે પૂ.નિલેશભાઈને કે ૫૦ વર્ષની આયુમાં જીવન જીવી જાણ્યું. તેઓને અંતરના ભાવે અંજલિ અર્પણ કરીએ છીએ.

**★ યુ.કે.ના પૂ.રમણીકભાઈ લાડવા તા.૨૩.૧૧.૨૦૨૫ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.રમણીકભાઈ ખૂબ બુદ્ધિશાળી વ્યક્તિ. જેમણે ઘણાં વર્ષો બ્રિટીશ એરફોર્સમાં સેવા આપી હતી. વિશ્વના ઘણા વિસ્તારોમાં પ્રવાસ અને કાર્ય કર્યું હતું. રમણીકભાઈ અને સંતોષીબેન નોર્ધમ્પટનમાં સ્થાયી થયા. પ.પૂ.બેનના માર્ગદર્શન, પ્રાર્થના ને સંકલ્પથી રમણીકભાઈની ગુરુહરિ પપ્પાજીમહારાજ પ્રત્યેની નિષ્ઠા, શ્રદ્ધા ને ભક્તિ અડગ ને અચળ બની.



તેઓ હંમેશા સકારાત્મક રહી પરિવાર, મિત્રો અને ગુણાતીત સમાજના સભ્યોને ટેકો આપતા. નિષ્ઠાનો મજબૂત પાયાનો વારસો પોતાના બાળકો પૂ.જેસલ અને પૂ.સોનલ, પૂ.સીમા, પૂ.દિવ્યેશ અને આશાને પણ આપ્યો જેઓ ગુણાતીત સમાજ અને જ્યોતની સેવા કરી રહ્યા છે.

શ્રીજીમહારાજ, ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ.પૂ.બેન અને સ્વરૂપો તેમના સમગ્ર કુટુંબને અચાનક આવી પડેલ દુઃખદ પ્રસંગે પરિસ્થિતિનો સામનો કરવાની ખૂબ શક્તિ અને બળ આપે એ જ પ્રાર્થના.

**★ મહાપ્રસાદીના ગાના ગામના પૂ.હસમુખભાઈ મણીભાઈ પટેલ જેઓ મંગાભાઈના હુલામણા નામથી ઓળખાય છે તેવા મહા મુક્તરાજ તા.૨૪.૧૧.૨૦૨૫ના અક્ષરનિવાસી થયા છે.**




પપ્પાજી તીર્થ જ્યારથી અસ્તિત્વમાં આવ્યું ત્યારથી તેઓનો સંબંધ ગુરુહરિ પપ્પાજીમહારાજ, સંતો, સંત બહેનો અને વ્રતધારી ભાઈઓ સાથે માહાત્મ્યભર્યો રહ્યો. બહેનોની પડખે ઊભા રહ્યા. પૂ.આચાર્યસ્વામીનો પડ્યો બોલ ઝીલતા. સંતોને માટે સદાય હાજર, જરૂરિયાતે ઢાલ બનીને રહ્યા. ખૂબ પરોપકારી, દયાભાવ, પ્રેમભાવ, પરગજુ, સદાય સેવા માટે તત્પર. ક્યારેય મોઢામાંથી ના ન બોલે. માત્ર રજૂઆતની જ જરૂરિયાત. કહ્યું એટલું થયું. જવાબમાં એક જ વાત 'તમે ચિંતા ના કરશો. બધું જ થઈ જશે.' તો પપ્પાજી તીર્થના પ્રત્યેક સમૈયામાં મિત્રો પાસે પણ જમીન, ખેતરો અપાવ્યા ને તે સમયે પાક ના લેવો તેવું સૂચન કર્યું. ધન્ય છે તેમની સેવાભાવનાને ! આ સેવાના પ્રતાપે ગુરુહરિ પપ્પાજીમહારાજ, સ્વરૂપોની પ્રસન્નતા પામ્યા. અતિવૃષ્ટિમાં પાણી ભરાયા હોય ને પપ્પાજી તીર્થના સંતો શું કરશે એવી ફિકર તેઓને થતી અને ઘરવાળાને તેઓ માટે રસોઈ બનાવવાનું કહેતા. પોતે ટીફિન લઈ જમાડવા જતા. ગામમાં જરૂરિયાતમંદ કોઈપણ હોય તેને મદદ કરી જ રહેતા. પદયાત્રીઓ જ્યારે ગામમાંથી પસાર થતાં ત્યારે તેમનો વિસામો અને ભોજન-પાણીની વ્યવસ્થા કરતા. આમ મદદરૂપ થઈ પુણ્યની કમાણી કરતા. આ સર્વ સેવામાં પરિવારના દરેક સભ્યો ખૂબ દિલથી સાથ આપે.

પ.પૂ.જસુબાએ તેમના પરિવારમાં ખૂબ જ વિશિષ્ટ સ્થાન ધરાવ્યું છે. તેમના સિંચન મુજબ કોઈપણની સેવા આવે તો માહાત્મ્યથી નિષ્કામભાવે કરી લેતા.

તેઓ પોતાનો સેવાભક્તિ અને માહાત્મ્યનો વારસો તેમના ધર્મપત્ની ગૌરાંગીબેન, પુત્રી પ્રિના, જમાઈ નેહલભાઈ, સેવાભાવી સમજુ પુત્ર કીર્તન અને અનુજ ભાઈ કીરીટભાઈના પરિવાર મીતાભાભી ને પાર્થને આપતા ગયા છે. નિસ્વાર્થ સેવાભાવી પૂ.મંગાભાઈને અમારા શત શત વંદન અને સમગ્ર પરિવાર, મિત્રમંડળ અને ગ્રામજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ પ્રભુ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

**★ આણંદ નિવાસી પૂ.રમણભાઈ ગાંધી તા.૫.૧૨.૨૦૨૫ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.રમણભાઈએ B.Com., L.L.B.નો અભ્યાસ કરી ગુજરાત મશીનરી (GMM)માં ચીફ



એકાઉન્ટન્ટ તરીકેની પોસ્ટ ખૂબ જવાબદારી અને પ્રમાણિકતાથી સંભાળી. તેઓના ધર્મપત્ની પૂ.મધુબેન પ.પૂ.દેવીબેનને ગુરુપદે રાખી સત્સંગમાં ખૂબ ઓતપ્રોત થઈને જીવે છે. બે પુત્રો પૂ.મુકેશભાઈ અને પૂ.હિતેશભાઈ તથા એક પુત્રી પૂ.પ્રીતિબેન છે. પ્રીતિબેન તથા જમાઈ પૂ.વિજયભાઈ અને પુત્ર પૂ.પાવનભાઈ યુ.કે.માં સ્થિત છે. તેમના ગુરુપદે પ.પૂ.હંસાદીદી છે. ત્રણેય મુક્તો ગુરુહરિ પપ્પાજીમહારાજ અને ગુણાતીત જ્યોતની દ્રઢ નિષ્ઠા રાખી જીવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ, ગુરુહરિ પપ્પાજીમહારાજ અને સર્વે સદ્‌ગુરુ સ્વરૂપો સમગ્ર કુટુંબને ખૂબ બળ આપે એવી પ્રાર્થના.

## તા.૧૫.૧૧.૨૦૨૫ – પ.પૂ.દયાબેનના જીવનદર્શન પર સાંસ્કૃતિક કાર્યક્રમ 'બ્રાહ્મીશક્તિનો ચમત્કાર'...


























બ્રાહ્મીશક્તિનો ચમત્કાર























બ્રાહ્મીશક્તિનો ચમત્કાર





## તા.૧૬.૧૧.૨૦૨૫ – પ.પૂ.દયાબેનનો ૮૦મો પ્રાગટ્યદિન અને હીરક સ્વરૂપદર્શન દિન 'પરમ સંનિધિ પર્વ'ની ઉજવણી...















સ્વાગતવંદના...























અનાવરણ અને ભાવાર્પણ...







ભાવાર્પણ અને મહિમાવંદના...

## તા.૨૩.૧૧.૨૦૨૫ – ગુરુહરિ પપ્પાજી સ્વરૂપ પ.પૂ.દેવીબેનના 'બ્રહ્માનંદી તેજ પર્વ' ૯૦મા પ્રાગટ્ય પ્રારંભની ઉજવણી...





સ્તુતિવંદના અને ભાવ પુષ્પાર્પણ ...















ગરિમાવંદના અને ભાવાર્પણ ...









|| સ્વામિશ્રીજી || || જય પપ્પાજી ||



# હાર્દિક નિમંત્રણ

હે વહાલા અક્ષરમુક્તો ! આવો, પધારો...
ગુરુહરિ પપ્પાજીમહારાજના યુગકાર્યની વાટ ખોલનાર
**પ.પૂ.તારાબેનના 'પરમ આતમ પર્વ'**માં આપને સ્વાગતીએ છીએ...
જેમના પળેપળના જીવનમાં સ્થિતપ્રજ્ઞતા, ધૈર્યતા, ગહનતા, સાધુતા,
અચળ સ્વરૂપનિષ્ઠા જેવા ગુણને આપણે માણ્યા છે, જાણ્યા છે...
સ્મૃતિથી આપણે સહુ ભીંજાયા છીએ.
તો **પરમ આતમ પર્વે** એમના સંકલ્પની અજોડ શક્તિને માણવા,
એમણે કરેલા અનંત ઉપકારોનું યત્‌કિંચિત ઋણ અદા કરવા તથા
સ્વરૂપોના આશિષ પામવા પધારો...

## ગુણાતીત સ્વરૂપ પરમ પૂજ્ય તારાબેનના
## પરમ આતમ પર્વ
## ૯૫મા પ્રાગટ્ય પર્વને ઉજવવા..

**તા.૨૭મી ડિસેમ્બર ૨૦૨૫, શનિવાર**
સાંજે ૪:૩૦ થી ૭:૦૦
ભાવાર્પણ અને માહાત્મ્યગાનની સભા

**તા.૨૮મી ડિસેમ્બર ૨૦૨૫, રવિવાર**
સવારે ૯:૩૦ થી ૧૨:૩૦
મુખ્ય સભા

સ્થળ : પપ્પાજી હૉલ, ગુણાતીત જ્યોત, વિદ્યાનગર

સભા સમાપન બાદ મહાપ્રસાદ

લાઈવ દર્શન : www.gunatitjyot.org

To,

**RNI NEW DELHI NO : 20485/71**
**PO REGD NO : G-AND-336/2025-27**
**Lic Valid Upto: 31.12.2027**
**DATE OF PUBLICATION :**
**21st of every month**
**DATE OF POSTING :**
**21st of every month**
**PLACE OF PUBLICATION (POSTED AT)**
**Vallabh Vidyanagar MDG 388120**



## જીવનમંત્ર

હે મહારાજ ! હે પપ્પાજી !
સામે આવનારને જીવનમુક્ત માની,
દિવ્યભાવ પકડી રાખી,
સ્વધર્મયુક્ત સેવા કરી લેવાની
જાગ્રતતા અને જાણપણું રહે
તેવું બળ મળે તે માટે ત્રણ મિનિટ
જપયજ્ઞ કરું છું.




નિમિત્ત બની કાર્ય કરી પાછા મૂર્તિરૂપી માળામાં,
માન અપમાન જશ અપજશમાં
સહજ હું, સહજ સરલ સ્મિત કરું,
અખંડ અંતરમાં રહી, અમારી રક્ષા કરજે તું,
નિર્દોષબુધ્ધિના અમૃત પાનને,
જીવનમાં (૨) પચાવું હું
સ્વામિનારાયણ (૩) વિનવું હું....(૨)
ઉગતી પ્રભાએ કાર્ય પ્રારંભમાં, સહાય કરો એવું ઈચ્છું છું
સર્વ કાર્યમાં એક જ હેતુ,
રાજી થાયે (૨) એક જ તું....

## શાશ્વત પપ્પાજીની પ્રેરણા

ડિસેમ્બર-૨૦૨૫ની આજ્ઞા...



**Diabetes Screening camp**





Editor, Proprietor, Publisher : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Gujarat, India
Phone : 9998475765, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@guntitjyot.org
Printer & Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India